વર્ષ : 3 અંક : 14

# ન્યૂ ઈન્ડિયા સમાચાર

16-31 જાન્યુઆરી, 2023 (નિઃશુલ્ક)



भारत 2023 INDIA

# વસુધૈવ કુટુમ્બકમ્

એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્યની ભાવનાથી ભરેલું નવું ભારત દુનિયાને નવો માર્ગ ચિંધી રહ્યું છે, જે સશક્ત, સક્ષમ, સમર્થ અને આત્મનિર્ભરતાની ભાવનાથી ઓતપ્રોત છે. હવે નવા ભારતને મળી ગઈ છે G-20ની અધ્યક્ષતા, જે ભારત પ્રત્યે દુનિયાના વિશ્વાસનું પ્રતીક છે...

# "2022 સફળતાનું વર્ષ, દેશે નવી ગતિ પકડી"



**અતીતનું અવલોકન આપણને હંમેશા વર્તમાન અને ભવિષ્યની તૈયારીઓ કરવા માટે પ્રેરણા આપે છે. 2022નું વર્ષ ખરેખર અનેક રીતે ખૂબ જ પ્રેરણાદાયક અને અદ્ભુત રહ્યું છે. આ વર્ષે દેશને નવી ગતિ મળી અને તમામ દેશવાસીઓએ એક કરતાં વધુ કામ કર્યાં છે. 2022માં મળેલી વિવિધ સફળતાઓએ આજે સમગ્ર વિશ્વમાં ભારત માટે એક વિશેષ સ્થાન બનાવ્યું છે. 25 ડિસેમ્બર 2022 ના રોજ વર્ષની છેલ્લી 'મન કી બાત'ના વૃતાંતમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત સમગ્ર વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યું, કોવિડ સામે રક્ષણના 220 કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા અને 400 અબજ ડૉલરની નિકાસના આંકડાને સ્પર્શ કર્યો તે સહિતની સિદ્ધિઓ પર પ્રકાશ પાડ્યો હતો. પ્રસ્તૂત છે 'મન કી બાત' ના અંશો...**

- **G-20ના ઉત્સાહને નવી ઊંચાઈએ લઈ જવાનો છેઃ** આ વર્ષે ભારતને G-20 સમૂહના પ્રમુખપદની જવાબદારી પણ સંભાળી છે. વર્ષ 2023માં આપણે G-20ના ઉત્સાહને નવી ઊંચાઈ પર લઈ જવાનો છે, આ આયોજનને એક જન આંદોલન બનાવવાનું છે.
- **કાલાઝાર મુક્ત ભારતની ઈચ્છાઃ** સૌના પ્રયાસોથી, 'કાલાઝાર' બીમારી હવે ઝડપથી નાબૂદ થઈ રહી છે. થોડા સમય પહેલાં સુધી, તેનો પ્રકોપ 4 રાજ્યોના 50 થી વધુ જિલ્લાઓમાં ફેલાયેલો હતો. પરંતુ હવે આ બીમારી બિહાર અને ઝારખંડના માત્ર 4 જિલ્લા સુધી સિમિત રહી ગઈ છે. આપણે ભારતમાંથી શીતળા, પોલિયો અને 'ગિની વોર્મ' જેવા રોગોને નાબૂદ કરી બતાવ્યા છે.
- **2025 સુધીમાં ટી.બી મુક્ત ભારતઃ** દરેકના પ્રયાસની ભાવના સાથે, આપણે 2025 સુધીમાં ભારતને ટીબી મુક્ત બનાવવા માટે પણ કામ ચાલી રહ્યું છે. તમે જોયું જ હશે કે ભૂતકાળમાં જ્યારે ટી.બી. મુક્ત ભારત અભિયાન શરૂ કરવામાં આવ્યું ત્યારે હજારો લોકોને ટી.બી.ના દર્દીઓની મદદ કરવા માટે આગળ આવ્યા હતા.
- **યોગ-આયુર્વેદ કસોટીમાં ખરા ઉતર્યાઃ** આપણે કોરોનાની વૈશ્વિક મહામારી દરમિયાન યોગ અને આયુર્વેદની તાકાત જોઈ છે. આમાં મહત્વના પુરાવા આધારિત સંશોધન અંગે, હું વિનંતી કરું છું કે જો તમારી પાસે આપણી પરંપરાગત તબીબી પદ્ધતિઓને લગતી કોઈ માહિતી હોય, તો તેને સોશિયલ મીડિયા પર ચોક્કસપણે શેર કરો.
- **નમામિ ગંગે અભિયાનઃ** માતા ગંગાને સ્વચ્છ રાખવાના ઉદ્દેશ્ય સાથે આપણે 8 વર્ષ પહેલાં 'નમામિ ગંગે મિશન' શરૂ કર્યું હતું. સંયુક્ત રાષ્ટ્રએ ઈકોસિસ્ટમને પુનઃસ્થાપિત કરવા માટે વિશ્વના ટોપ-10 કાર્યક્રમોમાં 'નમામિ ગંગે' મિશનને સામેલ કર્યું છે. આ મિશનની સૌથી મોટી તાકાત નિરંતર લોકભાગીદારી છે જેમાં ગંગા પ્રહરીઓ અને ગંગા દૂતોની ભૂમિકા ઘણી મોટી છે.
- **સ્વચ્છ ભારત મિશનઃ** 'સ્વચ્છ ભારત મિશન' આજે દરેક ભારતીયના મનમાં વસી ગયું છે. વર્ષ 2014માં શરૂ કરવામાં આવેલા આ જન આંદોલનમાં અનેક અનોખા પ્રયાસો કરવામાં આવ્યા છે અને આ પ્રયાસો માત્ર સમાજની અંદર જ નહીં પરંતુ સરકારની અંદર પણ થઈ રહ્યા છે.
- **'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવનાનો ફેલાવોઃ** વર્ષ 2022 હંમેશા અન્ય કારણોસર યાદ કરવામાં આવશે. આ કારણ છે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવનાનું વિસ્તરણ. દેશના લોકોએ પણ એકતા અને એકજૂથતાની ઉજવણી માટે ઘણા અદ્ભુત કાર્યક્રમોનું આયોજન કર્યું હતું.

સંપૂર્ણ 'મન કી બાત' સાંભળવા માટે QR કોડ સ્કૅન કરો

न्यू ईन्डिया
# સમાચાર

વર્ષ 3, અંકઃ 14 | 16-31 જાન્યુઆરી, 2023

**મુખ્ય સંપાદક**
**સત્યેન્દ્ર પ્રકાશ,**
મુખ્ય મહાનિદેશક, પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ પરામર્શ સંપાદક
**સંતોષ કુમાર**

સહાયક પરામર્શ સંપાદક
**અખિલેશ કુમાર**
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમિત કુમાર (અંગ્રેજી)**
**જય પ્રકાશ ગુપ્તા (અંગ્રેજી)**
**નદીમ અહેમદ (ઉર્દૂ)**
**પૉલમી રક્ષિત (બંગાળી)**

સિનિયર ડિઝાઈનર
**શ્યામ શંકર તિવારી**
**રવિન્દ્ર કુમાર શર્મા**

ડિઝાઈનર
**અભય ગુપ્તા**




13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરોઃ
https://newindiasamachar.pib.gov.in/news.aspx

ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો
https://newindiasamachar.pib.gov.in/archive.aspx

**'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરોઃ- @NISPIBIndia**

## અંદરના પાને....

# G-20ની અધ્યક્ષતા : આત્મનિર્ભર ભારતની વૈશ્વિક ઓળખ




**કવર સ્ટોરી** | ભારત હવે G-20નું અધ્યક્ષ છે. 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવનાથી ભરેલા ભારતની પ્રતિષ્ઠા અને ધાક બંને વધી રહ્યાં છે. દેશના પ્રત્યેક નાગરિક ભારતની વૈશ્વિક સિદ્ધિ પર આજે ગૌરવ અનુભવી રહ્યાં છે | 14-31

## સ્વતંત્રતાના સંગ્રામમાં પ્રેરણા, વિચાર અને સંકલ્પોથી નવી ઊર્જાનો સંચાર



આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત આ વખતે વાંચો એવા નાયકોની ગાથા જેમના વિચાર, સમર્પણ, સંકલ્પોએ આઝાદીના આંદોલનમાં નવી ઊર્જાનો સંચાર કર્યો | 41-44


**સમાચાર સાર** | 4-5

**MGR- તમિલ ફિલ્મો અને રાજનીતિના મહાનાયક**
વ્યક્તિત્વમાં આ વખતે ભારતરત્ન MGR વિશે વાંચો | 6

**પૂર્વોત્તર બની રહ્યું છે વિકાસનો કોરિડોર**
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પૂર્વોત્તર પ્રદેશની તેમની મુલાકાત વખતે વિકાસની ભેટ આપી | 7-9

**શૌર્યની પરાકાષ્ઠામાં ઉંમરનું કોઈ બંધન નથી હોતું**
પ્રથમ વીર બાળક દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું સંબોધન | 10-11

**દીકરીઓના મહત્વ વિશે માનસિકતા બદલી નાંખતી યોજના**
બેટી બચાઓ- બેટી પઢાઓ યોજનાની સફળતાના 8 વર્ષ | 12-13

**સ્ટાર્ટઅપ - યુનિકોર્ન નવા ભારતના આધારસ્તંભ બની રહ્યાં છે**
સ્ટાર્ટઅપ ઈન્ડિયા યોજનાની સફળતાના 7 વર્ષ | 32-33

**સિદ્ધિઓ - ભવિષ્ય પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવતું કેલેન્ડર**
નવા વર્ષમાં નવા સંકલ્પો સાથે ભારત સરકારનું સત્તાવાર કેલેન્ડર પ્રકાશિત કરાયું | 34-35

**કોવિડનો હજી ખાતમો નથી થયો**
કોવિડ સામે જંગમાં આગળ વધતું ભારત | 36-38

**દેશ સેવામાં અટકીશું નહીં, રાષ્ટ્ર નિર્માણ માટે દરરોજ, દરેક પળ**
પ્રધાનમંત્રીએ પશ્ચિમ બંગાળને રૂપિયા 6,800 કરોડની ભેટ આપી | 39-40



પ્રકાશક અને મુદ્રક - મનીષ દેસાઈ, મહાનિદેશક, કેન્દ્રીય સંચાર બ્યૂરો મુદ્રણઃ ઈન્ફિનિટી એડવર્ટાઈઝિંગ સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ, FBD વન કોર્પોરેટ પાર્ક, 10મો માળ, નવી દિલ્હી - ફરીદાબાદ બોર્ડર, NH-1, ફરીદાબાદ- 121003 | પત્રવ્યવહાર અને ઈમેઈલ એડ્રેસઃ રૂમ નં - 278, કેન્દ્રીય સંચાર બ્યૂરો, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી - 110003 | ઈ-મેઈલ - response-nis@pib.gov.in RNI નંબર DELGUJ/2020/78810

# સંપાદકની કલમે

## G-20ની અધ્યક્ષતા : 130 કરોડ ભારતીયોની શક્તિ અને સામર્થ્યનું પ્રતિનિધિત્વ

સાદર નમસ્કાર!

"વસુધૈવ કુટુંબકમ્"ના વિચાર સાથે, ભારતે G-20ના અધ્યક્ષ તરીકે કામ કરવાનું શરૂ કરી દીધું છે. ભારત આ અવસરને પોતાના માટે એક નવી જવાબદારી અને પોતાના પ્રત્યે દુનિયાના વધી રહેલા વિશ્વાસ તરીકે જુએ છે. આજે નવા આલોકમાં ભારતનો અભ્યાસ થઈ રહ્યો છે. ભારતની વર્તમાન સફળતાઓનું મૂલ્યાંકન કરવાની સાથે સાથે, ભવિષ્ય માટે આશાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં, આ આશાઓ અને અપેક્ષાઓ કરતાં ઘણું સારું બતાવવાની જવાબદારી આપણા સૌ દેશવાસીઓની છે.

આજે, જ્યારે ભારત G-20ની અધ્યક્ષતા કરી રહ્યું છે, ત્યારે આ આયોજન આપણા માટે 130 કરોડ ભારતીયોની શક્તિ અને સામર્થ્યનું પ્રતિનિધિત્વ કરે છે. આવી સ્થિતિમાં, 1 ડિસેમ્બર, 2022 થી 30 નવેમ્બર, 2023 સુધી G-20 નું અધ્યક્ષપદ સંભાળનાર ભારત પાસે 'એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય'ની ભાવનાને સાકાર કરવાની તક છે. ભારત તેને 'પીપલ્સ G-20' બનાવવા માંગે છે, આથી દુનિયાની સાથે સાથે તે 200થી વધુ સ્થળોએ જનભાગીદારી સાથે રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમોનું આયોજન કરી રહ્યું છે. કેન્દ્ર સરકાર આમાં દેશના દરેક લોકોને પ્રેરિત કરી રહી છે જેથી કરીને વિશ્વના કલ્યાણ માટે ભારત પોતાની ભૂમિકા વધારી શકે. આ અવસર પર ભારત આંતરરાષ્ટ્રીય મુદ્દાઓને ઉકેલવામાં પોતાનું નેતૃત્વ કેવી રીતે આપશે અને સાથે જ, ભારત કેવી રીતે તેની પરંપરા, સંસ્કૃતિ, વારસો અને મહત્વપૂર્ણ સિદ્ધિઓને વિશ્વની સમક્ષ રજૂ કરશે અને તેને ભારતીયતાના રંગથી રંગશે તેની તૈયારીઓ કરી રહ્યું છે. આ ઉપરાંત, ભારતના નેતૃત્વમાં G-20નું મહત્વ, કાર્યશૈલી અને ભાવિ દશા-દિશા જ આપણા આ વખતના અંકની કવર સ્ટોરી બની છે. વ્યક્તિત્વના એપિસોડમાં, આ વખતે ભારતરત્ન તમિલનાડુના ભૂતપૂર્વ મુખ્યમંત્રી એમ.જી. રામચંદ્રનને 17 જાન્યુઆરીએ તેમની જન્મજયંતિ નિમિત્તે યાદ કરવામાં આવ્યા છે. આ અંકમાં બેટી બચાવો, બેટી પઢાવો યોજના તરીકે રાષ્ટ્રીય બાળક દિવસના સંદર્ભમાં વિશેષ સામગ્રી પીરસી છે. G-20માં ભારત તરફથી સ્ટાર્ટઅપનો વિષય પણ ઉમેરવામાં આવ્યો છે, તેથી સ્ટાર્ટઅપ ઈન્ડિયાના ક્ષેત્રમાં પ્રગતિનો પણ આ અંકમાં વિશેષ સમાવેશ કરવામાં આવ્યો છે.


વૈશ્વિક સ્તરે કોવિડ-19ના વધતા જતા કેસો વચ્ચે દેશમાં સતર્કતા અને પૂર્વતૈયારીઓ, અમૃત મહોત્સવની શ્રેણીમાં મહાન નાયકોની પ્રેરક ગાથા, પ્રથમ 'વીર બાલક દિવસ', પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા પૂર્વોત્તર, પશ્ચિમ બંગાળ સહિત રાષ્ટ્રને સમર્પિત વિકાસની પરિયોજનાઓ અને કાર્યક્રમોને પણ આ અંકમાં સમાવી લેવામાં આવ્યા છે. આ ઉપરાંત, 25મી જાન્યુઆરીએ રાષ્ટ્રીય પર્યટન દિવસના સંદર્ભમાં G-20ને ધ્યાનમાં રાખીને 2023 માટે એક ખાસ થીમ નક્કી કરવામાં આવી છે, જેને બેક કવર તરીકે સામેલ કરવામાં આવી છે.

**આપના સૂચનો અમને મોકલતા રહો.**

હિંદી, અંગ્રેજી તેમજ અન્ય 11 ભાષામાં ઉપલબ્ધ પત્રિકા વાંચો/ ડાઉનલોડ કરો.
https://newindiasamachar.pib.gov.in/news.aspx

(સત્યેન્દ્ર પ્રકાશ)

# આપની વાત...




### કવર પેજ પર પર્યાવરણની સુંદર તસવીર ખૂબ જ ગમી

ન્યૂ ઈન્ડિયા સમાચારનો 1-15 ડિસેમ્બર 2022નો અંક વાંચ્યો. આ અંકના કવર પેજ પર પર્યાવરણની સુંદર તસવીર હતી જે ખૂબ જ પસંદ પડી હતી. એવું લાગતું હતું કે, આ અંકમાં પહેલાં શું વાંચવું અને પછી શું વાંચવું. 'મિશન લાઈફ' પરના તંત્રી લેખની સાથે, ભારતને મળેલી G-20ની અધ્યક્ષતા અંગે પ્રકાશિત થયેલો લેખ મને ખૂબ ગમ્યો. મને 'મિશન લાઈફનો મંત્ર વૈશ્વિક જન ચળવળ બની રહ્યો છે' શીર્ષક સાથે પ્રકાશિત થયેલી કવર સ્ટોરી પણ ગમી.

સ્વપ્નિલ એ. કુલકર્ણી

swapnilkulkarni2006@rediffmail.com

### વાર્તાનું પુસ્તક વાંચવા જેવો આનંદ મળે છે

ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિન વાંચવામાં મને ખરેખર ખૂબ આનંદ આવે છે. હું આગામી અંકની આતુરતાથી રાહ જોઉં છું. સાંપ્રત બાબતો પર આધારિત આ ઉત્તમ મેગેઝિન બદલ આભાર, જે સરકાર વિનામૂલ્યે આપી રહી છે. આ વાંચતી વખતે જાણે વાર્તાનું પુસ્તક વાંચતા હોઈએ તેવો આનંદ થાય છે.

pyarejnr@gmail.com

### પ્રકાશન ખૂબ જ સુંદર અને ઉચ્ચ ગુણવત્તાનું છે

મને હંમેશા ન્યૂ ઈન્ડિયા સમાચાર પાક્ષિક મેગેઝિનનો દરેક અંક મળે છે. મને ખૂબ જ આનંદ છે કે તમે ભૂલ્યા વિના અમને આ મેગેઝિન મોકલો છો. તેનું પ્રકાશન ખૂબ જ સુંદર અને ઉચ્ચ ગુણવત્તાવાળું છે. લેખો અને સમાચારો વાંચવા યોગ્ય છે.

ગૌરવ નામદેવ શેલાર

spatrakarassociation@gmail.com

### ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિન કંઈક અલગ જ છે

દિલ્હી પરત ફરતી વખતે, ન્યૂ ઈન્ડિયા સમાચારનો હિન્દી અંક પુડુચેરી હવાઈમથક પર જોવા મળ્યો. મને જાણીને ખૂબ જ આનંદ થયો કે, તે ઉર્દૂ સહિત 13 ભાષાઓમાં ઉપલબ્ધ છે. આવી જગ્યાએ હિન્દીમાં કોઈ મેગેઝિન વાંચવા મળે તો જે આનંદ મળે તે સમજી શકાય છે. તે સરકારી ક્ષેત્રના મેગેઝિનોથી અલગ જ છે, તેની પ્રિન્ટિંગ અને ડિઝાઈન સુંદર છે.

તહસીન મુનવ્વર munawermedia@gmail.com

### ન્યૂ ઈન્ડિયા સમાચાર ખૂબ જ જ્ઞાનવર્ધક મેગેઝિન છે

ન્યૂ ઈન્ડિયા સમાચાર ખૂબ જ જ્ઞાનવર્ધક માહિતી આપતું મેગેઝિન છે જે ભારત સરકાર દ્વારા કરવામાં આવતી વિકાસલક્ષી પ્રવૃત્તિઓ અને યોજનાઓ વિશે રસપ્રદ માહિતી પૂરી પાડે છે. સંપાદકીય ટીમને શુભેચ્છાઓ અને આશા છે કે, આવનારા સમયમાં પણ આવાજ ચિત્રો સાથે માહિતી પ્રદાન કરવાનું ચાલુ રહેશે. laxmandayatar@yahoo.in

### ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિન જ્ઞાનનો સ્રોત બની રહ્યું છે

ન્યૂ ઈન્ડિયા સમાચાર જ્ઞાનનો અદ્ભુત સ્રોત બની રહ્યું છે. 16-31 ડિસેમ્બરના અંકમાં પ્રકાશિત આત્મનિર્ભર ભારતની સિદ્ધિઓ વાંચીને આનંદ થયો. કર્મયોગી બનવાનો યુગ શરૂ થઈ ગયો છે, જે યુવાનોને સશક્ત બનવાની પ્રેરણા આપશે.

શંકર પ્રસાદ sprasadg1@gmail.com

**અમને ફોલો કરો @NISPIBIndia**

**પત્રવ્યવહાર અને ઈમેઈલનું સરનામું: રૂમ નંબર - 278, કેન્દ્રીય સંચાર બ્યૂરો, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી - 110003 ઈમેઈલ - response-nis@pib.gov.in**

# હવે NCERT પુસ્તકોમાં ભગવદ્ ગીતાના શ્લોકો સામેલ થશે

કેન્દ્ર સરકારે લોકસભામાં જણાવ્યું છે કે, રાષ્ટ્રીય શિક્ષણ સંશોધન અને તાલીમ પરિષદ (NCERT)ના ધોરણ 11 અને ધોરણ 12 સુધીના સંસ્કૃતના પાઠ્યપુસ્તકોમાં શ્રીમદ ભગવદ્ ગીતાના શ્લોકો અને વેદોના જ્ઞાનનો સમાવેશ થવો જોઈએ. આ ઉપરાંત, ધોરણ 6 અને 7 ના NCERT પુસ્તકોમાં ભગવદ્ ગીતાના સંદર્ભોનો સમાવેશ કરવો જોઈએ. એવું પણ કહેવામાં આવ્યું છે કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિના પરિચ્છેદ 4.27માં ભારતીય પરંપરાગત જ્ઞાનનો ઉલ્લેખ છે જે ટકાઉ છે અને સામાન્ય માણસના કલ્યાણ માટે પ્રયત્નશીલ છે.

શિક્ષણ રાજ્ય મંત્રી અન્નપૂર્ણા દેવીએ એક લેખિત કમ્યુનિકેશનમાં જણાવ્યું હતું કે, મંત્રાલયે આંતર-વિષય અને આંતર-શાખીય સંશોધનને પ્રોત્સાહન આપવા માટે 2020માં અખિલ ભારતીય ટેકનિકલ શિક્ષણ પરિષદ (AICT)માં ભારતીય જ્ઞાન પ્રણાલી (IKS) વિભાગની સ્થાપના કરી હતી. NCERT એ રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (NCF) તૈયાર કરવાની શરૂઆત કરી



દીધી છે. આ સદીમાં જ્ઞાન શક્તિ બનવા માટે, આપણે આપણા વારસાને સમજવો પડશે અને વિશ્વને કંઈપણ કરવા માટેની 'ભારતીય રીત' શીખવવી પડશે.

સંસદીય પેનલે NCERTને NCERTના 'નિયમિત પુસ્તકો'માં પૂર્વોત્તર સહિત દેશના તમામ પ્રદેશોમાંથી 'વિસરાઈ ગયેલા સ્વાતંત્ર્ય સેનાનીઓ'ની સિદ્ધિઓ અને બલિદાનો, અગ્રણી ભારતીય મહિલા હસ્તીઓનો સમાવેશ કરવાની સલાહ પણ આપી છે જેથી તેને 'ફરજિયાત વાંચન સામગ્રી' બનાવી શકાય.

## અવકાશ ક્ષેત્રમાં ઊંચી છલાંગ, 177 વિદેશી ઉપગ્રહ લોન્ચ કર્યા

આત્મનિર્ભર અવકાશ ટેકનોલોજીના વિશ્વવ્યાપી ઉપયોગના પરિણામ સ્વરૂપે જ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ભારતે 19 દેશોના 177 વિદેશી ઉપગ્રહોને સફળતાપૂર્વક લોન્ચ કર્યા છે. તેનાથી લગભગ 9.40 કરોડ ડૉલર (લગભગ સાડા સાત અબજ રૂપિયા) અને 4.6 કરોડ યુરો (લગભગ સાડા ચાર અબજ રૂપિયા)ના વિદેશી હૂંડિયામણની કમાણી થઈ છે.

ભારત સરકારે છેલ્લા 5 વર્ષમાં એટલે કે 2017-18 થી 2021-22 દરમિયાન આ ક્ષેત્ર માટે લગભગ 55 હજાર કરોડ રૂપિયાના બજેટની ફાળવણી કરી છે. ભારત સરકારે અવકાશ ક્ષેત્રમાં ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે અને સહાય પૂરી પાડવા માટે IN-SPACe ડિજિટલ પ્લેટફોર્મ શરૂ કર્યું છે. આ પ્લેટફોર્મ પર 111 સ્પેસ સ્ટાર્ટઅપ દ્વારા નોંધણી કરાવવામાં આવી છે.

## આવશ્યક દવાઓ સસ્તી થશે, 119 દવાઓ માટે મહત્તમ કિંમત નક્કી કરવામાં આવી

બીમારીમાં દર્દીને માત્ર શારીરિક તકલીફો જ નથી થતી, પરંતુ મોંઘી દવા આર્થિક રીતે તેના પરિવારની કમર તોડી નાખે છે. સરકાર એક તરફ, મોંઘી દવાઓનો બોજ ઘટાડવા માટે જન ઔષધિ કેન્દ્રો ખોલી રહી છે, ત્યારે તેણે એક જ વર્ષમાં પાંચમી વખત આવશ્યક દવાઓની મહત્તમ કિંમતો નક્કી કરી છે. નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (NPPA) દ્વારા જે 119 દવાઓની મહત્તમ કિંમત નક્કી કરવામાં આવી છે તેમાં પેરાસિટામોલ અને એમોક્સિસિલિન, જેનો ઉપયોગ કોવિડમાં થાય છે. નવા આદેશથી કેન્સર, ડાયાબિટીસ, તાવ, હેપેટાઈટીસ સહિત અનેક ગંભીર રોગોની દવાઓની કિંમતમાં 40% સુધીનો ઘટાડો થશે. એન્ટિ-કેન્સર અને એન્ટિ-ટ્યુમર ટેમોઝોલોમાઈડની કિંમત 662 રૂપિયા હતી, જે હવે 393.6 રૂપિયામાં મળશે. એ જ રીતે હેપેટાઈટિસની દવા સોફોસબુવીર રૂ. 741ને બદલે રૂ. 468માં મળશે. બેક્ટેરિયલ ઈન્ફેક્શનમાં વપરાતી 400 મિલિગ્રામ મોક્સીફ્લોક્સાસિન દવાની કિંમત 31.5 રૂપિયા પ્રતિ ગોળી હતી, જે હવે ઘટાડીને 22.8 રૂપિયા કરવામાં આવી છે. આ પહેલાં સરકારે જુલાઈ 2022માં જ 84 દવાઓની કિંમતો નક્કી કરી હતી.

# વૈજ્ઞાનિક પ્રકાશનોની વૈશ્વિક રેન્કિંગમાં ભારત ત્રીજા સ્થાન પર પહોંચ્યું

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આપેલા જય વિજ્ઞાન અને જય અનુસંધાનના મૂળ મંત્ર સાથે નવું ભારત આગળ વધી રહ્યું છે. આ મંત્ર આત્મનિર્ભર ભારતનો આધાર પણ બની રહ્યો છે. વૈજ્ઞાનિક પ્રકાશનોના વૈશ્વિક રેન્કિંગની શ્રેણીમાં, ભારતે લાંબી છલાંગ લગાવીને ત્રીજા સ્થાન પર કબજો કર્યો છે. ભારત અગાઉ આ રેન્કિંગમાં સાતમા સ્થાન પર હતું

અમેરિકાના 'નેશનલ સાયન્સ ફાઉન્ડેશન'ના સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ ઈન્ડિકેટર્સના તાજેતરમાં બહાર પાડવામાં આવેલા રિપોર્ટમાં ભારતની છલાંગ એ ઈનોવેશન અને સંશોધનને પ્રોત્સાહન આપવાની વર્તમાન સરકારની વિચારસરણીનું ઉદાહરણ પૂરું પાડે છે. મંત્રાલયે આગામી 2023-24ના બજેટમાં વિજ્ઞાન અને ટેકનોલોજી માટે 20% વધુ બજેટ મળવાની સંભાવના વ્યક્ત કરી છે.

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી ડૉ. જીતેન્દ્રસિંહે જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ઈન્ડિયા પેટન્ટ ઓફિસ (IPO)માં ભારતીય વૈજ્ઞાનિકોને આપવામાં આવેલી પેટન્ટની સંખ્યામાં ઝડપથી વધારો નોંધાયો છે.

## ભારતીય વૈજ્ઞાનિકોની પેટન્ટની સંખ્યા 3 વર્ષમાં બમણાથી વધુ થઈ



| વર્ષ | પેટન્ટની સંખ્યા |
|---|---|
| 2018-19 | 2,511 |
| 2019-20 | 4,003 |
| 2020-21 | 5,629 |

**દસ વર્ષમાં બે ગણાંથી વધુ વૈજ્ઞાનિક શોધ**

| વર્ષ | સંશોધન પત્ર |
|---|---|
| 2010 | 60,555 |
| 2020 | 1,49,213 |

# ભારતીય નૌકાદળને પાંચમી સ્કોર્પિયન સબમરીન 'વાગીર' મળી



પ્રોજેક્ટ-75ની કલવરી ક્લાસની પાંચમી યાર્ડ 11879 'વાગીર', 20 ડિસેમ્બરના રોજ ભારતીય નૌકાદળને સોંપવામાં આવી હતી અને ટૂંક સમયમાં તેને નૌકાદળમાં સામેલ કરવામાં આવશે. તે પ્રોજેક્ટ-75 હેઠળ ભારતમાં બનાવવામાં આવી રહેલી સ્કોર્પિયન ડિઝાઈન કલવરી ક્લાસની છ સબમરીનમાંથી એક છે. આ સબમરીનનું નિર્માણ મુંબઈમાં આવેલા મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ ખાતે ફ્રાંસના સહયોગથી કરવામાં આવ્યું છે. તેનું નામ હિંદ મહાસાગરની સૌથી ખતરનાક શિકારી માછલીના નામ પરથી રાખવામાં આવ્યું છે. આ સબમરીન લગભગ તમામ પરિસ્થિતિઓમાં કામ કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. 'વાગીર'નું ફેબ્રુઆરી 2022માં સમુદ્રી પરીક્ષણ શરૂ કરવામાં આવ્યું હતું. અગાઉની સબમરીનોની તુલનામાં ખૂબ જ ઓછા સમયમાં હથિયાર-સેન્સર સહિત તમામ પરીક્ષણો પૂરાં કરવામાં આવ્યા છે. ભારતીય યાર્ડ્સમાં આ સબમરીનોનું નિર્માણ આત્મનિર્ભર ભારતની દિશામાં વધુ એક પગલું છે. 24 મહિનાના ગાળામાં નૌકાદળને ત્રીજી સબમરીનની ડિલિવરી કરવામાં આવી એ નોંધપાત્ર સિદ્ધિ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, 'વાગીર-1' ડિસેમ્બર 1973માં રશિયાથી લેવામાં આવી હતી અને લગભગ ત્રણ દાયકા સુધી સેવા આપ્યા બાદ 2001માં તેને સેવા મુક્ત કરવામાં આવી હતી. મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડે આ જ નામની સબમરીનને નવો અવતાર આપ્યો છે.●

# MGR તમિલ ફિલ્મો અને રાજનીતિના મહાનાયક

જન્મઃ 17 જાન્યુઆરી 1917

નિધનઃ 24 ડિસેમ્બર 1987



**MGR એટલે ભારત રત્ન મરુધર ગોપાલન રામચંદ્રન. જ્યારે તેઓ ફિલ્મોમાં આવ્યા ત્યારે તેણે રૂપેરી પડદા પરથી નીચે ઉતરીને લોકોના દિલ પર રાજ કરવા લાગ્યા. પછી જ્યારે તેઓ રાજનીતિમાં આવ્યા ત્યારે લોકોના દિલમાં વસી ગયા. તેમણે ગરીબોને ગૌરવપૂર્ણ જીવન પ્રદાન કરવા માટે નિરંતર પ્રયાસો કર્યા હતા, તો સાથે સાથે તેમણે પોતાનું આખું જીવન વંચિતો માટે સમર્પિત કરી દીધું હતું. આ ઉપરાંત, આરોગ્ય સંભાળ, શિક્ષણ અને મહિલા સશક્તિકરણ માટે પણ તેમણે નિરંતર કામ કર્યું હતું...**

પ્રસિદ્ધ ભારતીય અભિનેતા, ફિલ્મ નિર્માતા અને રાજનેતા એમ.જી. રામચંદ્રનના ચાહકો તેમને MGR તરીકે યાદ કરે છે. તેમનો જન્મ 17 જાન્યુઆરી 1917ના રોજ કેન્ડી, બ્રિટિશ સિલોન (હાલનું શ્રીલંકા)માં થયો હતો. બાળપણથી જ તેમને અભિનયનો શોખ હતો. આ જ કારણથી તેમણે પોતાના શાળાકીય અભ્યાસ વખતે જ અભિનય શીખવાનું શરૂ કર્યું હતું. તેમણે 1936માં 'સતી લીલાવતી' ફિલ્મમાં સહાયક કલાકાર તરીકે અભિનયની શરૂઆત કરી હતી, ત્યારબાદ 1940થી ફિલ્મોમાં મુખ્ય ભૂમિકાઓ ભજવવાનું શરૂ કર્યું હતું.

તમિલ ફિલ્મોના સુપરસ્ટાર, MGR ત્રણ દાયકામાં 100થી વધુ ફિલ્મોમાં અભિનય આપીને દર્શકોના મનપસંદ કલાકાર બની ગયા હતા. તેમની એક ફિલ્મ 'નલાઈ નામધે' છે, જેનો અર્થ, 'આવતીકાલ આપણી છે' થાય છે. જ્યારે તેમણે સિનેજગતમાંથી રાજનીતિમાં પ્રવેશ કર્યો ત્યારે ફિલ્મનું આ નામ સાર્થક થતું લાગતું હતું. ફિલ્મી ઈનિંગ્સથી આગળ વધીને, MGRએ કોંગ્રેસ પાર્ટી સાથે તેમની રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી. પછી દ્રવિડ મુનેત્ર કળગમ (DMK)ના સભ્ય બન્યા અને ઝડપથી ટોચના હોદ્દા સુધી પહોંચ્યા હતા. 1972માં, તેમણે DMK પક્ષ છોડી દીધો અને પછી ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કળગમ (AIADMK) નામનો પોતાનો પક્ષ બનાવ્યો હતો. તેમના આકર્ષક વ્યક્તિત્વ અને વંચિતોની સેવા કરવાની ભાવનાના કારણે, લોકોએ તેમને એટલો પ્રેમ આપ્યો કે, તેઓ 1977 થી 1987 સુધી સતત ત્રણ વખત તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે આરૂઢ રહ્યા હતા.

MGR મુખ્યમંત્રીના હોદ્દા પર હતા ત્યારે તેમણે તમિલનાડુમાં અનેક કલ્યાણકારી યોજનાઓનો સફળતાપૂર્વક અમલ કર્યો હતો. એક અસરકારક પ્રશાસક હોવાની સાથે તેમણે હંમેશા સામાજિક ન્યાય અને મહિલા સશક્તિકરણને સર્વોચ્ચ પ્રાધાન્યતા આપી હતી. તેમણે શાળાના બાળકો માટે પોષણયુક્ત મધ્યાહન ભોજન યોજના શરૂ કરી હતી. જાતિ, ધર્મ અને સંપ્રદાયને ધ્યાનમાં લીધા વગર વંચિતો અને તેમાં પણ ખાસ કરીને મહિલાઓના સશક્તિકરણ અને શિક્ષણને કારણે તેમને આજે પણ યાદ કરવામાં આવે છે. તામિલનાડુના મુખ્યમંત્રી તરીકે સેવા આપતા MGRનું 24 ડિસેમ્બર 1987ના રોજ નિધન થયું હતું. તેમના નિધન પછી, 1988માં, ભારત સરકારે તેમને મરણોત્તર સર્વોચ્ચ નાગરિક સન્માન ભારતરત્ન એનાયત કર્યું હતું. ભારતરત્ન MGRના આદર્શોને સાકાર કરવા માટે આજે પણ કેન્દ્ર સરકાર સતત પ્રયાસો કરી રહી છે. આ દિશામાં, થોડા વર્ષો પહેલાં, દેશે ચેન્નાઈ સેન્ટ્રલ રેલ્વે સ્ટેશનનું નામ બદલીને MGRના સન્માનમાં તેમના નામથી નવું નામ રાખ્યું હતું. MGRની જન્મશતાબ્દીના અવસર પર રૂ. 100 અને રૂ.5ના સ્મૃતિ સિક્કા બહાર પાડવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2022માં MGRની 105મી જન્મજયંતિ પર કહ્યું હતું કે, "હું ભારતરત્ન MGRને તેમની જન્મજયંતિ પર યાદ કરું છું. સામાજિક ન્યાય અને સશક્તિકરણને સૌથી વધારે અગ્રતા આપનાર એક પ્રભાવી પ્રશાસક તરીકે સૌ કોઈ તેમની પ્રશંસા કરે છે. તેમની યોજનાઓથી ગરીબ લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે. સિનેજગતમાં પ્રતિભાની પણ ખૂબ પ્રશંસા કરવામાં આવે છે."●



# પૂર્વોત્તર બની રહ્યું છે વિકાસનો કોરિડોર



**એક સમયે જે વિકાસ માત્ર બજેટ, ટેન્ડર, શિલાન્યાસ અને ઉદ્ઘાટન પૂરતો સિમિત રહેતો હતો, હવે તેમાં પરિવર્તનો દેખાય છે અને અનુભવાય છે. આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરીને વિકસિત ભારતને મજબૂત પાયો આપવામાં વ્યસ્ત કેન્દ્ર સરકાર ચાલુ નાણાકીય વર્ષમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર રૂ. 7 લાખ કરોડનો ખર્ચ કરી રહી છે, જે આઠ વર્ષ પહેલાં રૂ. 2 લાખ કરોડથી ઓછો હતો. 18 ડિસેમ્બરના રોજ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પૂર્વોત્તરના વિકાસને ઝડપી બનાવવા શિલોંગ અને અગરતલામાં રૂ. 6,800 કરોડના પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યા હતા, જ્યારે ઉત્તર-પૂર્વીય પરિષદની સુવર્ણ જયંતી બેઠકને સંબોધિત કરતા કહ્યું હતું કે, અમે પૂર્વોત્તરમાં વિવાદોની સરહદ નહીં પરંતુ વિકાસનો કોરિડોર બનાવી રહ્યા છીએ...**

કેન્દ્ર સરકારના વર્તમાન નેતૃત્વએ છેલ્લા 8 વર્ષમાં પૂર્વોત્તરના વિકાસને લગતા અનેક અવરોધોને 'રેડ કાર્ડ' બતાવ્યું છે. સરકાર પૂર્વોત્તર પ્રદેશને માત્ર આર્થિક વિકાસનું જ નહીં પરંતુ સાંસ્કૃતિક વિકાસનું કેન્દ્ર બનાવવા માટે પ્રતિબદ્ધ છે. આ પ્રયાસ હેઠળ હવે સરકાર 'લુક ઈસ્ટ' નીતિમાંથી 'એક્ટ ઈસ્ટ' પર આવી ગઈ છે, હવે તેનાથી આગળ જઈને તેની નીતિ 'એક્ટ ફાસ્ટ ફોર નોર્થ ઈસ્ટ' અને 'એક્ટ ફર્સ્ટ ફોર નોર્થ ઈસ્ટ' બની ગઈ છે. શિલોંગમાં નોર્થ ઈસ્ટર્ન કાઉન્સિલ (NEC)ની બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પૂર્વોત્તર ક્ષેત્રના વિકાસમાં કાઉન્સિલના યોગદાનની પ્રશંસા કરતા કહ્યું હતું કે, "આ પ્રદેશમાં ઘણા શાંતિ અને આંતર-રાજ્ય સીમા કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. ઉગ્રવાદની ઘટનાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે."


પ્રધાનમંત્રી મોદીએ પૂર્વોત્તરના 8 રાજ્યોને ફરીથી અષ્ટ લક્ષ્મી તરીકે ઓળખાવતા કહ્યું હતું કે, "સરકારે તેના વિકાસ, શાંતિ, વીજળી, પ્રવાસન, 5G કનેક્ટિવિટી, સંસ્કૃતિ, પ્રાકૃતિ ખેતી, રમતગમત અને ક્ષમતા વિકાસ માટે 8 સ્તંભો પર ધ્યાન કેન્દ્રિત કરીને આ દિશામાં કામ કરવું જોઈએ. પ્રધાનમંત્રીએ આ બેઠકમાં નેટ ઝીરો અંગે કહ્યું હતું કે, પૂર્વોત્તર જળવિદ્યુતનું પાવરહાઉસ બની શકે છે. સરકાર પૂર્વોત્તરને માત્ર આર્થિક વિકાસનું જ નહીં પરંતુ સાંસ્કૃતિક વિકાસનું કેન્દ્ર બનાવવા માટે પ્રતિબદ્ધ છે.



## પૂર્વોત્તરને 2,450 કરોડ રૂપિયાની ભેટ આપવામાં આવી છે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મેઘાલયની રાજધાની શિલોંગમાં રૂ. 2,450 કરોડથી વધુના મૂલ્યની અનેક વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન, ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. પ્રધાનમંત્રી મોદીએ મોબાઈલ કનેક્ટિવિટી વધારવા માટે 4G મોબાઈલ ટાવર પણ દેશને સમર્પિત કર્યા હતા. તેમાંથી 320 થી વધુ ટાવરનું કામ પૂર્ણ થઈ ગયું છે અને લગભગ 890 ટાવર નિર્માણ હેઠળ છે.

- ઉમસાવલી ખાતે IIM શિલોંગના નવા કેમ્પસ, શિલોંગ સેટેલાઈટ ટાઉનશીપને વધુ સારી કનેક્ટિવિટી પ્રદાન કરતા શિલોંગ-દિએંગપસો રોડનું ઉદ્ઘાટન કર્યું.
- મેઘાલય, મણિપુર અને અરુણાચલ પ્રદેશમાં ચાર અન્ય રોડ પ્રોજેક્ટનું પણ તેમણે ઉદ્ઘાટન કર્યું.
- મેઘાલયમાં, તેમણે ખેડૂતોને ઉદ્યોગસાહસિક કૌશલ્યો આપવા માટે મશરૂમ વિકાસ કેન્દ્ર ખાતે સ્પૉન લેબોરેટરીનું ઉદ્ઘાટન કર્યું.
- મેઘાલયમાં એકીકૃત મધમાખી ઉછેર વિકાસ કેન્દ્ર, મિઝોરમ, મણિપુર, ત્રિપુરા અને આસામમાં 21 હિન્દી પુસ્તકાલયોનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.
- તેમણે આસામ, મેઘાલય, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરા રાજ્યોમાં છ રોડ પ્રોજેક્ટ્સ સાથે શિલોંગ ટેક્નોલોજી પાર્ક ફેઝ-2 અને તુરા ખાતે ઈન્ટિગ્રેટેડ હોસ્પિટલ, લક્ઝરી અને કન્વેન્શન સેન્ટરનો શિલાન્યાસ પણ કર્યો હતો.
- ટેક્નોલોજી પાર્ક ફેઝ-2માં 3,000થી વધુ નોકરીઓનું સર્જન થવાની ધારણા છે.



## મેઘાલયમાં કનેક્ટિવિટી વધારી

- છેલ્લા 8 વર્ષમાં મેઘાલયમાં રાષ્ટ્રી ધોરીમાર્ગોના નિર્માણ પર 5 હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. 2014 પહેલાના 20 વર્ષમાં મેઘાલયમાં જેટલા ગ્રામીણ રસ્તાઓ બનાવવામાં આવ્યા હતા તેના કરતા છેલ્લા 8 વર્ષમાં પ્રધાનમંત્રી સડક યોજના હેઠળ 7 ગણા વધુ રસ્તાઓ બનાવવામાં આવ્યા છે.
- મેઘાલયમાં 2014 થી ઓપ્ટિકલ ફાઈબર કવરેજમાં 5 ગણો વધારો થયો છે.
- મેઘાલયના આદિવાસી વિસ્તારોમાં 39 એકલવ્ય મોડલ સ્કૂલની સ્થાપના કરવામાં આવી રહી છે.
- વિતેલા વર્ષોમાં મેઘાલયમાં પહેલીવાર 2 લાખ ઘરોમાં વીજળી પહોંચી છે.
- મેઘાલયમાં ગરીબો માટે લગભગ 70,000 મકાનો સ્વીકૃત કરવામાં આવ્યા છે.



## ત્રિપુરામાં વિવિધ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ત્રિપુરાના અગરતલામાં રૂ. 4,350 કરોડથી વધુના મૂલ્યની વિવિધ મોટી પહેલોનું ઉદ્ઘાટન, લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો છે. દરેક વ્યક્તિ પાસે પોતાનું ઘર હોય તે સુનિશ્ચિત કરવા પર પ્રધાનમંત્રીનું મહત્ત્વનું ફોકસ રહ્યું છે. આ દિશામાં આગળ વધીને, પ્રધાનમંત્રી મોદીએ PM આવાસ યોજના-શહેરી અને PM આવાસ યોજના-ગ્રામીણ હેઠળ 2 લાખ લાભાર્થીઓ માટે ગૃહ પ્રવેશ કાર્યક્રમ શરૂ કર્યો. આ ઘરો લગભગ 3,400 કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યા છે.


- રોડ કનેક્ટિવિટીને વધુ સારી બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરીને, પ્રધાનમંત્રી મોદીએ અગરતલા બાયપાસ (ખૈરપુર-અમતલી) NH-08ને પહોળો કરવાના પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. આનાથી અગરતલા શહેરમાં ટ્રાફિકની ભીડને ઓછી કરવામાં મદદ મળશે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આનંદનગરમાં સ્ટેટ ઈન્સ્ટિટ્યુટ ઓફ હોટેલ મેનેજમેન્ટ અને અગરતલા સરકારી ડેન્ટલ કોલેજનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.



## ત્રિપુરામાં વિકાસના નવા માપદંડો બની રહ્યાં છે

- ભારત-થાઈલેન્ડ-મ્યાનમાર હાઈવે જેવા રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા પૂર્વોત્તર પ્રદેશ અન્ય દેશો સાથેના સંબંધો માટે પણ પ્રવેશદ્વાર બની રહ્યું છે.
- અગરતલામાં મહારાજા બીર બિક્રમ હવાઈમથક પર આંતરરાષ્ટ્રીય ટર્મિનલના નિર્માણથી દેશ અને વિદેશમાં કનેક્ટિવિટી સરળ બની છે.
- આયુષ્માન ભારત યોજનામાં, પૂર્વોત્તરમાં 7 હજારથી વધુ આરોગ્ય અને સુખાકારી કેન્દ્રોને મંજૂરી આપવામાં આવી છે, જેમાંથી લગભગ 1 હજાર કેન્દ્રો ત્રિપુરામાં છે. માત્ર 3 વર્ષમાં ત્રિપુરાના 4 લાખ નવા પરિવારોને પાઈપ દ્વારા પીવાના પાણીની સુવિધા મળી છે.
- ત્રિપુરાની 1 લાખથી વધુ સગર્ભા માતાઓને પણ પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાનો લાભ મળ્યો છે. ત્રિપુરામાં મહિલા સ્વ-સહાય સમૂહોની સંખ્યામાં 9 ગણો વધારો થયો છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ તરફથી ત્રિપુરાના લાખો ખેડૂતોને અત્યાર સુધીમાં 500 કરોડ રૂપિયાથી વધુની રકમ મળી છે.

બીજી તરફ ત્રિપુરાના અગરતલા અને મેઘાલયના શિલોંગમાં રૂ. 6,800 કરોડના મૂલ્યના વિકાસ પ્રોજેક્ટનો શિલાન્યાસ, લોકાર્પણ અને ઉદ્ઘાટન કરવામાં આવ્યું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ કાર્યક્રમમાં કહ્યું હતું, "વિકાસના કાર્યોમાં વધુ ગતિ લાવવા માટે અને તેને વધુ અસરકારક બનાવવાના અમારા પ્રયાસોના સારા પરિણામો પણ આપણે જોઈ રહ્યા છીએ. કેન્દ્ર સરકાર રમતગમત




## જનજાતીય સમુદાયના બજેટમાં 4 ગણો વધારો કર્યો



- જનજાતીય સમુદાયનું બજેટ એક સમયે 21 હજાર કરોડ રૂપિયા હતું તે હવે વધારીને 88 હજાર કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે.
- વર્ષ 2014 પહેલા આદિવાસી વિસ્તારોમાં 100થી ઓછી એકલવ્ય શાળાઓ હતી, જેની સંખ્યા હવે વધીને 500 સુધી પહોંચી ગઈ છે. આદિવાસી વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ બમણી કરવામાં આવી છે.
- પહેલાંની સરકારો માત્ર 9-10 વન પેદાશો પર લઘુતમ ટેકાનો ભાવ (MSP) આપતી હતી, હવે 90 વન પેદાશો પર MSP આપવામાં આવી રહ્યો છે.
- દેશભરના આદિવાસી વિસ્તારોમાં 50,000 થી વધુ વન ધન કેન્દ્રો છે, જેના દ્વારા લગભગ 9 લાખ આદિવાસીઓને રોજગારી મળી રહી છે.
- વર્તમાન કેન્દ્ર સરકારે ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ 15 નવેમ્બરના રોજ જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી કરવાનું શરૂ કર્યું છે. દેશભરમાં 10 આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની સંગ્રહાલયો સ્થાપવામાં આવી રહ્યા છે.

## પૂર્વોત્તરમાં આ રીતે વિકાસનું એન્જિન દોડી રહ્યું છે

- શિલોંગ સહિત પૂર્વોત્તરના તમામ પાટનગરોને રેલવે માર્ગે જોડવાનું કામ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે.
- દેશની પ્રથમ સ્પોર્ટ્સ યુનિવર્સિટી પૂર્વોત્તરમાં છે. હવે પૂર્વોત્તરમાં બહુલક્ષી હોલ, ફૂટબોલ ગ્રાઉન્ડ, એથ્લેટિક્સ ટ્રેક જેવા 90 પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યું છે.
- વર્ષ 2014 પહેલાં પૂર્વોત્તર પ્રદેશમાં દર અઠવાડિયે માત્ર 900 ફ્લાઈટ્સ શક્ય હતી, હવે તે વધીને 1900 થઈ ગઈ છે. આ સમયગાળા દરમિયાન, પૂર્વોત્તરમાં ઓપ્ટિકલ ફાઈબરનું કવરેજ લગભગ 4 ગણું વધ્યું છે. મોબાઈલની કનેક્ટિવિટી વધારવા માટે 6 હજાર મોબાઈલ ટાવર લગાવવામાં આવ્યા છે.
- પર્વતમાલા યોજના હેઠળ, રોપ-વે નેટવર્કથી પૂર્વોત્તરના પ્રખ્યાત પર્યટન સ્થળોની સુવિધામાં વધારો થશે. PM-Divine હેઠળ આવનારા 3-4 વર્ષ માટે 6 હજાર કરોડ રૂપિયાનું બજેટ નક્કી કરવામાં આવ્યું છે.
- પૂર્વોત્તરમાં 850 વન ધન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે, આના કેન્દ્રો સાથે અનેક સ્વ-સહાય સમૂહો જોડાયેલા છે. 2014 પછી, પૂર્વોત્તરમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગોની લંબાઈમાં 50 ટકાનો વધારો થયો છે. પૂર્વોત્તર ક્ષેત્રના 8 રાજ્યોમાં 200 થી વધુ ખેલો ઈન્ડિયા કેન્દ્રોને મંજૂરી આપવામાં આવી છે અને પ્રદેશના ઘણા એથ્લેટ્સ TOPS યોજના હેઠળ લાભ મેળવી રહ્યા છે.

> "અમારા માટે પૂર્વોત્તર એ કોઈ અંતિમ છેડો નથી પરંતુ સુરક્ષા અને સમૃદ્ધિનું પ્રવેશદ્વાર છે. દેશની સુરક્ષા પણ અહીંથી જ સુનિશ્ચિત થાય છે અને અન્ય દેશો સાથે વેપાર-ધંધો પણ અહીંથી થાય છે. પૂર્વોત્તરમાં તમામ પ્રકારના વિભાજનને દૂર કરવામાં આવી રહ્યાં છે. વિવાદોની બોર્ડર નહીં પણ વિકાસના કોરિડોર બની રહ્યા છે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**




બાબતે પણ એક નવા અભિગમ સાથે આગળ વધી રહી છે, જેનાથી પૂર્વોત્તર પ્રદેશને ફાયદો થયો છે.

મેઘાલયમાં IIMનું લોકાર્પણ અને ટેક્નોલોજી પાર્કનો શિલાન્યાસ કર્યા પછી, તેમણે કહ્યું હતું, "IIM આ પ્રદેશમાં શિક્ષણ અને કમાણી માટેની તકોમાં વધારો કરશે. સરહદી વિસ્તારોમાં નવા રસ્તાઓ, નવી સુરંગો, નવા પુલ, નવી રેલ્વે લાઈન, નવી એર સ્ટ્રીપનું નિર્માણ કરવાનું કામ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે. કેન્દ્ર સરકાર સરહદી વેરાન ગામડાઓને વાઈબ્રન્ટ બનાવવામાં વ્યસ્ત છે. આજે કેન્દ્ર સરકાર પૂર્વોત્તરમાં વિવાદોની બોર્ડર (સરહદો) નથી બનાવી રહી, પરંતુ વિકાસના કોરિડોર બનાવી રહી છે, જેના કારણે છેલ્લા 8 વર્ષમાં ઘણા સંગઠનોએ હિંસાનો માર્ગ છોડી દીધો છે. પૂર્વોત્તર પ્રદેશમાં AFSPAની કોઈ જરૂર ના પડે, તેના માટે રાજ્ય સરકારોની મદદથી પરિસ્થિતિમાં સતત સુધારો કરવામાં આવી રહ્યો છે. ●

# શૌર્યની પરાકાષ્ઠામાં ઉંમરનું કોઈ બંધન નથી હોતું

**દુનિયામાં જ્યારે પણ બહાદુર બાળકોની વાત થશે ત્યારે બાબા જોરાવરસિંહજી અને બાબા ફતેહસિંહજીનું નામ આદરથી લેવામાં આવશે. ગુરુ ગોવિંદસિંહજીના સાહિબજાદાઓએ માત્ર 7 અને 9 વર્ષની ઉંમરે ધર્મનું રક્ષણ કરવા માટે શહાદત વ્હોરી હતી, જેમના માનમાં દેશે 26 ડિસેમ્બરે પ્રથમ 'વીર બાળક દિવસ' ઉજવ્યો હતો. પૌરાણિક યુગથી માંડીને આધુનિક સમય સુધી, બહાદુર બાળકો અને બાલિકાઓ ભારતની પરંપરાનું પ્રતિબિંબ રહ્યાં છે. દેશના બાળકોને બહાદુરીની આ ગાથાનો પરિચય કરાવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 26 ડિસેમ્બરે દિલ્હીના મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમમાં 'વીર બાળક દિવસ' કાર્યક્રમમાં ભાગ લીધો હતો...**

દેશ જે દિવસ અને બલિદાનને પેઢીઓથી યાદ કરતો આવ્યો છે, તેને એક જૂથ થઈને રાષ્ટ્રના રૂપમાં વંદન કરવા માટે 26 ડિસેમ્બરના રોજ 'વીર બાળક દિવસ'ની ઉજવણી કરવાની એક નવી શરૂઆત કરવામાં આવી છે. 'વીર બાળક દિવસ' આપણને એ યાદ અપાવશે કે બહાદુરીની પરાકાષ્ઠાના સમયે નાની ઉંમર હોવાથી કોઈ ફરક પડતો નથી. તે આપણને એવું પણ યાદ કરાવશે કે દસ ગુરુઓનું યોગદાન શું છે, દેશના ગૌરવ માટે શીખ પરંપરાએ આપેલું બલિદાન શું છે! 'વીર બાળક દિવસ' આપણને જણાવશે કે - ભારત શું છે, ભારતની ઓળખ શું છે!

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 'વીર બાળક દિવસ' કાર્યક્રમમાં કહ્યું હતું, "હું વીર સાહિબજાદાઓના ચરણોમાં વંદન કરું છું અને તેમને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. હું આ વાતને અમારી સરકારનો સૌભાગ્ય માનું છું કે, 26મી ડિસેમ્બરને વીર બાળક દિવસ તરીકે જાહેર કરવાની તક અમને મળી છે." એક તરફ લાખોની ફોજ અને બીજી બાજુ ગુરુના બહાદુર સાહિબજાદા નીડરતાપૂર્વક એકલા ઊભા હતા! આ બહાદુર સાહિબજાદા કોઈની પણ ધમકીથી ડર્યા નહોતા, કોઈની આગળ ઝૂક્યા ન હતા. બાબા જોરાવરસિંહજી અને બાબા ફતેહસિંહજીએ અન્યાય અને અત્યાચાર સામે પોતાનું જીવન કુરબાન કરી દીધું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, "આપણે સાથે મળીને વીર બાળક દિવસનો સંદેશ દેશના ખૂણે ખૂણે પહોંચાડવાનો છે. આપણા સાહિબજાદાઓનો જીવન સંદેશ દેશના દરેક બાળક સુધી પહોંચે, તેમની

**"સાહિબજાદા જોરાવરસિંહજી અને સાહિબજાદા ફતેહસિંહજીએ ધર્મના ઉમદા સિદ્ધાંતોથી વિચલિત થવાને બદલે શહીદી વ્હોરી હતી. 'વીર બાળક દિવસ' એ સાહિબજાદાઓના શૌર્ય અને ન્યાય પ્રત્યે તેમના સંકલ્પને યોગ્ય શ્રદ્ધાંજલિ છે."**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**





## દેશભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન

- દેશભરમાં આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મહાનુભાવોએ સાહિબજાદાઓની જીવનગાથા અને બલિદાન પર સંદેશા આપ્યા હતા.
- સાહિબજાદાઓના શૌર્યની ગાથા નાગરિકોને, જેમાં ખાસ કરીને નાના બાળકોને કહેવા માટે દેશભરમાં સંવાદ અને સહભાગીતા આધારિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.
- દેશભરની શાળાઓ અને કોલેજોમાં ક્વિઝ, નિબંધ સ્પર્ધાઓ, ટૂંકી ફિલ્મોનું સ્ક્રીનિંગ અને વિશેષ સભાઓનું આયોજન કરવામાં આવ્યું.
- રેલવે સ્ટેશન, પેટ્રોલ પંપ, હવાઈમથકો જેવા જાહેર સ્થળો પર સાહિબજાદાઓના બલિદાન પર આધારિત ડિજિટલ પ્રદર્શન કરવામાં આવ્યું.



## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઐતિહાસિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લગભગ 3,000 બાળકોની માર્ચ પાસ્ટને ઝંડી બતાવીને રવાના કરી હતી.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ 300 બાલ કીર્તનીઓ દ્વારા રજૂ કરાયેલા 'શબ્દ કીર્તન'માં પણ ભાગ લીધો હતો.

## 26 ડિસેમ્બરને 'વીર બાળક દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 9 જાન્યુઆરી 2022ના રોજ ગુરુ શ્રી ગોવિંદસિંહજીની જન્મજયંતિ પર સાહિબજાદા જોરાવરસિંહજી અને સાહિબજાદા ફતેહસિંહજીની શહાદતની યાદમાં 26 ડિસેમ્બરને 'વીર બાળક દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. આ દિવસે સાહિબજાદા જોરાવરસિંહજી અને સાહીબાજાદા ફતેહસિંહજીને દિવાલમાં જીવતા ચણી દેવામાં આવ્યા હતા અને તેઓ શહીદ થયા હતા. આ બંને મહાન બાળકોએ ધર્મના સિદ્ધાંતોથી વિચલિત થવાના બદલે શહીદી વ્હોરવાનું પસંદ કર્યું હતું. માતા ગુજરી, શ્રી ગુરુ ગોવિંદસિંહજી અને 4 સાહિબજાદાઓની વીરતા અને આદર્શો લાખો લોકોને શક્તિ આપે છે. તેઓ ક્યારેય અન્યાય સામે ઝૂક્યા નહોતા. તેમણે એવા વિશ્વની કલ્પના કરી હતી જે સર્વસમાવેશક અને સુમેળભર્યું હોય.

## ગુરુ ગોવિંદસિંહજીનો અટલ સંકલ્પ 'રાષ્ટ્ર પ્રથમ'નો મંત્ર હતો

'વ્યક્તિ કરતાં વિચાર મોટો, વિચાર કરતાં રાષ્ટ્ર મોટો', 'રાષ્ટ્ર પ્રથમ'નો આ મંત્ર ગુરુ ગોવિંદ સિંહજીનો અટલ સંકલ્પ હતો. જ્યારે તેઓ બાળક હતા ત્યારે પ્રશ્ન આવ્યો કે રાષ્ટ્ર ધર્મનું રક્ષણ કરવા માટે મહાન બલિદાનની જરૂર છે. તેમણે તેમના પિતાને કહ્યું કે, આજે તમારાથી મોટું બીજું કોણ છે? તમે આ બલિદાન આપો. જ્યારે તેઓ પિતા બન્યા ત્યારે એવી જ તત્પરતા સાથે તેઓ રાષ્ટ્રવાદ માટે પોતાના પુત્રોનું બલિદાન આપતા પણ ખચકાયા નહીં. જ્યારે તેમના પુત્રો શહીદ થયા ત્યારે તેમણે પોતાની સંગત (સમૂહ) તરફ જોયું અને કહ્યું - 'ચાર મુયે તો ક્યા હુઆ, જીવત કૈયે હજાર.' એટલે કે મારા ચાર પુત્રો શહીદ થયા તો શું થયું? સંગતના હજારો સાથીઓ, હજારો દેશવાસીઓ મારા જ દીકરા છે. રાષ્ટ્રને પ્રથમ રાખવાની આ પરંપરા એક ખૂબ જ મોટી પ્રેરણા છે.

પાસેથી પ્રેરણા લઈને તેઓ દેશના સમર્પિત નાગરિક બને તે માટે પણ આપણે પ્રયાસો કરવાના છે." જો આપણે ભવિષ્યમાં ભારતને સફળતાના શિખરે લઈ જવું હોય તો ભૂતકાળના સંકુચિત વિચારોમાંથી મુક્ત થવું પડશે. તેથી આઝાદીના અમૃતકાળમાં દેશે ગુલામીની માનસિકતામાંથી આઝાદીનો પ્રાણ ફૂંક્યો છે. 'વીર બાળક દિવસ' એ દેશના તે 'પંચ પ્રણ' માટે પ્રાણવાયુ સમાન છે, જેનો સંકલ્પ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લાની પ્રાચીર પરથી દેશ સમક્ષ મૂક્યો હતો. ●



# દીકરીઓના મહત્વ વિશે માનસિકતા બદલીને નવી ચેતના જગાવતી યોજના

**કહેવાય છે કે પહેલાં દેશમાં દીકરીઓને દીકરાઓ કરતાં નબળી માનવામાં આવતી હતી. તેમાં તર્ક એવો હતો કે દીકરો ઘરનો વંશ વધારશે અને દીકરીઓ સાસરે જઈને પારકી થઈ જશે. પરંતુ 22 જાન્યુઆરી, 2015ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દીકરીઓને મહત્વ આપવા અને લિંગ ભેદભાવનો અંત લાવવા માટે બેટી બચાવો, બેટી પઢાવો યોજના શરૂ કરી, જેના કારણે માત્ર સમાજમાં દીકરીઓના મહત્વ અંગે રાજકીય નેતૃત્વનું ધ્યાન ખેંચાયું એવું નહોતું, પરંતુ 8 વર્ષમાં સમાજની માનસિકતામાં પણ પરિવર્તન જોવા મળી રહ્યું છે. આવો, 24મી જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય બાળકી દિવસ નિમિત્તે આ સકારાત્મક વિચારસરણીના પ્રભાવોને સમજીએ...**

બેટી બચાવો, બેટી પઢાવો યોજનાએ બાળકીને મહત્વ આપવા અને રાષ્ટ્રની માનસિકતામાં પરિવર્તન લાવવાની દિશામાં સામૂહિક ચેતના જાગૃત કરી છે. તેની અસર માત્ર રાષ્ટ્રીય સ્તરે જન્મ સમયે લિંગ ગુણોત્તરના આંકડાઓ પર જ દેખાય છે તેવું નથી, પરંતુ માધ્યમિક શિક્ષણમાં કન્યાઓની નોંધણી વધીને 80%ની નજીક પહોંચી ગઈ છે અને સંસ્થાગત પ્રસૂતીની ટકાવારી પણ 95%ની નજીક પહોંચી ગઈ છે. લિંગ ગુણોત્તર વર્ષ 2014-15માં 918 હતો જે 2021-22માં વધીને 934 થયો છે. આ બધાની વચ્ચે, જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, 2015માં સુધારો કરીને અધિસૂચિત કરાયેલ દત્તક લેવાના નિયમો, 2022થી દત્તક લેવાની પ્રક્રિયામાં કરવામાં આવેલા સુધારાઓ પણ અનાથ છોકરીઓનું દત્તક લેનારા પરિવાર સાથે મિલન કરાવવાનું સરળ કરી રહ્યા છે.

નીતિ આયોગે બેટી બચાવો, બેટી પઢાવો યોજનાના મૂલ્યાંકન અહેવાલમાં જણાવ્યું છે કે, આ યોજના લૈંગિક ભેદભાવને દૂર કરવામાં અને છોકરીઓનું મહત્વ વધારવામાં સફળ રહી છે. આના કારણે, ઘણી સારી પ્રથાઓ અને નવી પહેલો પણ વિકસાવવામાં આવી છે. તેથી સંસદીય સ્થાયી સમિતિએ તેના 5મા અહેવાલમાં જણાવ્યું છે કે, આ યોજના રાજકીય નેતૃત્વનું ધ્યાન આકર્ષિત કરવામાં અને બાળકીને મહત્વ આપવાની દિશામાં રાષ્ટ્રીય જાગૃતિ લાવવામાં સફળ રહી છે.

## દીકરીઓ કૌશલ્યવાન બનશે

કેન્દ્ર સરકારે 11 ઓક્ટોબર 2022ના રોજ આંતરરાષ્ટ્રીય બાળકી દિવસ નિમિત્તે કિશોર વયની દીકરીઓ માટે બિન-પરંપરાગત આજીવિકા (NTL) પર આંતર-મંત્રાલય પરિષદનું આયોજન કર્યું હતું. આ પરિષદમાં છોકરીઓ પોતાના કૌશલ્યમાં વિકાસ કરે તે ઉપરાંત, વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત (STEM) સહિત વિવિધ એવા વ્યવસાયોમાં કાર્યદળમાં પ્રવેશ કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો, જ્યાં છોકરીઓનું ઐતિહાસિક રીતે ઓછું પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું છે.

# દત્તક લેવાનો માર્ગ સરળ થયો, DM આપી રહ્યા છે આદેશ


## ભારતીય લાડલીને વિદેશમાં દત્તક લેવામાં આવી રહી છે

દેશમાં દત્તક લેવામાં આવતા બાળકોમાં છોકરીઓની સંખ્યા વધુ છે. છેલ્લા 5 વર્ષના આંકડા દર્શાવે છે કે 0-1 વર્ષની વય જૂથના 10,179 બાળકોને દત્તક લેવામાં આવ્યા છે જેમાંથી 6,046 છોકરીઓ છે. એવી જ રીતે છેલ્લા 3 વર્ષમાં તમામ ઉંમરના બાળકોને દત્તક લેવાના આંકડા પર નજર કરીએ તો માત્ર દેશમાં જ નહીં પરંતુ વિદેશમાં દત્તક લીધેલા ભારતીય બાળકોમાં છોકરીઓની સંખ્યા વધુ જોવા મળી છે.


## હવે નવા દત્તક નિયમનમાં DMને આદેશની સત્તા આપવામાં આવી છે

દત્તક નિયમન, 2022માં, બાળકોને દત્તક લેવાની પ્રક્રિયા દ્વારા, સરકારે બાળકોના કાયમી પુનર્વસન માટે તેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. સરકારે 2021માં જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, 2015માં સુધારો કર્યો હતો. આ હેઠળ, 1 સપ્ટેમ્બર, 2022 ના રોજ અધિસૂચિત કરાયેલ જુવેનાઈલ જસ્ટિસ રૂલ્સ 2022માં, ડિસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટ (DM)ને દત્તક લેવાના (એડોપ્શન) આદેશો જારી કરવાની સત્તા આપવામાં આવી છે, જે અગાઉ ન્યાયતંત્ર પાસે હતી. આ સૂચના બાદ 20 ડિસેમ્બર સુધીમાં 691 બાળકોને દત્તક લેવામાં આવ્યા છે. અધિસૂચનાના સમયે દત્તક લેવાના 905 આદેશ પેન્ડિંગ હતા, હવે આ સંખ્યા ઘટીને 600ની આસપાસ થઈ ગઈ છે.

### છેલ્લા 3 વર્ષ દરમિયાન દેશમાં દત્તક લીધેલા બાળકો




### છેલ્લા 3 વર્ષ દરમિયાન વિદેશમાં દત્તક લીધેલા બાળકો




### નિવાસી-બિનનિવાસી ભારતીયો માટે '7-ડે પોર્ટલ'

દત્તક નિયમન, 2022ની નવી જોગવાઈઓમાં, જો કોઈ પરિવાર નિર્ધારિત સમય મર્યાદામાં બાળકને દત્તક લેવા માટે દેશમાં ન મળે, તો પછી નિવાસી ભારતીય, બિન-નિવાસી ભારતીય, વિદેશી રાષ્ટ્રીય કાર્ડ ધારક હોય તેવા ભારતીયને તેમના સામાજિક અને સાંસ્કૃતિક માહોલમાં તેમની વરિષ્ઠતાને ધ્યાનમાં લીધા વિના '7-ડે પોર્ટલ' દ્વારા બાળક દત્તક લેવાની સુવિધા આપવામાં આવી છે. 10 નવેમ્બર, 2022 થી શરૂ કરાયેલા આ નવા મોડ્યૂલ પર કુલ 2816 નોંધણીઓ કરવામાં આવી છે.


### દત્તક લેવાના નવા નિયમની જોગવાઈઓ

- જૂના નિયમ હેઠળ, પાલન પોષણ સંબંધિત સંભાળમાં રાખવામાં આવેલા બાળકોને દત્તક લેવા માટે બાળ કલ્યાણ સમિતિ સમક્ષ 5 વર્ષ સુધી રાહ જોવી પડતી હતી. નવા નિયમ અનુસાર જો બાળક પાલક પરિવાર સાથે સારી રીતે હળીમળી થાય તો પાલક પરિવાર બે વર્ષમાં બાળકને દત્તક લઈ શકે છે.
- રાષ્ટ્રીય બાળ સુરક્ષા આયોગની સાથે પ્રદેશમાં બાળ અધિકાર સંરક્ષણ આયોગને સમગ્ર અધિનિયમની દેખરેખ અને અમલીકરણની જવાબદારી સોંપવામાં આવી છે.
- બાળ કલ્યાણ સમિતિ દ્વારા ભાવિ દત્તક લેનાર માતા-પિતા અને બાળક સાથે બે વર્ષ સુધી ચાલતા ફોલો-અપ રિપોર્ટમાં એ તપાસ કરવામાં આવે છે કે, બાળક યોગ્ય રીતે રહે છે કે નહીં.
- નવા નિયમમાં, હવે ભાવિ દત્તક માતાપિતા (PAP) તેમના ગૃહ રાજ્યનો વિકલ્પ પસંદ કરી શકશે. તે સુનિશ્ચિત કરવું પણ અનિવાર્ય છે કે, બાળક અને પરિવાર એક જ સામાજિક-સાંસ્કૃતિક માહોલથી સંબંધિત છે અને સારી રીતે એકબીજા સાથે હળીમળી ગયા હોય. ●



## ભારતને મળી G-20ની અધ્યક્ષતા

# આત્મનિર્ભર ભારતની વૈશ્વિક ઓળખ



**છેલ્લાં 8 વર્ષમાં, ભારત વૈશ્વિક પરિદશ્ય પર ઝડપથી ઉદયમાન થઈ રહ્યું છે અને ભારતની વૈશ્વિક ભૂમિકામાં પણ વધારો થયો છે. ખાસ કરીને છેલ્લા કેટલાક મહિનામાં ભારતને ઘણા મહત્વપૂર્ણ મંચોનું નેતૃત્વ કરવાનો અવસર પ્રાપ્ત થયો છે. ભારતને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ અને શાંઘાઈ સહયોગ સંગઠન (SCO) પછી, હવે 1 ડિસેમ્બર 2022 થી G-20ની અધ્યક્ષતા કરવાની ઐતિહાસિક તક મળી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતને મળેલી G-20ની અધ્યક્ષતા ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ બાબત એવું દર્શાવે છે કે 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવનાથી ભારતની પ્રતિષ્ઠા અને ધાક બંને વધી રહ્યા છે. ભારતની આ વૈશ્વિક સિદ્ધિ પર આજે દેશની જનતા ગૌરવ અનુભવી રહી છે.**

**ચાલો જાણીએ કે ભારતની G-20ની અધ્યક્ષતા કેવી રીતે સંરક્ષણ, સદ્ભાવના અને આશાની અધ્યક્ષતા સાથે વિશ્વનું ગૌરવ બનવા જઈ રહી છે...**



## अयं निजः परो वेति गणना, लघुचेतसाम्।
## उदारचरितानां तु वसुधैव कुटुम्बकम्॥

મતલબ કે, આ આપણો ભાઈ છે અને આ આપણો ભાઈ નથી, આ પ્રકારની ગણતરી માત્ર સંકુચિત મનના લોકો કરે છે. ઉદાર મનના લોકો (સંપૂર્ણ) પૃથ્વી જ એક પરિવાર છે તેવું માને છે. ભારતની સંસદના પ્રવેશ ખંડમાં પણ આવું જ લખેલું છે અને આ વિચાર ભારતની G-20 અધ્યક્ષતાનો મૂળ આધાર છે. શાસ્ત્રોના આ શ્લોકને લક્ષ્ય તરીકે ધ્યાનમાં રાખીને, ભારતે 1 ડિસેમ્બર 2022થી G-20ના અધ્યક્ષ તરીકે કામ કરવાનું શરૂ કર્યું છે. ભારતની આઝાદીના 75 વર્ષમાં આ અત્યાર સુધીનું સૌથી મોટું આયોજન બનવા જઈ રહ્યું છે, જે ભારતને અમૃતકાળમાં સુવર્ણ તક તરીકે મળી છે. G-20 એ એવા દેશોનો સમૂહ છે જેનું આર્થિક સામર્થ્ય વિશ્વની GDPના 85 ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. G-20 એ 19 દેશો અને યુરોપિયન યુનિયનનો સમૂહ છે, જે વિશ્વના 75 ટકા વેપારનું



# ગ્રૂપ ઓફ ટ્વેન્ટી (G-20)



આંતરરાષ્ટ્રીય આર્થિક સહયોગ માટેનો આ એક મુખ્ય મંચ છે. આ ફોરમ તમામ આંતરરાષ્ટ્રીય આર્થિક મુદ્દાઓને વૈશ્વિક રૂપ આપવા અને મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. હવે ભારતને આ મહત્વપૂર્ણ મંચની અધ્યક્ષતા કરવાનું સન્માન મળ્યું છે. ભારત 1 ડિસેમ્બર 2022 થી 30 નવેમ્બર 2023 સુધી તેની અધ્યક્ષતા કરશે.

## G-20ની સ્થાપના

G-20ની સ્થાપના 1999માં એશિયન નાણાકીય કટોકટી પછી વિકસિત અને વિકાસશીલ અર્થતંત્રોના સહયોગથી વૈશ્વિક આર્થિક અને નાણાકીય મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે નાણાં મંત્રીઓ અને સેન્ટ્રલ બેંકના ગવર્નરોના એક મંચ તરીકે કરવામાં આવી હતી. વર્ષ 2007 અને 2009ના વૈશ્વિક આર્થિક અને નાણાકીય કટોકટી પછી તેને સરકારના વડાના સ્તર સુધીનો દરજ્જો બદલીને તેનું નામ બદલીને 'આંતરરાષ્ટ્રીય આર્થિક સહકાર માટેનું મુખ્ય મંચ' રાખવામાં આવ્યું હતું. G-20એ શરૂઆતમાં મોટાપાયા પર આર્થિક મુદ્દાઓ પર જ ધ્યાન કેન્દ્રિત કરતું હતું. પરંતુ પાછળથી તેનું વિસ્તરણ કરવામાં આવ્યું અને તેના એજન્ડામાં વેપાર, જળવાયુ પરિવર્તન, દીર્ઘકાલિન વિકાસ, આરોગ્ય, કૃષિ, ઉર્જા, પર્યાવરણ, ભ્રષ્ટાચારનો વિરોધ તેમજ અન્ય બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો.

**અતિથિ દેશ**

G-20 સમિટમાં સભ્ય દેશો ઉપરાંત અન્ય ઘણા દેશોને અતિથિ તરીકે આમંત્રિત કરવામાં આવે છે. ભારતે અતિથિ દેશો તરીકે સ્પેન, બાંગ્લાદેશ, ઈજિપ્ત, મોરેશિયસ, સિંગાપોર, સંયુક્ત આરબ અમીરાત, નેધરલેન્ડ્સ, નાઈજીરિયા અને ઓમાનને આમંત્રિત કર્યા છે.

> **G-20 સમિટ માત્ર એક રાજદ્વારી કાર્યક્રમ નથી, પરંતુ તે વિશ્વ સમક્ષ ભારતની ક્ષમતા રજૂ કરવાની તક છે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

પ્રતિનિધિત્વ કરે છે. G-20 એ એક સમૂહ છે જેમાં વિશ્વની બે તૃતીયાંશ વસ્તીનો સમાવેશ થાય છે. ભારત હવે આ વિરાટ G-20 ના અધ્યક્ષ તરીકે નેતૃત્વ કરવા માટે આગળ વધી રહ્યું છે. આઝાદીના અમૃતકાળમાં દેશ સમક્ષ આ મોટી તક આવી છે, જે દરેક ભારતીય માટે ગર્વની વાત છે, તેમનું ગૌરવ વધારવાની વાત છે.

આજની દુનિયા, સામૂહિક નેતૃત્વ તરફ મોટી આશા સાથે જોઈ રહ્યું છે. ભલે પછી તે G-7 હોય, G-77 હોય કે પછી સંયુક્ત રાષ્ટ્ર હોય. આ માહોલમાં, G-20ના અધ્યક્ષ તરીકે ભારતની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે. ભારત એક તરફ, વિકસિત દેશો સાથે ગાઢ સંબંધો જાળવી રાખે છે અને સાથે સાથે વિકાસશીલ દેશોના દષ્ટિકોણને સારી રીતે

## G-20ના સભ્ય

ગ્રૂપ ઓફ ટ્વેન્ટીમાં 19 દેશ અને યુરોપીયન સંઘ સામેલ છે




**"જળવાયુ પરિવર્તન સામેની લડાઈમાં ડિજિટલ સોલ્યુશન્સ પણ મદદરૂપ થઈ શકે છે. પરંતુ આ લાભો આપણને ત્યારે જ મળશે જ્યારે ડિજિટલ ઍક્સેસ ખરેખર સર્વસમાવેશી હશે, ટેક્નોલોજીનો ઉપયોગ ખરેખરમાં વ્યાપક હશે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

સમજે છે, તેને વ્યક્ત કરે છે. આના આધારે, પોતાની G-20ની અધ્યક્ષતાની રૂપરેખા 'ગ્લોબલ સાઉથ'ના એવા તમામ મિત્રો સાથે મળીને તૈયાર કરવા જઈ રહ્યા છે જેઓ વિકાસના માર્ગ પર દાયકાઓથી ભારતના સહ-પ્રવાસીઓ રહ્યાં છે. હંમેશા ભારતનો પ્રયાસ રહેશે કે વિશ્વમાં કોઈ ફર્સ્ટ વર્લ્ડ કે થર્ડ વર્લ્ડ ન હોવા જોઈએ, પરંતુ વન વર્લ્ડ એટલે કે એક વિશ્વ હોવું જોઈએ. ભારત સમગ્ર દુનિયાના 'સામાન્ય હેતુ' માટે, સારા ભવિષ્ય માટે સમગ્ર વિશ્વને એકસાથે લાવવાના વિઝન પર કામ કરી રહ્યું છે. ભારતે વન સન, વન વર્લ્ડ, વન ગ્રીડના મંત્ર સાથે વિશ્વમાં અક્ષય ઉર્જા ક્રાંતિનું આહ્વાન કર્યું છે. ભારતે વન અર્થ, વન હેલ્થના મંત્ર સાથે વૈશ્વિક સ્વાસ્થ્યને મજબૂત બનાવવાનું અભિયાન શરૂ કર્યું છે. અને હવે G-20 માં પણ ભારતનો મંત્ર છે – એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય. ભારતના આ જ વિચારો, આ સંસ્કારો વિશ્વ કલ્યાણનો માર્ગ મોકળો કરે છે.

### G-20ની અધ્યક્ષતા સમગ્ર રાષ્ટ્રની છે

G-20ની અધ્યક્ષતા સમગ્ર દેશનું છે. આ આયોજન માત્ર કોઈ સરકારી આયોજન નથી, પણ આપણે સૌ ભારતીયોનું આયોજન છે. G-20 એ 'અતિથિ દેવો ભવ' ની આપણી પરંપરા બતાવવાની પણ એક શ્રેષ્ઠ તક છે. G-20 સાથે સંકળાયેલા આયોજનો માત્ર દિલ્હી અથવા અમુક સ્થળો સુધી મર્યાદિત નહીં રહે. આ અંતર્ગત દેશના ખૂણે ખૂણે કાર્યક્રમો યોજવામાં આવશે, કારણ કે દરેક રાજ્યની પોતાની વિશેષતા છે, પોતાનો વારસો છે. દરેક રાજ્યની પોતાની સંસ્કૃતિ છે, તેની પોતાની સુંદરતા છે, તેની પોતાની આભા છે, તેમનું પોતાનું આતિથ્ય છે.

G-20નું અધ્યક્ષપદ ભારતને વિશ્વ સમક્ષ રજૂ કરવાની તક આપે છે. ભારત પ્રત્યે વૈશ્વિક જિજ્ઞાસા અને આકર્ષણ છે

# G-20 સંગઠનને સમજો

> G-20ની અધ્યક્ષતા દરમિયાન, ભારત 'વસુધૈવ કુટુમ્બકમ્'ની સાથે સાથે 'અતિથિ દેવો ભવ:'ની પ્રાચીન પરંપરાથી બધાને પરિચિત કરાવશે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

જે G-20 અધ્યક્ષપદની ક્ષમતામાં વધારો કરે છે. તે પર્યટન અને સ્થાનિક અર્થતંત્ર માટે મોટી તકો લઈને આવ્યું છે, તેથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, ભારતની G20ની અધ્યક્ષતા સમગ્ર દેશની છે અને સમગ્ર વિશ્વને ભારતની તાકાત બતાવવાની આ એક અનોખી તક છે.

### ભારતીયતાના રંગોમાં રંગાયું G-20

ભારતમાં G-20ના અધ્યક્ષપદના મુખ્ય સંયોજક હર્ષવર્ધન શ્રૃંગલાએ જણાવ્યું છે કે, દેશના 56 શહેરોમાં G-20ના વિવિધ સમૂહોની 215 બેઠકો યોજવામાં આવશે. આ બેઠકો જે રાજ્યો અને શહેરોમાં યોજવામાં આવી રહી છે ત્યાં સંપૂર્ણ કાળજી રાખવામાં આવી રહી છે કે ભ્રમણ, ભોજન સમારંભો અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા મહેમાનોને સંબંધિત શહેરમાં ભારતીય પ્રકૃતિ, સંસ્કૃતિ, વારસો, આસ્થા અને પરંપરાનો પરિચય આપી શકાય. કુદરતી સૌંદર્ય, નાઈટ લાઈફ, રામસર (જળ સંતૃપ્ત ભૂમિ) સાઈટ, વિશ્વનો સૌથી નાનો નદી ટાપુ, યુનેસ્કો હેરિટેજ સાઈટ, આર્કિટેક્ચર, ટેમ્પલ હેરિટેજ, પેલેસ, હવેલી, સાંસ્કૃતિક રાજધાની, આંતરરાષ્ટ્રીય સંગઠન અને આંતરરાષ્ટ્રીય આકર્ષણો મૂકવામાં આવ્યા છે. પ્રારંભિક બેઠકોમાં અતિથિઓનું ભારતીય પરંપરા અને આતિથ્ય અનુસાર સ્વાગત કરવામાં આવ્યું અને સાથે સાથે, રાજસ્થાની સાફા, લોકનૃત્ય, હેરિટેજ સાઈટ ભ્રમણ, મુંબઈમાં ગેટવે ઓફ ઈન્ડિયા અને બેંગલુરુમાં બેઠક બાદ આ ક્ષેત્રમાં વિશ્વમાં નંબર-1 ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સની મુલાકાત લઈને રોબોટિક્સ અને નેનોટેકના સ્ટાર્ટઅપનું કામ બતાવવામાં આવ્યા હતું. સાથે સાથે, દરેક આયોજન સ્થળે લોકનૃત્યો ઉપરાંત, સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હોવાથી G-20 મહેમાનો ભારતીયતાના રંગમાં રંગાઈ ગયા હતા.

G-20 દેશો સાથે ઑગસ્ટમાં યોજાનાર કાર્યક્રમમાં ભારત દેશના સોફ્ટ પાવર યોગ અને આયુર્વેદ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને



- G-20ના અધ્યક્ષ એક વર્ષ માટે સંગઠનના એજન્ડાનું સંચાલન કરે છે અને શિખર સંમેલનનું આયોજન કરે છે. G-20માં બે સમાંતર ટ્રેક હોય છે, જે - નાણાકીય ટ્રેક અને શેરપા ટ્રેક છે. નાણાં મંત્રી અને સેન્ટ્રલ બેંકના ગવર્નર નાણાકીય ટ્રેકનું નેતૃત્વ કરે છે, જ્યારે શેરપા ટ્રેકનું નેતૃત્વ શેરપાઓ સંભાળે છે.
- આ બે ટ્રેકની અંદર અલગ અલગ વિષયોના કાર્યકારી સમૂહો હોય છે જેમાં સંબંધિત મંત્રાલયના પ્રતિનિધિઓની સાથે આમંત્રિત અથવા અતિથિ દેશો અને વિવિધ આંતરરાષ્ટ્રીય સંગઠન પણ સામેલ હોય છે. શેરપા આખા વર્ષ દરમિયાન ચર્ચાઓ દેખરેખ રાખે છે. સાથે જ, શિખર સંમેલનમાં એજન્ડાના વિષયો પર ચર્ચા કરે છે અને G-20ના ખાસ કાર્યોનું સંકલન કરે છે.
- આ ઉપરાંત, સહભાગી સમૂહ છે. આ સમૂહ G-20 દેશોના નાગરિક સમાજો, સાંસદો, થિંક ટેન્ક, મહિલાઓ, યુવાનો, શ્રમ, વ્યવસાય અને સંશોધકોને ભેગા કરે છે.
- આ સમૂહ પાસે કાયમી સચિવાલય નથી. અધ્યક્ષનો સાથ - અગાઉના અને આવનારા અધ્યક્ષો આપે છે. ભારતના અધ્યક્ષપદ દરમિયાન ટ્રોઈકામાં ત્રણ વિકાસશિલ દેશ છે જે અનુક્રમે ઈન્ડોનેશિયા, ભારત અને બ્રાઝિલ છે.



## શેરપા ટ્રેક

- પ્રાથમિકતાઓ પર ચર્ચા કરવા અને ભલામણો સબમિટ કરવા માટે શેરપા ટ્રેકના માધ્યમથી 13 કાર્યકારી સમૂહો અને 2 પહેલ ભારતની અધ્યક્ષતામાં મુલાકાત કરશે. આ કાર્ય સમૂહમાં G-20ની નિર્ણય લેવાની પ્રક્રિયાના ભાગ રૂપે, કાર્યકારી સમૂહોમાં નિષ્ણાતો અને સંબંધિત મંત્રાલય સામેલ હોય છે જે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રાસંગિક અનેક મુદ્દાઓના ઊંડાણપૂર્વક વિશ્લેષણમાં અગ્રેસર ભૂમિકા નિભાવે છે. આમાં કૃષિ, ભ્રષ્ટાચાર રોકવો, સંસ્કૃતિ, ડિજિટલ અર્થતંત્ર, આપત્તિના જોખમમાં ઘટાડો કરવો, વિકાસ, શિક્ષણ, રોજગાર, પર્યાવરણ-જળવાયુ સ્થિરતા, ઉર્જા, આરોગ્ય, વેપાર, રોકાણ જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે.
- આ વખતે ભારતના G-20 શેરપા અમિતાભ કાંત છે. વિવિધ કાર્યકારી સમૂહો દ્વારા, શેરપાઓ તેમના દેશના હિતોની તરફેણમાં માહોલ બનાવે છે. G-20 શેરપાની સ્થિતિ પ્રભાવશાળી હોવા છતાં, તેમની પાસે સમજૂતી કરવાનો અધિકાર હોતો નથી.

## શેરપાનો અર્થ સમજો

- આ શબ્દ નેપાળી શેરપા પરથી આવ્યો છે. શેરપા લોકો હિમાલયમાં પર્વતારોહકો માટે ભોમિયા તરીકે કામ કરે છે. G-20 સમિટમાં દરેક સભ્ય દેશમાંથી માત્ર એક જ શેરપા ભાગ લઈ શકે છે, જેની નિમણૂક સરકાર દ્વારા કરવામાં આવે છે. આ પદ પર દેશના રાજદ્વારી, રાજકીય અનુભવ ધરાવતા નેતા અથવા કોઈપણ વરિષ્ઠ સરકારી અધિકારીની નિમણૂક કરી શકાય છે.

> અમારી પ્રાથમિકતાઓ આપણી 'એક પૃથ્વી'ને ઠીક કરવા પર, આપણા 'એક પરિવાર'માં સદભાવ ઉભો કરવા પર અને આપણા 'એક ભવિષ્ય'ની આશા આપવા પર કેન્દ્રિત હશે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

પ્રતિનિધિઓ સમક્ષ રજૂ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. નાડી વૈદ્યને બેસાડવાની પણ તૈયારી છે. દરેક G-20 બેઠકની શરૂઆતમાં અથવા સમાપનમાં યોગનો સમાવેશ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વિવિધ ફોરમમાં પરંપરાગત દવા અંગે ચર્ચા કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. G-20 દેશોમાંથી 14 દેશો સાથે ભારત દેશ-થી-દેશ અથવા રાજ્ય-થી-રાજ્ય કરાર (MoU) ધરાવે છે. આવી સ્થિતિમાં ભારત, G-20માં પરંપરાગત દવાઓની એક અલગ ઈકો સિસ્ટમ બનાવવાનો પ્રયાસ કરશે.

### યુદ્ધ નહીં, વિશ્વ એક પરિવારની ભાવના

1 ડિસેમ્બરથી G-20ના અધ્યક્ષપદની શરૂઆતના આ ઐતિહાસિક અવસર પર, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી છે કે, ભારતનો G-20 એજન્ડા હશે - સમાવેશી, મહત્વાકાંક્ષી, કાર્યલક્ષી અને નિર્ણાયક રહેશે. તેમણે એક ખાસ બ્લોગમાં લખ્યું છે કે, G-20ની અધ્યક્ષતા દરમિયાન ભારત એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્યની ભાવનાને સાકાર કરશે. તેમણે ખાસ ભારપૂર્વક કહ્યું કે, આપણા અસ્તિત્વ માટે લડવાની જરૂર નથી. આપણા યુગને યુદ્ધનો યુગ બનાવવાની જરૂર નથી. દુનિયા આજે આબોહવા પરિવર્તન, આતંકવાદ, મહામારી જેવા સૌથી મોટા પડકારોનો સામનો કરી રહી છે, તેનો ઉકેલ એકબીજા સાથે લડીને નહીં, પરંતુ સાથે મળીને કામ કરીને શોધી શકાય છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, લોકશાહીની જનેતા તરીકે, ભારતની રાષ્ટ્રીય સહમતિ કોઈ આદેશથી નહીં, પરંતુ કરોડો સ્વતંત્ર અવાજોને એક સૂર જોડીને બનાવવામાં આવી છે.

પ્રધાનમંત્રીએ એમ પણ કહ્યું છે કે, આજે ભારત સૌથી ઝડપથી વિકાસ પામી રહેલું અર્થતંત્ર છે. સાથે



## નાણાકીય ટ્રેક:

G-20 નાણાકીય ટ્રેક નાણાં મંત્રીઓ અને સેન્ટ્રલ બેંકના ગવર્નરો, કેન્દ્રીય બેંકોના નાયબ પ્રમુખો અને વિવિધ કાર્ય સમૂહોની બેઠકો દ્વારા વૈશ્વિક વ્યાપક આર્થિક મુદ્દાઓ પર ચર્ચા કરે છે. નાણાકીય ટ્રેક દ્વારા હાથ ધરવામાં આવતા કેટલાક મુખ્ય મુદ્દાઓમાં વૈશ્વિક આર્થિક દષ્ટિકોણ અને વૈશ્વિક આર્થિક જોખમોનું નિરીક્ષણ; વધુ સ્થિર અને સ્થિતિસ્થાપક વૈશ્વિક નાણાકીય સંરચના માટે સુધારા; G-20 ફાસ્ટ ટ્રેકમાં આંતરરાષ્ટ્રીય કરવેરા; ગુણવત્તાયુક્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ધિરાણ; લાંબા ગાળાના ધિરાણ; નાણાકીય સમાવેશીતા; નાણાકીય ક્ષેત્રમાં સુધારો, ભવિષ્યની આરોગ્ય કટોકટી માટે ધિરાણ, મહામારીની રોકથામ, સજ્જતા અને પ્રતિક્રિયામાં રોકાણ છે. નાણાકીય ટ્રેકની ખાસ કરીને મહામારી પછીના તબક્કામાં કેટલીક મુખ્ય સિદ્ધિઓ છે જેમાં, ઋણ સેવા સસ્પેન્શન ઈનિશિયેટિવ (DSSI), DSSIથી આગળ ડેબ્ટ રિઝોલ્યુશન માટે સામાન્ય ફ્રેમવર્ક, G-20 દીર્ઘકાલિન ફાઈનાન્સ રોડમેપ, અર્થતંત્રના ડિઝિટાઈઝેશનથી ઉભા થતા પડકારોનો દ્વીપક્ષીય ઉકેલ, ગુણવત્તાયુક્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ માટે G-20 સિદ્ધાંતો, મહામારી PPR માટે નાણાકીય મધ્યસ્થી ફંડ (FIF) બનાવવાની દરખાસ્ત વગેરે છે.

## સહભાગી સમૂહ:

સહભાગી સમૂહ, જેમાં દરેક G-20 સભ્ય દેશના બિન-સરકારી સહભાગીઓનો સમાવેશ થાય છે. આ સમૂહો G-20 નેતાઓ સમક્ષ ભલામણો રજૂ કરે છે અને નીતિ ઘડવાની પ્રક્રિયામાં યોગદાન આપે છે. જેમાં બિઝનેસ-20, સિવિલ-20, શ્રમ-20, સંસદ-20, સાયન્સ-20, SAI-20, થિંક-20, અર્બન-20, વુમન-20, યુથ-20 અલગ અલગ વર્ષોમાં ઉમેરવામાં આવ્યા છે. આ વખતે ભારતે આર્થિક વૃદ્ધિ અને વિકાસ માટે ભાગીદારી તરીકે સ્ટાર્ટઅપ-20 સમૂહનો પ્રસ્તાવ મૂક્યો છે. ભારતે એવો તર્ક આપ્યો છે કે, સ્ટાર્ટઅપ સહયોગને પ્રોત્સાહન આપે છે તેમજ ઈનોવેશનને પ્રોત્સાહન આપે છે અને દીર્ઘકાલિન વિકાસના લક્ષ્યો પ્રાપ્ત કરવામાં અર્થતંત્રોને સહયોગ કરે છે. આ સમૂહ વિકાસ સંબંધિત પડકારો સહિત અન્ય અવરોધોને દૂર કરવા અને G-20 દેશોના નેતાઓની કાર્યવાહી માટે તેની ભલામણો આપશે.

**" અમારો પ્રયાસ રહેશે કે દુનિયામાં કોઈ ફર્સ્ટ વર્લ્ડ કે થર્ડ વર્લ્ડ ન હોય, પરંતુ માત્ર વન વર્લ્ડ હોય.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

સાથે, તેમણે અંતમાં કહ્યું છે કે, ભારતની G-20 અધ્યક્ષતાને સંરક્ષણ, સદભાવ અને આશાની અધ્યક્ષતા બનાવવા માટે એક થવું આવશ્યક છે. આ સિવાય ભારત દ્વારા જે એજન્ડા પર ભાર મૂકવામાં આવ્યો છે તેમાં ડેટા ફોર ડેવલપમેન્ટ, મિશન લાઈફ, મહિલાઓના નેતૃત્વમાં વિકાસનો સમાવેશ થાય છે, જેમાં ભારતે એક દિશા નિર્ધારિત કરી છે.

### ભારતમાં દુનિયાને રહેલા વિશ્વાસનું પ્રતીક

દુનિયામાં જ્યારે પણ G-20 જેવા મોટા મંચોનું કોઈ સંમેલન યોજવામાં આવે છે, ત્યારે તેનો પોતાનો રાજદ્વારી અને ભૂ-રાજકીય અર્થ હોય છે. પરંતુ ભારત માટે G-20 સમિટ માત્ર કોઈ રાજદ્વારી મેળાવડો નથી. ભારત આને પોતાના માટે એક નવી જવાબદારી તરીકે જુએ છે. પોતાનામાં દુનિયાએ મૂકેલા વિશ્વાસ



## 56 શહેરોમાં G-20ની 215 બેઠકો યોજાશે

ભારતમાં G-20ની અધ્યક્ષતાના મુખ્ય સંયોજક હર્ષવર્ધન શ્રૃંગલાએ માહિતી આપી છે કે દેશના 56 શહેરોમાં વિવિધ G-20 સમૂહોની 215 બેઠકો યોજવામાં આવશે. બેઠકોનું આયોજન કરવા માટે પ્રારંભિક તબક્કે પસંદ કરાયેલા શહેરોમાં ચંદીગઢ, લખનઉ, ખજુરાહો, કોલકાતા, ગુવાહાટી, ઉદયપુર, જોધપુર, કચ્છનું રણ, ઈન્દોર, સુરત, મુંબઈ, પુણે, બેંગલુરુ, ચેન્નઈ, તિરુવનંતપુરમનો સમાવેશ થાય છે. જોકે યજમાન શહેરોની યાદી હજુ પણ વધારો કે ઘટાડો થઈ રહ્યો છે. પૂર્વોત્તરમાં સિક્કિમમાં બે બેઠકો યોજાશે. સિક્કિમમાં પ્રથમ વ્યવસાય બેઠક 16 માર્ચ 2023ના રોજ અને બે દિવસ પછી બીજી બેઠક યોજાશે. સિક્કિમ હિમાલયનું રાજ્ય છે. તેમાં ઉપલબ્ધ પ્રાકૃતિક સૌંદર્ય, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રહેઠાણની સુવિધાઓને ધ્યાનમાં રાખીને, તેને G-20ની વ્યવસાય બેઠકો અને સ્ટાર્ટ-અપ બેઠકોનું આયોજન કરવા માટે તેને પસંદ કરવામાં આવ્યું છે.

તરીકે જુએ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતની છબી માત્ર બદલાઈ જ નથી, પરંતુ દેશમાં માન અને વિશ્વમાં સન્માન પણ વધ્યું છે. આજે દુનિયામાં ભારતને જાણવા અને સમજવાની અભૂતપૂર્વ જિજ્ઞાસા જોવા મળી રહી છે. નવા પરિદૃશ્યમાં ભારતનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે અને વર્તમાનની સફળતાઓનું પણ મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. એટલું જ નહીં, ભારતના ભવિષ્ય માટે અભૂતપૂર્વ આશાઓ પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં G-20ના અધ્યક્ષપદે ભારત પણ પોતાની વિચારશક્તિ અને સામર્થ્ય, સંસ્કૃતિ અને સામાજિક શક્તિનો વિશ્વને પરિચય કરાવવા માટે તૈયાર છે. આજે જ્યારે ભારત G-20ની અધ્યક્ષતા કરવા જઈ રહ્યું છે, ત્યારે આ આયોજન 130 કરોડથી વધુ ભારતીયોની શક્તિ અને સામર્થ્યનું પ્રતિનિધિત્વ કરે છે.

> **વિકાસ માટેનો ડેટા ભારતના G-20 અધ્યક્ષપદની થીમનો અભિન્ન ભાગ હશે. 10 વર્ષમાં અમે દરેકના જીવનમાં ડિજિટલ પરિવર્તન લાવીશું.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

# ભારતની G-20ની અધ્યક્ષતા : મહત્વ અને અવસર

> G-20ની અધ્યક્ષતામાં ભારત તેની હજારો વર્ષ જૂની સંસ્કૃતિ અને આધુનિકતા સાથે વિશ્વની જ્ઞાન વૃદ્ધિ અને કલ્યાણ માટે કામ કરશે.
> - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય. આ જ વિચારો અને મૂલ્યો છે જેના દ્વારા ભારત વિશ્વના કલ્યાણનો માર્ગ મોકળો કરશે. ભારતની અધ્યક્ષતા માત્ર આ દેશ માટે યાદગાર રહેશે એવું નથી, પરંતુ ભવિષ્ય તેને વિશ્વના ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ પ્રસંગ તરીકે પણ ગણાવશે. G-20ની અધ્યક્ષતા એ ભારત માટે મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વૈશ્વિક એજન્ડામાં યોગદાન આપવાનો અનોખો અવસર છે.

- ભારત એક તરફ વિકસિત દેશો સાથે ગાઢ સંબંધો જાળવી રાખે છે અને બીજી તરફ વિકાસશીલ દેશોના વિચારોને સમજે છે અને તેમને અસરકારક રીતે વ્યક્ત પણ કરે છે. આના આધારે, ભારત દાયકાઓથી વિકાસના માર્ગની સફરમાં સાથે રહેલા રહેલા 'ગ્લોબલ સાઉથ'ના તેના તમામ મિત્રો સાથે G-20ના અધ્યક્ષપદ માટે બ્લૂ પ્રિન્ટ તૈયાર કરશે.
- G-20ના અધ્યક્ષ તરીકે, ભારત આખા વર્ષ માટે એજન્ડા નિર્ધારિત કરી રહ્યું છે. આમાં, વિષયોની ઓળખ કર્યા પછી, એ તમામ ક્ષેત્રો પર તે ધ્યાન કેન્દ્રિત કરશે. તે વિષયો પર વૈશ્વિક ચર્ચા કર્યા પછી, તેમના પરિણામોનો દસ્તાવેજ રજૂ કરશે.
- ભારત ઊર્જા, કૃષિ, વેપાર, ડિજિટલ અર્થતંત્ર, આરોગ્ય અને પર્યાવરણથી લઈને રોજગાર, પ્રવાસન, ભ્રષ્ટાચારનો વિરોધ અને મહિલા સશક્તિકરણ સુધીના વિવિધ સામાજિક અને આર્થિક ક્ષેત્રોમાં સામેલ છે. સૌથી વધુ સંવેદનશીલ અને હાંસિયામાં રહેલા લોકોને અસર કરતા મુદ્દાઓને તેમની પ્રાથમિકતાઓ અંગે આંતરરાષ્ટ્રીય સમર્થન પ્રાપ્ત કરશે.
- એવા વિષયોને એજન્ડામાં મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે, જેના માટે ભારત પહેલાંથી જ ઘણા મંચો પર આગેવાની લઈ રહ્યું છે. આ શ્રેણીમાં બેઠકોમાં, સમૃદ્ધ વારસો અને પરંપરા ધરાવતા શહેરો સાથે ભારતનો સોફ્ટ પાવર દર્શાવતા કાર્યક્રમો અને આયોજનોને સામેલ કરવામાં આવી રહ્યા છે.

આજે ભારત આ મુકામ પર પહોંચ્યું છે, તો તેની પાછળ હજારો વર્ષોની સફર અને અનંત અનુભવો જોડાયેલા છે. ભારતે હજારો વર્ષોનો ઉત્કર્ષ અને વૈભવ જોયા છે અને વિશ્વનો અંધકારમય સમય પણ જોયો છે. સદીઓની ગુલામી અને અંધકારમાં જીવવાની મજબૂરીથી ભરેલા દિવસો જોયા છે. ઘણા આક્રમણકારો અને અત્યાચારોનો સામનો કરીને ભારત આજે એક જીવંત ઈતિહાસને પોતાનામાં સમેટીને અહીં પહોંચ્યું છે. આ જ અનુભવ આજે ભારતની વિકાસયાત્રામાં તેમની સૌથી મોટી તાકાત છે. આઝાદી પછી, શૂન્યથી શરૂ કરીને, શિખર પર પહોંચવાનું લક્ષ્ય રાખીને, એક મોટી યાત્રા શરૂ કરી. આમાં આઝાદી પછીના છેલ્લા 75 વર્ષોમાં જે પણ સરકારો રહી છે તે સૌના પ્રયાસો સામેલ છે. તમામ સરકારો અને નાગરિકોએ પોત-પોતાની રીતે ભારતને આગળ લઈ જવાનો પ્રયાસ કર્યો. આ ભાવના સાથે, G-20ની અધ્યક્ષતા કરી રહેલું ભારત સમગ્ર વિશ્વને સાથે લઈને એક નવી ઉર્જા સાથે આગળ વધવા માટે તૈયાર છે.

## ભારતની પ્રગતિમાં જ વિશ્વની પ્રગતિ

ભારતની હજારો વર્ષ જૂની સંસ્કૃતિએ હંમેશા શીખવ્યું છે કે, જ્યારે આપણે આપણી પોતાની પ્રગતિ માટે પ્રયત્ન કરીએ છીએ, ત્યારે આપણે વૈશ્વિક પ્રગતિની પણ કલ્પના કરીએ છીએ. આજે ભારત સમગ્ર વિશ્વમાં એક એવી સમૃદ્ધ અને જીવંત લોકશાહી છે, જે લોકશાહીના સંસ્કાર પણ ધરાવે છે અને લોકશાહીની જનેતા તરીકેની ભવ્ય પરંપરા પણ ધરાવે છે. ભારતમાં જેટલી વિશિષ્ટતા છે એટલી જ વિવિધતા પણ છે. G-20 ના અધ્યક્ષ તરીકે ભારત વિશ્વને બતાવવા માટે તૈયાર છે કે, કેવી રીતે લોકશાહી એક પ્રણાલી અને સંસ્કૃતિ બની જાય છે, ત્યારે હિતોના ટકરાવ અથવા સંઘર્ષને કોઈ જ અવકાશ નથી રહેતો. ભારત આજે વિશ્વના દરેક માણસને ખાતરી આપવાની સ્થિતિમાં છે કે, પ્રગતિ અને પ્રકૃતિ બંને

# પ્રતીક ચિહ્ન અને થીમ

भारत 2023 INDIA
वसुधैव कुटुम्बकम्
ONE EARTH • ONE FAMILY • ONE FUTURE

G-20 નો લોગો ભારતના રાષ્ટ્રધ્વજના જીવંત રંગો - કેસરી, સફેદ, લીલો અને વાદળીથી પ્રેરિત છે. તે પૃથ્વી ગ્રહને ભારતના રાષ્ટ્રીય ફૂલ, કમળ સાથે સાંકળે છે, જે પડકારો વચ્ચે વિકાસનું પ્રતિનિધિત્વ કરે છે. તેમાં રહેલી પૃથ્વી, આ ગ્રહને ભારત દ્વારા આપવામાં આવતા સમર્થન અને જીવન પ્રત્યે પ્રકૃતિ સાથે સંપૂર્ણ સૂમેળના દ્દષ્ટિકોણની ફિલસુફી છે.

## G-20 વેબસાઈટ

ભારતના G-20 અધ્યક્ષપદની વેબસાઈટ www.g20.in પ્રધાનમંત્રી મોદીએ લોન્ચ કરી હતી. આ વેબસાઈટ 1 ડિસેમ્બર 2022 થી મૂળ G-20 અધ્યક્ષતાની વેબસાઈટ www.g20.org પર કાર્યરત છે. આ વેબસાઈટ G-20ની મુખ્ય માહિતી અને વ્યવસ્થાઓ ઉપરાંત માહિતીના ભંડાર તરીકે કામ કરી રહી છે. આ વેબસાઈટમાં નાગરિકો માટે તેમના સૂચનો આપવા માટે એક વિભાગનો સમાવેશ કરેલો છે.

## ભારતની G-20ની અધ્યક્ષતાની થીમ

"વસુધૈવ કુટુમ્બકમ" એ એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય છે, જે મહા ઉપનિષદના પ્રાચીન સંસ્કૃત ગ્રંથમાંથી લેવામાં આવ્યું છે. વાસ્તવમાં, આ થીમ પૃથ્વી ગ્રહ પરના તમામ મનુષ્યો, પ્રાણીઓ, છોડ અને સૂક્ષ્મ જીવોના જીવનના મૂલ્ય અને વિશાળ બ્રહ્માંડમાં તેમના આંતરસંબંધોની પુષ્ટિ કરે છે. આ થીમ પર્યાવરણ માટે જીવનશૈલી (LiFE) સાથે વ્યક્તિગત જીવનશૈલીના સ્તરે પર્યાવરણની દ્દષ્ટિએ ટકાઉક્ષમ અને જવાબદારીપૂર્ણ વિકલ્પની સાથે સાથે રાષ્ટ્રીય વિકાસને રેખાંકિત કરે છે.

- G-20નો આ લોગો (Logo) માત્ર એક પ્રતીક ચિહ્ન નથી. આ એક સંદેશ છે. તે એક ભાવના છે જે આપણી નસોમાં દોડે છે. આ એક સંકલ્પ છે, જે આપણા વિચારમાં સમાયેલો છે.
- 'વસુધૈવ કુટુમ્બકમ'ના મંત્ર દ્વારા આપણે જે વિશ્વ બંધુત્વની ભાવના જીવીએ છીએ તે આ લોગો અને થીમમાં પ્રતિબિંબિત થઈ રહી છે.
- લોગોમાં કમળનું ફૂલ ભારતની પૌરાણિક ધરોહર, આપણી આસ્થા, આપણી બૌદ્ધિકતા, આ બધું એક સાથે દર્શાવે છે. આપણે ત્યાં અદ્વૈતનું ચિંત જીવ માત્રના એકત્વનું દર્શન રહ્યું છે. આ દર્શન આજના વિશ્વના સંઘર્ષો અને મૂંઝવણોના ઉકેલનું માધ્યમ બનવું જોઈએ.
- ભારતે આ પ્રતીક ચિહ્ન દ્વારા વિશ્વને આ સંદેશ આપ્યો છે. યુદ્ધમાંથી મુક્તિ માટે ભગવાન બુદ્ધે જે સંદેશ આપ્યો હતો અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ હિંસા સામેના પ્રતિકારમાં ઉકેલ માટે આપેલા અહિંસાના મંત્રને G-20 દ્વારા ભારત તેની વૈશ્વિક પ્રતિષ્ઠાને નવી ઉર્જા આપવામાં જોડાયું છે.

- **G-20 એપ:** વેબસાઈટ ઉપરાંત એન્ડ્રોઈડ અને iOS પ્લેટફોર્મ પર એક મોબાઈલ એપ "G20 India" પણ બહાર પાડવામાં આવી છે.
- **ટ્વીટર હેન્ડલ:** ભારતે અગાઉના અધ્યક્ષ પાસેથી ટ્વીટર હેન્ડલ @g20org સહિત અન્ય સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ લીધા છે.

સાથે મળીને ચાલી શકે છે. ટકાઉ વિકાસને માત્ર સરકારોની વ્યવસ્થાને બદલે લોકોના જીવનનો એક ભાગ બનાવવો પડશે. આજે દુનિયા ઈલાજને બદલે સ્વાસ્થ્ય શોધી રહી છે. ભારતનું આયુર્વેદ, યોગ, જેના વિશે વિશ્વમાં એક નવી માન્યતા અને ઉત્સાહ છે, તેના વિસ્તરણ માટે વૈશ્વિક સિસ્ટમ તરીકે ઉભરી આવી છે. આ વર્ષે પોષક (બરછટ) અનાજનું આંતરરાષ્ટ્રીય વર્ષ ઉજવવામાં આવી રહ્યું છે, જ્યારે ભારત સદીઓથી પોતાના ઘરના રસોડામાં ઘણાં બરછટ અનાજને સ્થાન આપી રહ્યું છે.

## ભારતની સફળતા અનુકરણીય રહેશે

છેલ્લા કેટલાક વર્ષોમાં અનેક ક્ષેત્રોમાં ભારતની ઉપલબ્ધિઓ એવી છે, જે વિશ્વના અન્ય દેશો માટે પણ ઉપયોગી થઈ શકે છે. ઉદાહરણ તરીકે, ભારતે જે રીતે ડિજિટલ ઈન્ડિયા અભિયાન અને ડિજિટલ ટેકનોલોજીનો વિકાસ, સમાવેશ, ભ્રષ્ટાચાર નાબૂદીકરણ, વ્યવસાય કરવામાં સરળતા અને જીવનની સરળતા



> ભારતની G-20 અધ્યક્ષતા સમાવેશી, મહત્વાકાંક્ષી, નિર્ણાયક અને ક્રિયાલક્ષી હશે. ચાલો આપણે ઉજ્જવળ ભવિષ્ય અને વૈશ્વિક કલ્યાણ તરફ નિર્ણાયક પગલાં માટે એકજૂથ થઈએ.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

માટે ઉપયોગ કર્યો છે તે તમામ વિકાસશીલ દેશો માટે રોલ મોડેલ સમાન છે. એટલું જ નહીં, આજનો ભારત મહિલા સશક્તિકરણથી આગળ વધી રહ્યો છે અને મહિલાઓના નેતૃત્વમાં વિકાસના પંથે આગળ વધી રહ્યો છે. જન ધન યોજના હોય કે મુદ્રા, મહિલાઓનો નાણાકીય સમાવેશ સુનિશ્ચિત કરવામાં આવ્યો છે. ભારતની વિચારસરણી આવા વિવિધ ક્ષેત્રોમાં પોતાના અનુભવને વિશ્વ સાથે શેર કરવાની છે જેથી તે વિશ્વના કલ્યાણમાં યોગદાન આપી શકે. G-20ની અધ્યક્ષતા ધરાવતું ભારત આ તમામ સફળ અભિયાનોને વિશ્વમાં લઈ જવાનું માધ્યમ બનશે.

## પીપલ્સ જી-20 બનાવવાની વિચારધારા

ભારતની G-20ની અધ્યક્ષતાનું મુખ્ય તત્વ G-20 ને લોકોની નજીક લઈ જવાનું અને તેને ખરેખર 'પીપલ્સ G-20' બનાવવાનું છે. આને સાકાર કરવા માટે સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ જનભાગીદારી પ્રવૃતિઓ દ્વારા નાગરિક જોડાણ અને મોટા પાયે જનભાગીદારીનું આયોજન કરવામાં આવ્યું છે. આ કારણથી જ, ભારતના અધ્યક્ષપદના પ્રથમ દિવસને ચિહ્નિત કરવા માટે, અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે, એક વિશેષ યુનિવર્સિટી કનેક્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દેશભરની 75 યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓને એક સાથે ભેગા કરવામાં આવ્યા હતા. યુનિવર્સિટી કનેક્ટ કાર્યક્રમનો ઉદ્દેશ્ય G-20 ગતિવિધિઓમાં યુવાનોને સામેલ કરવાનો હતો. વિવિધ શાળાઓમાં ખાસ G-20 સત્રો દ્વારા શાળાના વિદ્યાર્થીઓને પણ સામેલ કરવામાં આવ્યા હતા. તેવી જ રીતે, લોકોની ભાગીદારીને આગળ લઈ જઈને, કોહિમામાં

**G-20 એ 'અતિથિ દેવો ભવઃ'ની આપણી પરંપરા બતાવવાની પણ એક શ્રેષ્ઠ તક છે. દરેક રાજ્યની પોતાની વિશિષ્ટતાઓ હોય છે, તેનો પોતાનો વારસો હોય છે. દરેક રાજ્યની પોતાની સંસ્કૃતિ છે, તેની પોતાની સુંદરતા છે, તેની પોતાની આભા છે, તેનો પોતાનો વારસો છેઃ -**

- રાજસ્થાનનું આતિથ્યનું આમંત્રણ છે – પધારો મ્હારે દેસ!
- ગુજરાતનું પ્રેમપૂર્વકનું અભિવાદન છે – તમારું સ્વાગત છે!
- કેરળ આવો જ પ્રેમ મલયાલમમાં વ્યક્ત કરે છે – એલ્લાવર્ક્કુમ સ્વાગતમ્!
- 'અતુલ્ય ભારતનું દિલ' મધ્યપ્રદેશ કહે છે – આપકા સ્વાગત હૈ!
- પશ્ચિમ બંગાળમાં મીઠી બાંગ્લામાં આપનું સ્વાગત થાય છે – અપનાકે સ્વાગત જાનાઈ!
- તમિલનાડુ, કદઈએગલ મુડી-વદિલએ, તેઓ કહે છે - થંગલ વરવ નલ-વર-વાહુહઅ
- ઉત્તરપ્રદેશનો આગ્રહ હોય છે – યુપી નહીં દેખા તો ભારત નહીં દેખા.
- હિમાચલ પ્રદેશ 'A Destination for All Seasons and All Reasons' એટલે કે દરેક ઋતુ અને દરેક કારણમાં તમને બોલાવે છે.
- ઉત્તરાખંડ તો 'simply heaven' છે.
- આ આતિથ્ય, આ વિવિધતા વિશ્વને વિસ્મયમાં મૂકે છે. આપણે આપણા આ પ્રેમને G-20 દ્વારા દુનિયા સુધી પહોંચાડવાનો છે.




# શેરપા ટ્રેકની બેઠકો

**17 જાન્યુઆરીથી 18 જાન્યુઆરી**
ડિજિટલ અર્થતંત્ર પર DEWG કાર્યક્રમ, વર્ચ્યુઅલ.

**18 જાન્યુઆરીથી 20 જાન્યુઆરી**
આરોગ્ય કાર્ય સમૂહની પ્રથમ બેઠક, તિરુવનંતપુરમ

**31 જાન્યુઆરીથી 2 ફેબ્રુઆરી**
શિક્ષણ કાર્ય સમૂહની પ્રથમ બેઠક - ચેન્નાઇ.

**2 ફેબ્રુઆરીથી 4 ફેબ્રુઆરી**
રોજગાર કાર્ય સમૂહની પ્રથમ બેઠક - જોધપુર.

**5 ફેબ્રુઆરીથી 7 ફેબ્રુઆરી**
ઉર્જા કાર્ય સમૂહની પ્રથમ બેઠક - બેંગલુરુ.

**8 ફેબ્રુઆરીથી 10 ફેબ્રુઆરી**
પર્યટન કાર્ય સમૂહની પ્રથમ બેઠક - કચ્છનું રણ.

**8 ફેબ્રુઆરીથી 10 ફેબ્રુઆરી**
પર્યાવરણ અને જળવાયુ કાર્ય સમૂહની પ્રથમ બેઠક - બેંગલુરુ.

**13 ફેબ્રુઆરીથી 15 ફેબ્રુઆરી**
કૃષિ કાર્ય સમૂહની પ્રથમ બેઠક - ઈન્દોર.

**13 ફેબ્રુઆરીથી 15 ફેબ્રુઆરી**
ડિજિટલ અર્થતંત્ર કાર્ય સમૂહની પ્રથમ બેઠક - લખનઉ.

**23 ફેબ્રુઆરીથી 25 ફેબ્રુઆરી**
સંસ્કૃતિ કાર્ય સમૂહની પ્રથમ બેઠક - ખજુરાહો.

# નાણાકીય ટ્રેક

**16 જાન્યુઆરીથી 17 જાન્યુઆરી**
ઈન્ફ્રાસ્ટ્રક્ચર કાર્ય સમૂહની પ્રથમ બેઠક - પૂણે.

**30 જાન્યુઆરીથી 31 જાન્યુઆરી**
આંતરરાષ્ટ્રીય આર્થિક સંરચના કાર્ય સમૂહની પ્રથમ બેઠક - ચંદીગઢ.

**02 ફેબ્રુઆરીથી 3 ફેબ્રુઆરી**
દીર્ઘકાલિન ફાઈનાન્સ કાર્ય સમૂહની પ્રથમ બેઠક - ગુવાહાટી.

**21 ફેબ્રુઆરીથી 22 ફેબ્રુઆરી**
નાણાં અને કેન્દ્રીય પ્રતિનિધિઓની બીજી બેઠક - બેંગલુરુ.

**23 ફેબ્રુઆરીથી 25 ફેબ્રુઆરી**
નાણાં મંત્રીઓ અને સેન્ટ્રલ બેંકના ગવર્નરોની પહેલી બેઠક - બેંગલુરુ.

## નવી દિલ્હીમાં શિખર સંમેલન

G-20 દેશોના રાષ્ટ્રાધ્યક્ષોનું 18મું શિખર સંમેલન 9-10 સપ્ટેમ્બર 2023ના રોજ નવી દિલ્હી ખાતે યોજાશે. આ શિખર સંમેલન સમગ્ર વર્ષ દરમિયાન મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ અને નાગરિક સમાજ વચ્ચે થયેલી G20 પ્રક્રિયાઓ અને બેઠકોનું સમાપન હશે. નવી દિલ્હીના શિખર સંમેલનના સમાપન પર G-20 નેતાઓનો ઘોષણાપત્ર અપનાવવામાં આવશે, જે સંબંધિત મંત્રી સ્તરની બેઠકો અને કાર્ય સમૂહોની બેઠકો દરમિયાન જે પ્રાથમિકતાઓ પર ચર્ચા કરવામાં આવી હતી અને સંમતિ સાધવામાં આવી હતી તેના પ્રત્યે પ્રતિબદ્ધતા વ્યક્ત કરશે.

હોર્નબિલ મહોત્સવમાં G-20 પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું. યુનેસ્કોની કેટલીક વર્લ્ડ હેરિટેજ સાઈટ્સ સહિત 100 થી વધુ સ્મારકોને G-20 લોગોથી ખાસ પ્રકાશિત કરવામાં આવ્યા હતા. આટલું જ નહીં, નાગરિકોને આ રોશનીથી ઝળહળતા સ્મારકોની આસપાસ સેલ્ફી ઝુંબેશમાં જોડાવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. સેન્ડ આર્ટિસ્ટ સુદર્શન પટનાયકે ઓડિશાના પુરી બીચ પર ભારતના G-20 લોગોની સેન્ડ આર્ટ બનાવી હતી.

## પ્રશાસનિક વડાઓ અને રાજકીય નેતૃત્વ પાસેથી સહકાર માંગ્યો

ભારતના G-20ની અધ્યક્ષતાની ક્ષણ ખૂબ જ ગૌરવની ક્ષણ છે કારણ કે 2023માં વિશ્વના લગભગ તમામ મોટા વિકસિત અને વિકાસશીલ દેશોના રાષ્ટ્રાધ્યક્ષો એકસાથે ભારતની મુલાકાતે આવશે. શિખર સંમેલનમાં ભાગ લેશે અને ભારત તેમની યજમાની કરશે. ભારત, ભવિષ્ય માટે આ વૈશ્વિક વિશ્વાસને વધુ મજબૂત કરવા માંગે છે, તેથી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સરકારો અને પ્રશાસનિક વડાઓ અને રાજકીય પક્ષોના નેતૃત્વ સાથે અલગ-અલગ બેઠકો યોજીને તેમના સહયોગ માટે આહ્વાન કર્યું છે. આ પરામર્શ બેઠકોમાં, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું છે કે, ભારત માટે દેશની તાકાત, પર્યટન, રોકાણ અને કારોબારની તકો જે રાજ્યોમાં યોજાશે ત્યાં રજૂ કરવાની આ સારી તક છે.

G-20ની પાછલા 17 અધ્યક્ષોએ નોંધપાત્ર પરિણામો આપ્યા છે, જેમાં બૃહદ આર્થિક સ્થિરતા સુનિશ્ચિત કરવી, આંતરરાષ્ટ્રીય કરવેરાનું તર્કસંગત બનાવવા અને દેશોના માથે પડેલા દેવાના બોજને ઘટાડવાનો સમાવેશ થાય છે. પરંતુ ભારતની યાત્રા હવે અહીંથી આગળ વધવાની છે. સમગ્ર માનવજાતના કલ્યાણ માટે માનસિકતામાં મૂળભૂત પરિવર્તન લાવવાને ઉત્પ્રેરિત કરવાની છે. G-20ની ભારતની અધ્યક્ષતા દુનિયામાં એકતાની આ સાર્વત્રિક લાગણીને આગળ વધારવાની દિશામાં કામ કરશે. તેથી જ ભારતે વસુધૈવ કુટુમ્બકમ્ સાથે 'એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય'ની થીમ આપી છે.

**ચાલો આપણે સાથે મળીને માનવ-કેન્દ્રિત વૈશ્વિકીકરણના નવા માપદંડને આકાર આપવા માટે કામ કરીએ.**



## ભારતે G-20ની અધ્યક્ષતા મેળવ્યા પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મોટી વાતો કહી...

- સૌથી મોટા પડકારોનો ઉકેલ 'એકબીજા સાથે લડીને' નહીં પરંતુ સાથે મળીને કામ કરીને શોધી શકાય છે.
- ટેક્નોલોજી આપણને માનવજાતને લગતી સમસ્યાઓનું નિરાકરણ લાવવાનું સાધન આપે છે.
- ભારત દ્વારા તૈયાર કરવામાં આવેલા ડિજિટલ માસ સોલ્યુશનોને દુનિયા અત્યાર સુધીની સૌથી મોટી ક્રાંતિકારી પ્રગતિ માને છે.
- ભારતનો અનુભવ સમસ્યાઓના સંભવિત ઉકેલોનો માર્ગ બતાવી શકે છે.
- G-20ની અમારી પ્રાથમિકતાઓ ગ્લોબલ સાઉથના હિતો પર કેન્દ્રિત રહેશે.
- ભારત પ્રકૃતિના સંરક્ષક હોવાથી દીર્ઘકાલિન અને પર્યાવરણને અનુકૂળ જીવનશૈલીને પ્રોત્સાહન આપશે.
- ભારત ખાદ્ય, ખાતરો અને તબીબી ઉત્પાદનોના વૈશ્વિક પુરવઠાનું રાજનીતિકરણ ન થવા દેવાનો પ્રયાસ કરશે.
- ભારત શક્તિશાળી દેશો વચ્ચે મંત્રણાને પ્રોત્સાહન આપશે.

# પડકારોને અવસરમાં ફેરવવાની તકઃ બે નવા સમૂહોની ભેટ

G-20 મંચના માધ્યમથી ભારતમાં ડિજિટલ પરિવર્તન અને ઈનોવેશન વાળા સ્ટાર્ટઅપ્સની ગાથા શેર કરીને, ભારત વૈશ્વિક ડિજિટલ ક્રાંતિ અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને શક્તિ આપી શકે છે. એવી જ રીતે, આપત્તિ સંબંધિત જોખમો ઘટાડવા માટેના સહયોગ માટે આપત્તિ પ્રતિરોધક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગઠબંધન (CDRI) દ્વારા નેતૃત્વ કરી રહેલું ભારત, આ દિશામાં પણ 'એક પૃથ્વી' તરીકે ઊભા રહેવા માટે રાષ્ટ્રોને માર્ગદર્શિત કરવાનું નેતૃત્વ કરી શકે છે. આપણા 'એક ભવિષ્ય'ને આકાર આપવા માટે ભારત G-20નું અધ્યક્ષપદ સંભાળી રહ્યું છે તે બાબતને દુનિયા નજીકથી જોઈ રહી છે. એટલા માટે ભારતે G-20ની અધ્યક્ષતામાં ભારત સાથે વિશ્વના અગ્રતા અને જરૂરિયાતના એજન્ડાના આધારે બે નવા સમૂહો બનાવવાની પહેલ કરી છે.

### શેરપા ટ્રેકઃ આપત્તિ જોખમ ઘટાડા કાર્ય સમૂહ શરૂ કરવામાં આવ્યું

- આપત્તિ જોખમ ઘટાડા (ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન) પર એક નવું કાર્ય સમૂહ રચમાં આવ્યું છે જેને ભારતના અનન્ય યોગદાન તરીકે જોવામાં આવે છે. આ સમૂહની રચના ઈન્ડોનેશિયાના અધ્યક્ષપદ સહિત અગાઉની G-20 અધ્યક્ષતાઓ દરમિયાન આપત્તિના જોખમને ઘટાડવા માટે કરવામાં આવી હતી.
- આપત્તિ જોખમ ઘટાડા કાર્ય સમૂહ ક્લાઈમેટ ચેન્જ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વિકાસ કાર્ય સમૂહ સાથે મળીને કામ કરશે. G-20 દેશોમાં આપત્તિ જોખમ ઘટાડવા સંબંધિત સંસ્થાઓ અને વિષયો સંબંધિત ટેકનિકલ સાધનો છે જેનો ઉપયોગ કરી શકાય છે. ભારતનો પ્રયાસ એવો છે કે, આ કાર્ય સમૂહમાં એવી સર્વસંમતિ હોવી જોઈએ કે G-20 દેશો સામૂહિક રીતે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આપત્તિના જોખમને ઘટાડવાનું સામર્થ્ય પ્રાપ્ત કરે.

### સહભાગી સમૂહઃ ભારતની વિશ્વને ભેટ-સ્ટાર્ટઅપ-20

- કોઈપણ દેશની આર્થિક પ્રગતિ અને વિકાસમાં સ્ટાર્ટઅપ્સ એક સાધન તરીકે કામ કરે છે.
- તે સહયોગને પ્રોત્સાહન આપે છે અને સાથે સાથે સમગ્ર વિશ્વમાં ઈનોવેશનને પ્રોત્સાહન આપે છે અને અર્થતંત્રોને ટકાઉક્ષમ વિકાસના લક્ષ્યો પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.
- સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં ભારત ત્રીજો સૌથી મોટો દેશ છે. દેશમાં સ્ટાર્ટઅપ્સના વિશાળ નેટવર્ક સાથે, ભારતે G-20ની અધ્યક્ષતા દરમિયાન સ્ટાર્ટઅપ-20 સહયોગી સમૂહનો પ્રસ્તાવ મૂક્યો છે.
- સ્ટાર્ટઅપ-20 વિકાસ સંબંધિત પડકારો અને અન્ય અવરોધો દૂર કરવામાં G20 દેશોના નેતાઓને પગલાં લેવાની ભલામણ કરશે.

# સમયસર ભંડોળ માટે ભારત વિકસિત દેશો પર દબાણ બનાવશે

## જળવાયુ સંકટ બાબત



હરિત પરિવર્તન અને હરિત વિકાસને વેગ આપવા માટે જળવાયુ ભંડોળ એ મુખ્ય ચાવી છે. વિશ્વમાં વધી રહેલા જતી જળવાયુ સંકટ વચ્ચે, આના પર કાર્યવાહીમાં વધુ મોડું કરી શકાય તેમ નથી. ભારતે જળવાયુ સંકટનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય મંચમાં જળવાયુ ભંડોળ માટે સતત લડત આપી છે કારણ કે ભારત ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનની નોંધપાત્ર માત્રા માટે વિકસિત દેશોને જવાબદાર માને છે. આવી સ્થિતિમાં, G-20ની એક મુખ્ય જવાબદારી વિકસિત દેશોને જળવાયુ ભંડોળ પર વાત કરવા માટે તૈયાર કરવાની છે. 2009માં, યોજાયેલા કોપનહેગન વૈશ્વિક જળવાયુ શિખર સંમેલનમાં, વિકસિત દેશોએ જળવાયુ પરિવર્તનની અસરોનો સામનો કરવા માટે વિકાસશીલ દેશોને સંયુક્ત રીતે વાર્ષિક 100 અબજ ડૉલર આપવાનું વચન આપ્યું હતું, પરંતુ તે વચનને એક દાયકા કરતાં વધુ સમય વીતી ગયો છે તેમ છતાં માત્ર આંશિક રીતે પૂરું કરવામાં આવ્યું છે.

ઈન્ડોનેશિયાની અધ્યક્ષતામાં નવેમ્બર 15-16, 2022ના રોજ યોજાયેલા G-20 બાલી શિખર સંમેલનમાં નેતાઓની બાલી ઘોષણામાં, જળવાયુ સંકટનો સામનો કરવા માટે વિકાસશીલ દેશોને તમામ સ્રોતોથી અનુમાનિત, પર્યાપ્ત અને સમયસર રીતે નીતિનો મજબૂત કરવા માટે અને નાણાં ભંડોળ એકત્ર કરવાની જરૂરિયાતને સ્વીકારવા માટે કહેવામાં આવ્યું હતું. તેમાં કહેવામાં આવ્યું હતું કે, અમે વિકાસશીલ દેશોને સમર્થન આપવા માટે દર વર્ષે 100 અબજ ડૉલરના જળવાયુ ભંડોળ આપવાના નવા સામૂહિક જથ્થાત્મક લક્ષ્યાંક પર સતત ચર્ચાને સમર્થન આપીએ છીએ. આ સમયગાળા દરમિયાન ગ્લાસગો અને પેરિસ ક્લાઈમેટ સમજૂતીને પણ યાદ કરવામાં આવ્યા હતા. આ જ કારણ છે કે G-20ની અધ્યક્ષતા દરમિયાન ભારત વિકસિત દેશોને ગંભીરતાથી આ બાબતને ફરીથી યાદ કરાવવા માંગે છે.

ભારત, G-20ના તેના અધ્યક્ષપદ દરમિયાન, જળવાયુ પરિવર્તનને ઓછું કરવા માટે વિકસિત દેશો પાસેથી નાણાકીય, ટેકનિકલ અને ક્ષમતા નિર્માણ સહાય માટે દબાણ કરશે. ભારત માને છે કે, વિકસિત દેશોએ ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન માટેની તેમની જવાબદારીને ધ્યાનમાં રાખીને, જળવાયુ પરિવર્તનનો સામનો કરવા માટે સંસાધનો એકત્ર કરવામાં નેતૃત્વ લેવું જોઈએ. કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે નવી પદ્ધતિઓ અને પ્રોજેક્ટ અપનાવવા વચ્ચે ભંડોળની સમાન ફાળવણી હોવી જોઈએ. ઉર્જા સુરક્ષા અંગે ભારત દ્વારા આપવામાં આવેલો 'પંચામૃત'નો ખ્યાલ G-20ના અધ્યક્ષપદ દરમિયાન ભારતના પ્રયાસોને રેખાંકિત કરશે. આ સમય દરમિયાન ભારત સ્પષ્ટ કરશે કે વૈશ્વિક વિકાસ માટે ઊર્જા સુરક્ષા ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા છે. આ જ કારણ છે કે ભારત ઉર્જાના બજારમાં સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે ઉર્જા પુરવઠા પરના કોઈપણ નિયંત્રણોનો વિરોધ કરે છે.

ઉદયપુરમાં શેરપા ટ્રેકની 4 દિવસની પ્રથમ બેઠક

# ડિજિટાઈઝેશન, મહિલાઓના નેતૃત્વમાં વિકાસ પર વાતચીત થઈ

## G-20ની બેઠકો



**રાજસ્થાનના ઉદયપુરમાં** 4-7 ડિસેમ્બર સુધી શેરપા ટ્રેક બેઠક યોજાઈ હતી. મુશ્કેલ ભૂ-રાજકીય પરિસ્થિતિઓ વચ્ચે આમંત્રિત દેશો અને તમામ G-20 દેશોના શેરપાઓએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. ભારતના અધ્યક્ષપદની શરૂઆતમાં જ તમામ દેશોએ ભારતના G-20 નેતૃત્વમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. દેશોએ સર્વસંમતિથી એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્યની થીમની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, આનાથી દુનિયામાં તણાવ ઓછો થશે અને વિશ્વાસ વધશે.

શેરપાઓની આ બેઠકમાં અનેક પ્રકારના રોડમેપ તૈયાર કરવામાં આવ્યા છે. બેઠકની શરૂઆતમાં, ભારતના શેરપા અમિતાભ કાંતે 13 કાર્યકારી સમૂહોમાં ભારતની પ્રાથમિકતાઓ શું છે તેના વિશે સ્પષ્ટતા કરી હતી. વિકસિત અને વિકાસશીલ દેશો વચ્ચે બંનેને લાભ થાય તેવી રીતે સહકાર બનાવવા માટે ગ્લોબલ સાઉથના મુખ્ય અવાજ તરીકે ભારતના કર્તવ્ય પર પ્રકાશ પાડ્યો હતો.

ડિજિટલ અર્થતંત્ર, સ્વાસ્થ્ય, શિક્ષણ સંબંધિત કાર્ય સમૂહની સહભાગિતા સાથે ટેક્નોલોજીકલ પરિવર્તન પર પ્રથમ દિવસે ચર્ચા કરવામાં આવી હતી. સભ્ય દેશોના પ્રતિનિધિઓએ ડિજિટાઈઝેશનને વેગ આપવા માટે વર્તમાન પડકારો અંગે ચર્ચા કરી હતી. પર્યાવરણ માટે હરિત વિકાસ અને જીવનશૈલી (LiFE) પરના બીજા સત્રમાં જળવાયુ પરિવર્તનનો સામનો કરવા માટે અસરકારક વ્યૂહરચના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. ઝડપી, સમાવેશી અને સ્થિતિસ્થાપક વૃદ્ધિ, બહુપક્ષીયવાદ અને 3Fs એટલે કે ફૂડ, ફ્યૂઅલ અને ફર્ટિલાઈઝર (ખાદ્ય, બળતર અને ખાતર), મહિલાઓના નેતૃત્વમાં વિકાસ, પ્રવાસન અને સંસ્કૃતિ અંગે પણ બેઠકોમાં ચર્ચા કરવામાં આવી હતી.

**રાજસ્થાની પાઘડીથી સ્વાગત, લોકનૃત્ય, કિલ્લાનો ભવ્ય ઈતિહાસ જોઈને મહેમાનો ભારતીયતાના રંગમાં રંગાઈ ગયા**

શેરપા ટ્રેકમાં આવેલા પ્રતિનિધિઓ રાજસ્થાની લોક પરંપરામાં કરવામાં આવેલા ઉષ્માભર્યા સ્વાગત, સ્થાનિક કોટી અને કોટ પહેરીને સ્થાનિક રંગોમાં તરબોળ થઈ ગયા હતા. રાજસ્થાની સાફાના ગૌરવપૂર્ણ ઈતિહાસથી તેમને પરિચિત કરવા માટે, તમામ પ્રતિનિધિઓને સાફા પહેરાવવામાં આવ્યા હતા અને પછી તેઓ કુંભલગઢનો કિલ્લો જોવા ગયા હતા, જ્યાં તેમણે 15મી સદી પછી બનેલા કિલ્લામાં વિશ્વની બીજી સૌથી મોટી દિવાલ પણ જોઈ હતી. અહીં કિલ્લાની ટોચ પરથી 200થી વધુ પતંગો પણ ઉડાડવામાં આવી હતી. તેઓ રાજસ્થાનના ચતુર્મુખી જૈન મંદિરના દર્શન કરવા પણ આવ્યા હતા. તેમની સમક્ષ રાજસ્થાની લોકનૃત્ય રજૂ કરવામાં આવ્યું, તેમજ G-20 મહેમાનોએ શિલ્પગ્રામ ખાતે ડિજિટલ પેમેન્ટ કરીને ખરીદી પણ કરી હતી. ઉદયપુરને વૈશ્વિક પ્રવાસન કેન્દ્ર તરીકે રજૂ કરવામાં કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સારું સંકલન જોવા મળ્યું હતું.

# કરવેરા અને નીતિઓના સમન્વયથી મોંઘવારીનો માર ઘટાડવા અંગે ચર્ચા થઈ

## બેંગલુરુમાં નાણાકીય ટ્રેકની પ્રથમ બેઠક



- બેંગલુરુમાં 13-15 ડિસેમ્બર દરમિયાન ભારતના અધ્યક્ષપદ હેઠળ G-20 નાણાકીય ટ્રેકના નાણાં અને સેન્ટ્રલ બેંકના પ્રતિનિધિઓની પ્રથમ બેઠક યોજાઈ હતી. અહીં વિશ્વ સાથે જોડાયેલા આર્થિક મુદ્દાઓ અને પડકારો વિશે ચર્ચા કરવા ઉપરાંત શેરપા ટ્રેકમાં જે કંઈ નક્કી કરવામાં આવ્યું છે તેના માટે પૈસા ક્યાંથી આવશે તેની પણ ચર્ચા કરવામાં આવી હતી. નાણાં મંત્રાલયે વ્યાપક પરામર્શ દ્વારા એક મજબૂત એજન્ડા તૈયાર કર્યો છે, જે આખરે G-20 નેતાઓની ઘોષણામાં સમાવવામાં આવશે. આ એજન્ડા દીર્ઘકાલિન અને સમાવેશી વિકાસમાં ફાળો આપશે અને વૈશ્વિક અર્થતંત્રમાં વધુ સ્થિતિસ્થાપકતા લાવશે.

- વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા તરીકે આગળ વધી રહેલા ભારતમાં G-20ની અધ્યક્ષતા ખૂબ જ મહત્વ ધરાવે છે. આ બેઠકનું આયોજન ટેકનોલોજીની દ્રષ્ટિએ વિશેષ ઓળખ ધરાવતા બેંગુલરમાં નાણાં મંત્રાલય અને ભારતીય રિઝર્વ બેંક દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. વૈશ્વિક અર્થતંત્ર, આંતરરાષ્ટ્રીય નાણાકીય માળખું, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને દીર્ઘકાલિન ફાઈનાન્સ, આંતરરાષ્ટ્રીય બેંકિંગ અને કરવેરા પ્રણાલી અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય કરવેરા, વૈશ્વિક આરોગ્ય અને નાણાકીય સમાવેશ ઉપરાંત, અધિકારીઓએ આ બેઠકમાં બેંકિંગ સુધારાઓ, ગ્રીન ટેક્નોલોજીને ધિરાણ કરવાની જરૂરિયાત અંગે પણ ચર્ચા કરી હતી.

- આંતરરાષ્ટ્રીય કરવેરા બાબતે, સરહદ પાર અન્ય દેશોને સેવાઓ પૂરી પાડતી IT-સંબંધિત કંપનીઓ પર કેવી રીતે કર લાદવામાં આવે અને તેનું વિતરણ કરવું જોઈએ તે અંગે ચર્ચા કરવામાં આવી છે. કોવિડ મહામારીનો સામનો કરવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. વિશ્વને અસર કરતી ઈંધણ અને અન્ય મોંઘવારી પર થયેલી વાતચીત દરમિયાન વિવિધ દેશોની નીતિઓ સાથે સંકલન કરીને સામાન્ય માણસ પર પડતો મોંઘવારીનો માર કેવી રીતે ઘટાડી શકાય તે અંગે પણ સમજૂતી થઈ છે. પેમેન્ટ સિસ્ટમ, વિકાસ માટેના ડેટા અને અન્ય પાસાઓ સહિત ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

- નાણાકીય ટ્રેકની બેઠકમાં વિશ્વના મોંઘવારીના દર, વૈશ્વિક મંદીના ઉકેલો શોધવા જેવા મુદ્દાઓનો સમાવેશ કરાયો હતો. નાણાકીય ટ્રેકની 40 થી વધુ બેઠકો યોજાવાની છે. એવી આશા રાખવામાં આવે છે કે, આ બેઠકોમાં એવા ઉકેલો બહાર આવશે જે G-20 દેશોમાં સરળતા લાવશે. વધુ ચર્ચા માટે ફેબ્રુઆરીમાં બેંગલુરુમાં નાણાં પ્રધાનો અને સેન્ટ્રલ બેંકોના ગવર્નરોની શ્રેણીબદ્ધ બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છે. નાણાકીય સમાવેશ અને આંતરરાષ્ટ્રીય કરવેરા જેવા મુદ્દાઓ પર ચર્ચાના વિષયોને આ શ્રેણીમાં સામેલ કરાયા છે. આ બેઠકમાં હાજર રહેલા પ્રતિનિધિઓને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, બેંગલુરુની મુલાકાતે પણ લઈ જવામાં આવ્યા હતા જ્યાં સ્ટાર્ટઅપ્સે તેમની ક્ષમતાનો પરિચય આપતા કાર્યો બતાવ્યા હતા.

# બેઠકમાં વિકાસ માટે ડેટા અને LiFE પર ધ્યાન આપવામાં આવ્યું

## મુંબઈમાં વિકાસ કાર્ય સમૂહની પ્રથમ બેઠક

- ભારતની અધ્યક્ષતામાં, G-20ના શેરપા ટ્રેકના વિકાસ સંબંધિત કાર્ય સમૂહની પ્રથમ બેઠક 13-16 ડિસેમ્બર દરમિયાન મુંબઈમાં યોજાઇ હતી. આ ચાર દિવસીય બેઠકમાં પાંચ સત્રો હતા જેમાં વિકાસ અને જળવાયુ પરિવર્તનની કાર્યવાહી, પર્યાવરણ માટે જીવનશૈલી (LiFE) અને ડેટાના ઉપયોગ પર માહિતી એકત્ર કરવા સહિતના વિવિધ વિષયો પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ભારતના શેરપા અમિતાભ કાંતે બેઠકના પ્રથમ દિવસે સ્પષ્ટ કર્યું હતું કે અમારી પ્રાથમિકતા G-20 સભ્યોની સાથે સાથે ગ્લોબલ સાઉથના દેશોની આકાંક્ષાઓને પણ પ્રતિબિંબિત કરે છે.
- ભારત સમાવેશી, મહત્વાકાંક્ષી, નિર્ણાયક અને કાર્યલક્ષી અભિગમ અપનાવી રહ્યું છે. ભારતની પ્રાથમિકતાઓમાં જળવાયુ માટે અનુકૂળ કાર્યવાહી અને ફાઈનાન્સનો તેમજ પર્યાવરણ માટે જીવનશૈલી (LiFE) સહિત હરિત વિકાસનો સમાવેશ થાય છે.
- ભારત માને છે કે નાગરિકો, વિકાસશીલ અને વિકસિત દેશોના જીવનમાં પરિવર્તન લાવવા માટે સારી ગુણવત્તાનો રીઅલ-ટાઈમ ડેટા સુલભ હોય તે આવશ્યક છે, જે દરેક રાજનેતા અને સરકારી કર્મચારીને તેમના લોકો પ્રત્યે જવાબદાર બનાવશે. આ બેઠકમાં, વિકાસ કાર્ય સમૂહના ભારતના સહ-અધ્યક્ષ અને સંયુક્ત સચિવ નાગરાજ નાયડુ અને ઈનામ ગંભીરે દીર્ઘકાલિન વિકાસ લક્ષ્યો 2030 પ્રાપ્ત કરવા માટેના પ્રયાસોની ગતિને અસરકારક રીતે વેગ આપવા માટે વૈશ્વિક પ્રયાસો પર ભાર મૂક્યો હતો.
- હવે, સામાજિક કલ્યાણના કાર્યો અને સેવાઓને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે વૈશ્વિક ઉકેલો, ડિજિટલ સોલ્યુશન્સ અને સિસ્ટમો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ બેઠકમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે LiFE એ એક સાહસભર્યો અને પરિવર્તનશીલ અભિગમ છે જેનાથી દુનિયામાં માંગ અને પુરવઠા મામલે ક્રાંતિકારી પરિવર્તન લાવી શકાય તેમ છે. આ બેઠકમાં હાજરી આપવા આવેલા મહેમાનોને કન્હેરી ગુફાઓની મુલાકાતે પણ લઈ જવામાં આવ્યા હતા.

### સંયુક્ત નાણાં અને આરોગ્ય ટાસ્કફોર્સની પ્રથમ બેઠક

## મહામારી નિવારણ, સજ્જતા અને પ્રતિભાવ અંગે ચર્ચા થઈ

- ભારતના G-20 અધ્યક્ષપદ હેઠળ, સંયુક્ત નાણાં અને આરોગ્ય ટાસ્કફોર્સની પ્રથમ બેઠક 20 ડિસેમ્બરે ઈટાલી અને ઈન્ડોનેશિયાની સહ-અધ્યક્ષતા હેઠળ ઑનલાઈન માધ્યમથી યોજવામાં આવી હતી. બેંગલુરુમાં નાણાં મંત્રીઓ અને સેન્ટ્રલ બેંકોના પ્રતિનિધિઓની બેઠક અને ફ્રેમવર્ક સમૂહની બેઠક યોજાયા પછી નાણાંકીય ટ્રેકની આ ત્રીજી બેઠક છે.
- વન હેલ્થની ભાવનાને ધ્યાનમાં રાખીને મહામારીના પડકારોને પહોંચી વળવા માટે સંસાધનોના અસરકારક ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે G-20 અને આમંત્રિત દેશોના નાણાં અને આરોગ્ય પ્રતિનિધિઓએ તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ ચર્ચા કરી હતી. બાલી G-20 શિખર મંત્રણાની ઘોષણામાં સામેલ કરાયેલા મુદ્દાઓની પણ ચર્ચા કરવામાં આવી હતી.
- સંયુક્ત નાણાં અને આરોગ્ય ટાસ્કફોર્સે 2023 અને તે પછીના સમયગાળા માટે એક એક્શન પ્લાન તૈયાર કરવા માટે ભારતની અધ્યક્ષતા અને ઈટાલી તેમજ ઈન્ડોનેશિયાની સહ-અધ્યક્ષતા સાથે કામ કર્યું છે. આ કાર્ય યોજનાનો મુસદ્દો ભારતની અધ્યક્ષતાની વૈશ્વિક આરોગ્ય પ્રાથમિકતાઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો છે.
- ટાસ્કફોર્સના સભ્યોએ મહામારીના નિવારણ, સજ્જતા અને પ્રતિભાવ માટે વૈશ્વિક આરોગ્ય માળખાને મજબૂત બનાવવામાં યોગદાન આપવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. સંયુક્ત નાણાં અને આરોગ્ય ટાસ્કફોર્સની સ્થાપના 2021માં રોમ G-20 શિખર સંમેલનમાં કરવામાં આવી હતી જેનો ઉદ્દેશ મહામારીનું નિવારણ, સજ્જતા અને પ્રતિભાવ સંબંધિત મુદ્દાઓ પર સંવાદ અને વૈશ્વિક સહકારને પ્રોત્સાહન આપવાનો છે. ●

## રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ - 16 જાન્યુઆરી

# સ્ટાર્ટઅપ અને યુનિકોર્ન નવા ભારતનો આધાર બની રહ્યા છે




પુણેના મયુર પાટીલ વર્ષ 2011-12માં જ્યારે કોલેજમાં ભણતા હતા ત્યારે તેમણે પોતાની મોટરસાઈકલની માઈલેજ વધારવા માટે પ્રયોગો કર્યા હતા. વર્ષ 2017-18માં, આ ટેક્નોલોજી વિકસાવીને બસમાં તેને અજમાવવામાં આવી, જેના કારણે 40% કાર્બન ઉત્સર્જન અને 10% ઈંધણ વપરાશ ઘટાડવામાં સફળતા પ્રાપ્ત થઈ. આ ટેક્નોલોજીની પેટન્ટ કરી અને સાથી સાથે મળીને અટલ ન્યૂ ઈન્ડિયા ચેલેન્જ (ANIC) પહેલમાંથી મળેલી રૂ. 90 લાખની ગ્રાન્ટ સાથે સ્ટાર્ટઅપ અને ફેક્ટરી શરૂ કરી. આપણા દેશના યુવાનોનું સામર્થ્ય, સ્ટાર્ટઅપ ઈન્ડિયા કાર્યક્રમ અને વર્તમાન સરકારની નીતિઓનું પરિણામ છે કે, હવે આવા સ્ટાર્ટઅપ મોટા શહેરો ઉપરાંત ટિઅર-2, ટિઅર-3 શહેરોમાં પણ શરૂ થઈ રહ્યા છે.

ભારતમાં હંમેશા કંઈક નવું કરવાની, નવા વિચારો સાથે સમસ્યાઓનું નિરાકરણ લાવવાની ઈચ્છા રહી છે. પરંતુ 2014 પહેલાં, દેશના નેતૃત્વએ એવો માહોલ અને સ્પષ્ટ નીતિ પ્રદાન કરી ન હતી કે જેથી સમસ્યાઓના નવા અને ઈનોવેટિવ ઉકેલો પાયાના સ્તરે ઉતરી શકે. જ્યારે 2014માં દેશનું નેતૃત્વ બદલાયું, ત્યારે દેશમાં નવતર પ્રયોગો કરવા અને મજબૂત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ બનાવવા માટે 16 જાન્યુઆરી, 2016 ના રોજ સ્ટાર્ટઅપ ઈન્ડિયાની શરૂઆત કરવામાં આવી હતી. સ્ટાર્ટઅપ ઈન્ડિયા કાર્યક્રમ શરૂ થયાના 7 વર્ષના ટૂંકા ગાળામાં સ્ટાર્ટઅપની ગાથા બદલાઈ ગઈ છે. 'ઈનોવેશન ફોર ઈન્ડિયા' અને 'ઈનોવેશન ફ્રોમ ઈન્ડિયા'નો મંત્ર લઈને, સ્ટાર્ટઅપ્સ નવા ભારતના આધારસ્તંભ બની રહ્યા છે અને વિશ્વનું નેતૃત્વ પણ કરી રહ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્ટાર્ટઅપ્સની વધતી જતી તાકાત અને કાર્ય સંસ્કૃતિને દેશના દરેક ભાગમાં લઈ જવા માટે 16 જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસની ઉજવણી કરવાની જાહેરાત કરી હતી. આ વર્ષે દેશ બીજા નેશનલ સ્ટાર્ટઅપ દિવસની ઉજવણી કરી રહ્યો છે. જ્યારે 2014માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારે કામ કરવાનું શરૂ કર્યું ત્યારે દેશમાં સ્ટાર્ટઅપની સંખ્યા 500થી પણ ઓછી હતી. આ શબ્દ પણ બહુ ઓછો સાંભળવા મળતો હતો, પરંતુ માત્ર 7 વર્ષના ટૂંકા ગાળામાં ભારતમાં સ્ટાર્ટઅપ્સની દુનિયા બદલાઈ ગઈ છે. દેશના 656 જિલ્લાઓમાં માન્યતા પ્રાપ્ત હોય તેવા 86,000થી વધુ સ્ટાર્ટઅપ્સ સાથે, આપણે વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ છીએ. માન્યતા પ્રાપ્ત

# સ્ટાર્ટઅપ્સ માટે કરવામાં આવેલા સુધારાઓ

**સરકાર સ્ટાર્ટઅપ માટેનો માર્ગ સરળ બનાવવા માટે ઘણા મોરચે કામ કરી રહી છે. હેકાથોન અને ચેલેન્જનું આયોજન, કરવેરામાં રાહત આપવાથી માંડીને અનેક પ્રકારના પ્રોત્સાહનો આપવા અને ટ્રેડ માર્ક, પેટન્ટ રજિસ્ટ્રેશનમાં સહાયતા સહિત અનેક સુધારાઓ પર સતત કામ ચાલી રહ્યું છે. અવકાશ ક્ષેત્રમાં મેપિંગ, ડ્રોન ક્ષેત્રે સુધારા કરવામાં આવ્યા છે, જેના કારણે ઘણા ક્ષેત્રોમાં તકો ખુલી છે.**

- **નિયમનકારી સુધારાઓઃ** સરકારે 2016થી, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને પ્રોત્સાહન આપવા અને અનુપાલનનો બોજ ઓછો કરવા માટે 52 નિયમનકારી સુધારા હાથ ધર્યા છે.
- **બૌદ્ધિક સંપદા સંરક્ષણ માટે સહાયઃ** સ્ટાર્ટઅપ્સને પેટન્ટ ફાઈલ કરવામાં 80% અને ટ્રેડ માર્ક્સ ફાઈલ કરવામાં 50%ની છૂટ આપવામાં આવે છે.
- **આવકવેરામાં છૂટઃ** 1 એપ્રિલ, 2016ના રોજ અથવા તે પછી સમાવિષ્ટ સ્ટાર્ટઅપ્સને 3 વર્ષ માટે આવકવેરામાં મુક્તિ આપવામાં આવે છે.
- **સ્ટાર્ટઅપ ઈન્ડિયા હબઃ** સ્ટાર્ટઅપ ઈન્ડિયા ઑનલાઈન હબમાં રોકાણકારો, ફંડ્સ, ઈન્ક્યુબેટર્સ, કોર્પોરેટ અને સરકારી સંસ્થાઓ એક જ જગ્યાએ ઉપલબ્ધ થાય છે.
- **ક્રેડિટ ગેરંટી સ્કીમઃ** સ્ટાર્ટઅપ્સને ક્રેડિટ ગેરંટી પૂરી પાડવાની યોજનામાં, માન્ય સ્ટાર્ટઅપ્સને ચોક્કસ રકમ સુધી લોન ગેરંટી આપવામાં આવે છે.
- **સ્ટાર્ટઅપ ઈન્ડિયાનો આગળનો માર્ગ** - 16 જાન્યુઆરી, 2021થી શરૂ થયેલા આ કાર્યક્રમમાં વિવિધ સુધારાઓ લાગુ કરવામાં ટેક્નોલોજીની ભૂમિકા ઘણી મોટી રહી છે અને ડિજિટલ આત્મનિર્ભર ભારતને સક્ષમ કરવાનું તેમાં સામેલ છે.
- **GeM પર વિશેષ જોગવાઈઃ** ભારત સરકારે સ્ટાર્ટઅપ્સને માર્કેટ કરવા માટે GeM પોર્ટલ પર વિશેષ જોગવાઈ કરી છે. આ પોર્ટલ પર 15 હજારથી વધુ સ્ટાર્ટઅપ્સ આવ્યા છે.
- **સ્ટાર્ટઅપ ઈન્ડિયા સીડ ફંડ યોજનાઃ** વર્ષ 2021-2022થી 4 વર્ષ માટે રૂપિયા 945 કરોડના કોર્પસ ફંડ સાથે આ યોજના શરૂ કરવામાં આવી. www.startupindia.gov.in પોર્ટલ પર સ્કીમ વિશે માહિતી મેળવી શકાય છે.
- **સ્ટાર્ટઅપ્સ માટે જરૂરી ભંડોળ માટે ભંડોળઃ** તમામ સ્તરે સ્ટાર્ટઅપ્સની ભંડોળની જરૂરિયાતોને પહોંચી વળવા માટે રૂ. 10,000 કરોડનું ભંડોળ શરૂ કરવામાં આવ્યું છે.

## સ્ટાર્ટઅપ્સમાં લગભગ 9 લાખ નોકરીઓનું સર્જન થયું

ભારતમાં 86 હજારથી વધુ માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ્સ છે. સ્ટાર્ટઅપ્સ દ્વારા સરકારને આપવામાં આવેલી સ્વતઃ માહિતી અનુસાર, આ સ્ટાર્ટઅપ્સમાં 8.6 લાખથી વધુ પ્રત્યક્ષ નોકરીઓનું સર્જન થયું છે.

## ડિજિટલ ઈન્ડિયા જેનેસિસ નેક્સ્ટ જનરેશન સ્ટાર્ટઅપ્સને સમર્થન કરશે

દેશના ટિઅર-2 અને ટિઅર-3 શહેરોના સ્ટાર્ટઅપ્સ સહિત તમામ સ્ટાર્ટઅપ્સને મજબૂત કરવા માટે ડિજિટલ ઈન્ડિયા જેનેસિસનો આરંભ કરવામાં આવ્યો છે, જે સ્ટાર્ટઅપ્સની નેક્સ્ટ જનરેશનને સર્વગ્રાહી સમર્થન પ્રદાન કરશે. તે હાઈ ઈફેક્ટ ડિજિટલ સંચાલિત રાષ્ટ્રીય પ્લેટફોર્મ છે, જે સ્ટાર્ટઅપ્સને ઈન્ક્યુબેશન, મેન્ટરશિપ, માર્કેટ ઍક્સેસ તેમજ સીડ ફંડિંગની સુવિધા પૂરી પાડશે.

"ભારત એક વ્યાપક રચનાત્મક ભાવના ધરાવતું યુવા રાષ્ટ્ર છે. અમે વિશ્વના ટોચના સ્ટાર્ટઅપ હબમાં છીએ. સ્ટાર્ટઅપની ભાવના જ આપણા દેશને બાકીના વિશ્વથી અલગ બનાવે છે. નવા સ્ટાર્ટઅપ્સ અને યુનિકોર્ન સાથે હજારો યુવાનો ભારતની પ્રતિભાનો ડંકો વગાડી રહ્યાં છે. - **નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

કુલ સ્ટાર્ટઅપ્સનું મૂલ્ય 330 અબજથી વધુ છે. દર 8-10 દિવસે એક સ્ટાર્ટઅપ યુનિકોર્નમાં ફેરવાઈ રહ્યું છે. દેશમાં 105થી વધુ યુનિકોર્ન બનાવવામાં આવ્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી સદીને ડિજિટલ ક્રાંતિ અને નવા યુગના ઈનોવેશનની સદી માને છે. સ્ટાર્ટઅપ તેમની પ્રાથમિકતામાં છે. આ જ કારણ છે કે ભારતની અધ્યક્ષતામાં G-20 શિખર સંમેલન માટે, ભારતીય સ્ટાર્ટઅપ્સને આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પ્રદાન કરવા માટે સ્ટાર્ટઅપ-20 નામથી એક સહભાગી સમૂહ બનાવવામાં આવ્યું છે. વિશ્વ ભારતના સ્ટાર્ટઅપ્સને ભવિષ્ય તરીકે જોઈ રહ્યું છે. દેશમાં પ્રથમ વખત ISRO દ્વારા ખાનગી રોકેટનું સફળ લોન્ચિંગ કરવામાં આવ્યું એ ભારતમાં સ્ટાર્ટઅપ્સ પ્રત્યેની ઉદાર નીતિનો પુરાવો છે. ભારત એક એવી સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમ બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે જેનો આધારસ્તંભ- ઓફ ધ યુથ, બાય ધ યુથ, ફોર ધ યુથનો મંત્ર હોય. સ્ટાર્ટઅપ ઈન્ડિયા અભિયાન દ્વારા યુવાનોએ મજબૂત પાયો નાંખ્યો છે.

ભારતની વિકાસગાથા, ભારતની સફળતાની ગાથા હવે અમૃતકાળમાં નવી ઉર્જા સાથે આગળ વધશે. અમૃતકાળમાં વિકસિત ભારતના મજબૂત પાયા પર આપણે જે કંઈ કરીશું, તેનાથી નવા ભારતનું ભવિષ્ય નક્કી થશે, દેશની દિશા નક્કી થશે. ભારતની સ્ટાર્ટઅપ ક્રાંતિ આ અમૃતકાળની ખૂબ જ મહત્વપૂર્ણ ઓળખ બની જશે. ●



# સિદ્ધિઓ-ભવિષ્ય પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવતું કેલેન્ડર

**લેટિન ભાષામાં 'કેલેન્ડ્સ'નો અર્થ એકાઉન્ટિંગ ડે (હિસાબનો દિવસ) થાય છે. એ જ આધારે દિવસો, મહિનાઓ અને વર્ષોની ગણતરીને 'કેલેન્ડર' કહેવાય છે. નવા વર્ષના આગમન પર ઘરમાં નવા કેલેન્ડરને પણ સ્થાન મળે છે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે 28 ડિસેમ્બરના રોજ નવી દિલ્હીમાં વર્ષ 2023 માટે ભારત સરકારનું આવું એક સત્તાવાર કેલેન્ડર બહાર પાડ્યું હતું, જેમાં સરકારની અત્યાર સુધીની સિદ્ધિઓ અને ભવિષ્યની પ્રતિબદ્ધતાઓનો સમાવેશ થાય છે. કેલેન્ડરની થીમ 'નવું વર્ષ, નવા સંકલ્પો' રાખવામાં આવી છે. કેલેન્ડરની 11 લાખથી વધુ નકલો છાપવામાં આવશે અને તેને દેશના દરેક પંચાયત અને તાલુકા સ્તરે વહેંચવામાં આવશે...**

ભારત સરકારના અધિકૃત કેલેન્ડરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આપેલા સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ સૂત્રને પ્રતિબિંબિત કરતી 12 તસવીરોનો પ્રભાવશાળી સંગ્રહ દર્શાવવામાં આવ્યો છે જેમાં ભારતને જોશપૂર્ણ ભાવના સાથે આગળ વધતુ જોઈ શકાય છે. આ કેલેન્ડરમાં, 12 મહિના માટે પસંદ કરાયેલી 12 થીમ પર સરકાર દ્વારા ચલાવવામાં આવી રહેલી લોક કલ્યાણ યોજનાઓની ઝલક દર્શાવી છે. વર્ષ 2023 માટે ભારત સરકારનું અધિકૃત કેલેન્ડર બહાર પાડતા કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે, "આ વર્ષે કેલેન્ડરને ડિજિટલ અને ભૌતિક બંને સ્વરૂપમાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે, જે સરકારના પ્રયાસો અને કલ્યાણકારી પગલાં વિશે માહિતી આપવાનું એક પ્રસાર માધ્યમ છે"

કેલેન્ડરનો વિષય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝન, પહેલ અને નેતૃત્વને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો છે. માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે, "કેલેન્ડરની આ આવૃત્તિ સરકારની અત્યાર સુધીની સિદ્ધિઓ અને ભવિષ્યની પ્રતિબદ્ધતાઓ બંનેને પ્રદર્શિત કરશે, તેથી તેનો વિષય 'નવું વર્ષ, નવા સંકલ્પો' રાખવામાં આવ્યો છે. તેને હિન્દી અને અંગ્રેજી સહિત 13 ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.




# સંકલ્પો યાદ અપાવશે આ કેલેન્ડર

**કેલેન્ડર આપણને સંકલ્પોની યાદ અપાવશે, સાથે જ ફિટ ઈન્ડિયા અને ખેલો ઈન્ડિયા કાર્યક્રમો પર ભારતનું ફોકસ પણ તેમાં દર્શાવ્યું છે. આ કેલેન્ડરમાં મહિલા સશક્તિકરણના કાર્યક્રમો અને ખાદ્ય સુરક્ષા કાર્યક્રમો પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે.**

**જાન્યુઆરી** જાન્યુઆરી મહિનો કર્તવ્ય પથને સમર્પિત છે. 22 સપ્ટેમ્બરના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજપથનું નામ બદલીને કર્તવ્ય પથ રાખ્યું હતું.

**ફેબ્રુઆરી** ફેબ્રુઆરી મહિનો 'ખેડૂત કલ્યાણ' અથવા ખેડૂતોની ભલાઈ માટેના કાર્યક્રમોને સમર્પિત છે.

**માર્ચ** માર્ચ મહિનો 'નારીશક્તિ'ને સમર્પિત મહિનો છે. આ મહિનામાં આપણે 8મી માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરીએ છીએ.

**એપ્રિલ** એપ્રિલ મહિનાની થીમ 'શિક્ષિત ભારત' છે. શૈક્ષણિક સુધારા પર ભાર મૂકવો એ સરકારના મુખ્ય એજન્ડામાં સામેલ છે.

**મે** ભારત સરકાર 'કૌશલ્ય ભારત, કુશળ ભારત' પર ખાસ ભાર મૂકે છે. મે મહિનો 'સ્કિલ ઈન્ડિયા'ને સમર્પિત છે.

**જૂન** આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી 21 જૂને કરવામાં આવે છે. ફિટનેસના મંત્રને ભારતના દરેક ઘર સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે, આ મહિનાની થીમ 'ફિટ ઈન્ડિયા' રાખી છે.

**જુલાઈ** PM મોદીની 'પર્યાવરણ માટે અનુકૂળ જીવનશૈલી અપનાવો અને મિશન LiFEનો એક ભાગ બનો' અંતર્ગત જુલાઈ મહિનાની થીમ 'મિશન LiFE' રાખવામાં આવી છે.

**ઓગસ્ટ** આ મહિનાની થીમ 'ખેલો ઈન્ડિયા' છે જેથી દેશના યુવાનો 'રમે પણ અને ખીલે પણ'.

**સપ્ટેમ્બર** G-20 ના ભારતના અધ્યક્ષપદને ધ્યાનમાં રાખીને, સપ્ટેમ્બર મહિનાની થીમ 'વસુધૈવ કુટુમ્બકમ' રાખવામાં આવી છે.

**ઓક્ટોબર** 'યોગ્ય પોષણ સે દેશ રોશન' સૂત્રને ધ્યાનમાં રાખીને ઓક્ટોબર મહિનાની થીમ 'ખાદ્ય સુરક્ષા' રાખવામાં આવી છે.

**નવેમ્બર** નવેમ્બર મહિના માટેની થીમ 'આત્મનિર્ભર ભારત' છે જે 'મેક ઈન ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ'ના મૂળ મંત્ર પર આધારિત છે.

**ડિસેમ્બર** પ્રધાનમંત્રી મોદી પૂર્વોત્તરને ભારતનું વિકાસનું એન્જિન માને છે અને તેને અષ્ટલક્ષ્મી કહે છે. આવી સ્થિતિમાં, આ મહિનો પૂર્વોત્તર એટલે કે 'અષ્ટલક્ષ્મી'ને સમર્પિત છે.

## 13.12

13.12 કરોડ રૂપિયાનું વિતરણ કરવામાં આવ્યું છે. છેલ્લા 5 વર્ષમાં પત્રકાર કલ્યાણ યોજના હેઠળ 290 પત્રકારો અને તેમના પરિવારોને આપવામાં આવ્યા છે.

- પ્રસાર ભારતીએ મહત્વપૂર્ણ સ્થાનો પરના 50 ટ્રાન્સમીટરો સિવાય તેના તમામ એનાલોગ ટેરેસ્ટ્રીયલ ટ્રાન્સમીટરોને રદ કરી દીધા છે.

**11 લાખ નકલો કેલેન્ડરની છાપવામાં આવશે**

- કેલેન્ડરની 11 લાખ નકલો છાપવામાં આવશે, 2.5 લાખ પ્રાદેશિક ભાષાઓમાં હશે.
- 13 ભાષાઓમાં છપાયેલું કેલેન્ડર દેશભરની તમામ સરકારી કચેરીઓ અને પંચાયતોમાં વહેંચવામાં આવશે.

**4.3 કરોડથી વધુ ઘરો સુધી ડીડી ફ્રી ડિશ પહોંચી છે. પ્રસાર ભારતી 2 કરોડથી વધુ ગ્રાહકો સુધીની પહોંચ ધરાવે છે.**

દેશના તમામ જિલ્લાઓમાં સરકારી કચેરીઓ, પંચાયતી રાજ સંસ્થાઓ, આરોગ્ય કેન્દ્રો, નવોદય અને કેન્દ્રીય વિદ્યાલયો, જિલ્લાઓમાં BDO અને DM કચેરીઓમાં કેલેન્ડરનું વિતરણ કરવામાં આવશે અને જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને સ્વાયત્ત સંસ્થાઓ ખરીદી શકે તે માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે. કુલ 11 લાખ નકલો છાપવામાં આવશે અને પંચાયતોને 2.5 લાખ નકલો પ્રાદેશિક ભાષાઓમાં વહેંચવામાં આવશે." સેન્ટ્રલ બ્યૂરો ઓફ કોમ્યુનિકેશન્સના માસ મેઈલિંગ યુનિટે પ્રાદેશિક ભાષાઓમાં પંચાયતોને કેલેન્ડર પહોંચાડવા માટે ઈન્ડિયા પોસ્ટ સાથે જોડાણ કર્યું છે.

# કોવિડનો હજી ખાતમો નથી થયો

# સાવધાની રાખવી જરૂરી



**દુનિયાના ઘણા દેશોમાં ફરી એકવાર કોવિડની વધતી અસરને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે સાવચેતીના પગલાં લેવાનું શરૂ કર્યું છે. આ પહેલ હેઠળ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ તાજેતરમાં તૈયારીઓની સમીક્ષા કરવા માટે ઉચ્ચ સ્તરીય બેઠકો યોજી હતી અને જરૂરી દિશા-નિર્દેશ બહાર પાડ્યા હતા. તે જ સમયે, ઘણા રાજ્યોએ આ સંદર્ભમાં તાકીદની બેઠકો પણ બોલાવી હતી અને તૈયારીઓ મામલે સક્રિય થઈ ગયા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સમર્થ નેતૃત્વ હેઠળ, ભારત પહેલાંથી જ ટેસ્ટ, ટ્રેક અને ટ્રીટ નીતિનો અમલ કરી રહ્યું છે અને કોવિડ માટે યોગ્ય આચરણોનું પાલન કરી રહ્યું છે...**

**"કોવિડનો હજી ખાતમો નથી થયો"**, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આ પંક્તિ આપણને કોવિડની ગંભીરતા સમજાવે છે અને સાવચેતી રાખવા માટે ચેતવે પણ છે. આવી સ્થિતિમાં, જો તમે માસ્કથી પરેશાન થઈ ગયા હોવ, તો ધ્યાનમાં રાખો કે કોવિડ તમારી રાહ જોઈ રહ્યો છે. તેથી, પોતાને અને તમારા પ્રિયજનોને સુરક્ષિત રાખવા માટે, જાહેર સ્થળોએ હંમેશા માસ્કનો ઉપયોગ કરો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કહે છે કે, "વિશ્વના ઘણા દેશોમાં કોવિડ વધી રહ્યો છે, તેથી આપણે માસ્ક પહેરવા અને હાથ ધોવા જેવી સાવચેતીઓ પર વધુ ધ્યાન આપવું પડશે. જો આપણે સાવચેત રહીશું, તો આપણે સુરક્ષિત પણ રહીશું અને આપણા આનંદમાં કોઈ અવરોધ નહીં આવે. ઉપરાંત, કોવિડ-19 મહામારીને હરાવવા માટે રસીકરણ એ એક મહત્વપૂર્ણ શસ્ત્ર છે. આવી સ્થિતિમાં, એક જવાબદાર નાગરિકની ભૂમિકા ભજવતા, લોકોએ જાતે જ રસીકરણ કરાવવું જોઈએ. આજે આપણે કોવિડ સામે લડવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છીએ. પરંતુ એક વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે આ વાઈરસ નિરંતર તેનું સ્વરૂપ બદલતો રહે છે, તેથી આપણે બેદરકારી ન રાખવી જોઈએ અને કોવિડ સંબંધિત યોગ્ય આચરણનું પાલન કરવું જોઈએ.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ઉચ્ચ-સ્તરીય બેઠક યોજાઈ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતા હેઠળ, આપણે કોવિડનું અસરકારક રીતે વ્યવસ્થાપન કર્યું છે અને આજે આપણે દેશની દવા અને રસીની જરૂરિયાતને પહોંચી વળવા તૈયાર છીએ. દેશમાં સ્થિતિ નિયંત્રણ હેઠળ છે અને ટોચનું નેતૃત્વ વૈશ્વિક સ્થિતિ પર નજર રાખી રહ્યું છે. આ શ્રેણીમાં આગળ વધતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 22 ડિસેમ્બરે કોવિડ-19 સામે લડવાની તૈયારીઓની સમીક્ષા કરવા માટે એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં, આરોગ્ય સચિવ અને નીતિ આયોગના સભ્ય દ્વારા કોવિડ-19ની




## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા દરમિયાન નિર્દેશો આપ્યા

- પ્રધાનમંત્રીએ ઢીલાશ સામે સાવચેતી સાથે કડક દેખરેખ રાખવાની સલાહ આપી.
- સાવચેતીના ડોઝના રસીકરણ પર ભાર મૂક્યો.
- કોવિડ માટે યોગ્ય આચરણને અનુસરવાની સલાહ આપી.
- જીનોમ સિક્વન્સિંગ અને ટેસ્ટિંગ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

વૈશ્વિક સ્થિતિ સહિત અનેક દેશોમાં કોવિડ-19ના વધતા જતા કેસો અંગે વિગતવાર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રીએ એ સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો કે તમામ સ્તરે કોવિડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સાધનો, પ્રક્રિયાઓ અને માનવ સંસાધનોની દૃષ્ટિએ, ઉચ્ચ સ્તરે પૂર્વતૈયારીઓ જાળવી રાખવામાં આવે. તેમણે રાજ્યોને ઓક્સિજનના સિલિન્ડર, PSA પ્લાન્ટ, વેન્ટિલેટર અને માનવ સંસાધન સહિતની હોસ્પિટલોમાં મૂળભૂત માળખાકીય સુવિધાઓનું ઝડપી સંચાલન સુનિશ્ચિત કરવા માટે કોવિડ વિશિષ્ટ સુવિધાઓનું ઓડિટ કરવાની સલાહ આપી હતી. પ્રધાનમંત્રીએ અધિકારીઓને કોવિડ પરીક્ષણની સાથે જીનોમ સિક્વન્સિંગ સંબંધિત પ્રયત્નોને વેગવાન બનાવવા માટેના નિર્દેશ આપ્યા હતા. રાજ્યોને દરરોજ જીનોમ સિક્વન્સિંગ માટે INSACOGની ડેઝિગ્નેટેડ જીનોમ સિક્વન્સિંગ લેબોરેટરીઝ (IGSL) સાથે જથ્થાબંધ સેમ્પલ શેર કરવાનું કહેવામાં આવ્યું છે. દેશમાં ફેલાઈ રહેલા નવા વેરિઅન્ટ, જો કોઈ હોય તો, તેને સમયસર શોધવામાં આનાથી મદદ મળશે અને જરૂરી જાહેર આરોગ્ય ઉપાય કરવાનું સરળ બનાવશે. પ્રધાનમંત્રીએ એવો પણ અનુરોધ કર્યો હતો કે, ખાસ કરીને સંવેદનશીલ અને વૃદ્ધ વસ્તી સમૂહો માટે સાવચેતીના રસીકરણને પ્રોત્સાહિત કરવામાં આવે. તેમણે આવશ્યક દવાઓની ઉપલબ્ધતા અને કિંમતો પર નિયમિત દેખરેખ રાખવાની સલાહ આપી હતી. વૈશ્વિક સ્તરે ફ્રન્ટ લાઈન હેલ્થકેર વર્કરો દ્વારા કરવામાં આવેલા પ્રશંસનીય કાર્ય પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ તેમને એવી જ નિઃસ્વાર્થ ભાવના અને સમર્પણ સાથે કામ કરવાનું ચાલુ રાખવા માટે આહ્વાન કર્યું હતું.



## રસીકરણ અભિયાન

### દેશની ક્ષમતા અને સામર્થ્યનો પુરાવો

એક સુરક્ષિત અને સ્વસ્થ ભારતનું નિર્માણ કરવાની દિશામાં નિરંતર પગલાં લઈને દેશમાં 28 ડિસેમ્બર 2022 સુધીમાં કુલ

**220.07**

કરોડ રસીના ડોઝ લગાવાયા છે. તેમાં 95.12 કરોડ બીજા ડોઝ અને 22.38 કરોડ સાવચેતીના ડોઝ છે.

છેલ્લા ચોવીસ કલાકમાં

**90,529**

રસીના ડોઝ લગાવ્યા

**3,468**

ભારતમાં સક્રિય દર્દીઓની સંખ્યા અને સક્રિય કેસોની સંખ્યાનો દર 0.01 ટકા છે. છેલ્લા 24 કલાકમાં 188 નવા કેસ સામે આવ્યા છે. સાથે જ, સાજા થવાનો વર્તમાન દર 98.8 ટકા છે. છેલ્લા 24 કલાકમાં 141 લોકો સાજા થયા છે. અત્યાર સુધીમાં સાજા થયેલાની કુલ સંખ્યા **4,41,43,483** છે.

(આંકડા 28 ડિસેમ્બર 2022 સુધીના)

## કોવિડ સંબંધિત હોસ્પિટલોમાં મૉક ડ્રીલનું આયોજન



કોવિડ-19ના વ્યવસ્થાપન માટે હોસ્પિટલોમાં ક્લિનિકલ સજ્જતા હોય તે મહત્વપૂર્ણ છે. આવી સ્થિતિમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દિશા-નિર્દેશ અનુસાર, કોવિડથી સતર્ક રહેવા માટે, 27 ડિસેમ્બરે દેશભરની કોવિડ સંબંધિત હોસ્પિટલોમાં મૉક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ સફદરજંગ હોસ્પિટલમાં કોવિડ પ્રતિસાદની મૉક ડ્રીલની સમીક્ષા કરી. તમામ રાજ્યોના સ્વાસ્થ્ય મંત્રીઓએ પણ પોતાના સ્તરે તેમાં ભાગ લીધો હતો. તૈયારીઓના ભાગરૂપે, 27 ડિસેમ્બરના રોજ, ભાવનગરમાં ઉત્પાદિત 32 'મેક ઈન ઈન્ડિયા' કન્ટેનર ભારતીય કન્ટેનર કોર્પોરેશન લિમિટેડને પહોંચાડવામાં આવ્યા હતા. આ સાથે કોવિડની વધતી અસરને ધ્યાનમાં રાખીને તમામ જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. નિષ્ણાત સમિતિએ નેઝલ રસી (નાક દ્વારા લેવાતી રસી)ને મંજૂરી આપી છે. આ રસી પણ ભારતના વૈજ્ઞાનિકોએ તૈયાર કરી છે. આ રસી સાવચેતીના ડોઝ તરીકે પણ કામ કરશે.

## આંતરરાષ્ટ્રીય હવાઈમથકો પર સતર્કતા રાખવામાં આવે છે

- 1 જાન્યુઆરી, 2023થી, ચીન, હોંગકોંગ, જાપાન, દક્ષિણ કોરિયા, સિંગાપોર અને થાઈલેન્ડથી આવતા મુસાફરો માટે RT-PCR ટેસ્ટ ફરજિયાત કરવામાં આવ્યો છે. તેમણે મુસાફરી પહેલાં પોતાનો રિપોર્ટ એર સુવિધા પોર્ટલ પર અપલોડ કરવાનો રહેશે.
- ટેકનિકલ સહાય ઉપરાંત, ભારત સરકારે રાષ્ટ્રીય આરોગ્ય મિશન, રાજ્ય આપત્તિ પ્રતિભાવ ફંડ, ઈમરજન્સી કોવિડ રિસ્પોન્સ પેકેજ અને પ્રધાનમંત્રી આયુષ્માન ભારત ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન વગેરેમાંથી રાજ્યોને નાણાકીય સહાય પૂરી પાડીને કોવિડ સામેની લડાઈના પ્રયાસોને સતત સહાયતા પૂરી પાડી છે.
- આંતરરાષ્ટ્રીય હવાઈમથકો પર વિદેશથી આવતા હવાઈ મુસાફરોના 2% કોવિડ RT-PCR રેન્ડમ સેમ્પલિંગ શરૂ કરવામાં આવ્યા છે.
- બહારથી આવતા લોકોનું ટેસ્ટિંગ અને ટ્રેકિંગ, આ તમામ વ્યવસ્થાપન પહેલાંથી જ શરૂ કરી દેવામાં આવ્યું છે. દેશમાં જીલ્લા કક્ષાએથી જીનોમ સિક્વન્સિંગ શરૂ કરવામાં આવ્યું છે.
- રાજ્યોને જીનોમ સિક્વન્સિંગમાં વધારીને તમામ પોઝિટીવ કેસોનું જીનોમ સિક્વન્સિંગ કરવાની સલાહ આપી છે.
- કોવિડ દરમિયાન, ભારતે 150થી વધુ દેશોમાં દવાઓનો પૂરવઠો પહોંચાડ્યો છે અને 100થી વધુ દેશોમાં રસી મોકલી છે.

### ડૉ. મનસુખ માંડવિયાએ રાજ્યોના આરોગ્ય મંત્રીઓ સાથે બેઠક યોજી

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ વૈશ્વિક સ્તરે કેસોની સંખ્યામાં તાજેતરમાં થઈ રહેલી વૃદ્ધિને ધ્યાનમાં રાખીને તેના વ્યવસ્થાપન અંગે આરોગ્યલક્ષી તૈયારીઓ અને કોવિડ-19 રસીકરણની પ્રગતિની સમીક્ષા કરવા માટે રાજ્યોના આરોગ્ય મંત્રીઓ સાથે 23 ડિસેમ્બરના રોજ એક બેઠક યોજી હતી. બેઠકમાં રાજ્યોને સતર્ક રહેવા અને કોવિડ-19 વ્યવસ્થાપન માટે સંપૂર્ણ તૈયારી રાખવાની સલાહ આપવામાં આવી હતી. સાથે જ, રાજ્યોને સર્વેલન્સ સિસ્ટમ વધુ મજબૂત કરવા, ટેસ્ટિંગની સંખ્યા વધારવા અને હોસ્પિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પૂર્વતૈયારીઓ સુનિશ્ચિત કરવાની પણ સલાહ આપવામાં આવી હતી. બેઠકમાં માંડવિયાએ જણાવ્યું હતું કે ટેસ્ટ, ટ્રેક, ટ્રીટ - રસીકરણ અને કોવિડ માટે યોગ્ય આચરણોનું પાલન એ કોવિડના વ્યવસ્થાપન માટે અજમાવેલી અને પરખાયેલી વ્યૂહરચના છે. તેમણે કહ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્યોએ અગાઉના કોવિડના ચરણમાં આપણે જેમ કામ કર્યું તેની જેમ જ ભાગીદારીની ભાવના સાથે કામ કરવાની જરૂર છે.

#### ડૉકટરો અને IMA ના પ્રતિનિધિઓ સાથે સંવાદ

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ 26 ડિસેમ્બરના રોજ દેશભરમાંથી લગભગ 100 ડૉકટરો અને ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA)ના સભ્યો સાથે સંવાદ કર્યો હતો. સંવાદ દરમિયાન, આરોગ્ય મંત્રી માંડવિયાએ જણાવ્યું હતું કે સતર્ક રહેવું, કોવિડ માટે યોગ્ય આચરણનું પાલન કરવું અને ચકાસણી કર્યા વગરની માહિતી ફેલાવવાનું ટાળવું એ મહત્વપૂર્ણ છે. ઉપરાંત, તેમણે ડૉકટરો અને IMA સભ્યોને ભય દૂર કરવા અને અવિશ્વસનીય માહિતીને રોકવા માટે સચોટ માહિતી આપીને કોવિડ-19 સામેની જંગમાં જોડાવા માટે વિનંતી કરી હતી. ●

# દેશ સેવામાં અટકીશું નહીં, રાષ્ટ્ર નિર્માણ માટે દરરોજ, દરેક પળ

**રાષ્ટ્ર નિર્માણ માટે દરરોજ અને દરેક ક્ષણનો ઉપયોગ કરવા માટે પ્રતિબદ્ધ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના માતા હીરાબેનના નિધન અને અંતિમ સંસ્કાર પછી તરત જ તેમના નિર્ધારિત કાર્યક્રમમાં હાજરી આપી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું માનવું છે કે દેશની સેવામાં આપણે અટકવું જોઈએ નહીં. આ જ સંકલ્પ સાથે, 30 ડિસેમ્બર 2022 ના રોજ રાષ્ટ્રીય ગંગા પરિષદની બીજી બેઠકની અધ્યક્ષતા કરી, પશ્ચિમ બંગાળમાં રૂ. 7,800 કરોડથી વધુ મૂલ્યના વિવિધ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો અને ઉદ્ઘાટન કર્યું. સાથે જ, તેમણે હાવડાથી ન્યૂ જલપાઈગુડીને જોડતી વંદે ભારત એક્સપ્રેસને પણ લીલી ઝંડી બતાવી અને કોલકાતા મેટ્રોની જોકા-તારાતલા પર્પલ લાઈનનું ઉદ્ઘાટન પણ કર્યું...**






ભારતના ઈતિહાસમાં 30 ડિસેમ્બરનું વિશેષ મહત્વ છે. આ દિવસે નેતાજી સુભાષ ચંદ્ર બોઝે આંદામાનમાં તિરંગો ફરકાવીને ભારતની આઝાદીનું રણશિંગું ફૂંક્યું હતું. બંગાળના દરેક કણમાં આઝાદીની ચળવળનો ઈતિહાસ સમાયેલો છે. જે ભૂમિ પરથી 'વંદે માતરમ'ના નારાનો ઉદ્ઘોષ થયો હતો તેને જ વંદે ભારત ટ્રેનની ભેટ આપવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ તારીખ પસંદ કરી હતી. હાવડાથી ન્યૂ જલપાઈગુડીને જોડતી વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી બતાવીને રવાના કર્યા પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "ભારતીય રેલ્વેએ છેલ્લા 8 વર્ષમાં આધુનિકતાના પાયા પર કામ કર્યું છે. હવે આવનારા 8 વર્ષમાં આપણે ભારતીય રેલ્વેને આધુનિકતાની નવી સફર શરૂ કરતા જોઈશું. દેશમાં સહકારી સંઘવાદને પ્રોત્સાહન આપવા માટે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 30 ડિસેમ્બર, 2022ના રોજ રાષ્ટ્રીય ગંગા પરિષદની બીજી બેઠકની અધ્યક્ષતા કરી હતી, જેને ગંગા અને તેની ઉપનદીઓમાં પ્રદૂષણ અટકાવવાની અને તેનો નિર્મળ પ્રવાહ જાળવી રાખવાની જવાબદારી સોંપવામાં આવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "નમામિ ગંગે મિશન હેઠળ પશ્ચિમ બંગાળમાં 25થી વધુ સ્યૂઅરેજ યોજનાઓને મંજૂરી આપવામાં આવી છે. તેમાંથી 11 પ્રોજેક્ટનું કામ પૂરું થઈ ગયું છે અને 7 પ્રોજેક્ટ આજે પૂરા કરવામાં આવી રહ્યા છે. આજે 1500 કરોડ રૂપિયાના ખર્ચ સાથે 5 નવા પ્રોજેક્ટ્સ પર કામ પણ શરૂ થઈ રહ્યું છે. આમાં સૌથી મહત્વપૂર્ણ પ્રોજેક્ટમાં આદિ ગંગા નદીનો પુનરોદ્ધાર છે. અત્યારે દુર્ભાગ્યવશ, આદિ ગંગા નદીની સ્થિતિ ખૂબ જ ખરાબ છે. આમાં કચરો અને ગટરનું ગંદુ પાણી ઠાલવવામાં આવે છે, જેની સફાઈ માટે 600 કરોડથી વધુની કિંમતનું આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવી રહ્યું છે.

# સાત સ્યૂઅરેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટનું ઉદ્ઘાટન

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશન અંતર્ગત વિકસિત 7 સ્યૂઅરેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું. તેનો કુલ ખર્ચ 990 કરોડ રૂપિયાથી વધુ છે. આનાથી પશ્ચિમ બંગાળમાં સ્યૂઅરેજ ટ્રીટમેન્ટની ક્ષમતા 200 MLD વધી ગઈ છે.
- રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશન હેઠળ તૈયાર કરવામાં આવનાર 5 સ્યૂઅરેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટનો તેમણે શિલાન્યાસ પણ કર્યો હતો. તેનો કુલ અંદાજિત ખર્ચ 1585 કરોડ રૂપિયા છે. નવા પ્રોજેક્ટ્સ પશ્ચિમ બંગાળમાં નવી સ્યૂઅરેજ ટ્રીટમેન્ટ ક્ષમતામાં 190 MLD ઉમેરો કરશે.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી બતાવી

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હાવડાથી ન્યૂ જલપાઈગુડીને જોડતી વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી બતાવી હતી. આ ટ્રેન માલદા ટાઉન, બરસોઈ અને કિશનગંજ સ્ટેશનો પર બંને દિશામાં આવતી અને જતી વખતે રોકાશે.
- પ્રધાનમંત્રી મોદીએ જોકા-એસ્પ્લેનેડ મેટ્રો પ્રોજેક્ટ (પર્પલ લાઈન)ની જોકા-તારાતલા લાઈનનું ઉદ્ઘાટન કર્યું હતું. તેનો બાંધકામ ખર્ચ રૂ. 2,475 કરોડથી વધુ છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચાર રેલ્વે પ્રોજેક્ટ રાષ્ટ્રનું લોકાર્પણ કરવાની સાથે, રૂ. 335 કરોડથી વધુના ખર્ચે ન્યૂ જલપાઈગુડી રેલ્વે સ્ટેશન પુનઃવિકાસ પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કર્યો હતો.



## 8 વર્ષમાં 2 ડઝનથી વધુ શહેરો સુધી મેટ્રોનું વિસ્તરણ થયું

- 2014 પહેલા દેશમાં મેટ્રોનું કુલ નેટવર્ક 250 કિમીથી ઓછું હતું. છેલ્લાં 8 વર્ષમાં મેટ્રોને 2 ડઝનથી વધુ શહેરોમાં વિસ્તારવામાં આવી છે. આજે દેશના વિવિધ શહેરોમાં લગભગ 800 કિલોમીટરના ટ્રેક પર મેટ્રો દોડી રહી છે. 1000 કિલોમીટરના નવા મેટ્રો રૂટ પર ઝડપી ગતિએ કામ ચાલી રહ્યું છે.
- આઝાદી પછીના સાત દાયકામાં 20 હજાર રૂટ કિલોમીટરની રેલ્વે લાઈનોનું વિદ્યુતિકરણ કરવામાં આવ્યું હતું. જ્યારે, વર્ષ 2014 પછી છેલ્લા 8 વર્ષોમાં, 32 હજાર રૂટ કિલોમીટરથી વધુ રેલ્વે લાઈનોનું વિદ્યુતિકરણ કરવામાં આવ્યું છે.
- ભારત તેની જળશક્તિ વધારી રહ્યું છે. દેશમાં 100થી વધુ જળમાર્ગો વિકસાવવામાં આવી રહ્યા છે.
- 13 જાન્યુઆરી 2023ના રોજ, વારાણસીથી એક ક્રૂઝ રવાના થઈ રહ્યું છે, જે 3200 કિલોમીટર લાંબા જળમાર્ગ પર બાંગ્લાદેશ થઈને ડિબ્રુગઢ સુધી પહોંચશે.

**ગૌરવપૂર્ણ શતાયુનો પ્રભૂના ચરણોમાં વિરામ... માતામાં મને હંમેશા એ ત્રિમૂર્તિની અનુભૂતિ થઈ છે, જેમાં એક તપસ્વીની યાત્રા, એક નિષ્કામ કર્મયોગીનું પ્રતીક અને મૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધ જીવનનો સમાવેશ થાય છે. જ્યારે હું તેમના 100માં જન્મદિવસ પર તેમને મળ્યો હતો, ત્યારે તેમણે એક વાત કહી હતી, જે હંમેશા યાદ રહે છે. તેમણે કહ્યું હતું કે, કામ કરો બુદ્ધિથી અને જીવન જીવો શુદ્ધિથી.**

– નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી (માતા હીરાબેનના નિધન પર શ્રદ્ધાંજલી)



# સ્વતંત્રતાના સંગ્રામમાં પ્રેરણા, વિચાર અને સંકલ્પોથી નવી ઊર્જાનો સંચાર

**આઝાદીના અમૃતકાળમાં નવી પેઢીને એવી વિભૂતિઓથી પરિચિત કરવાની જરૂર છે, જેમણે પોતાના આદર્શ આચરણ અને પ્રેરણાથી આઝાદીની મશાલ રાખનારાઓનો સંકલ્પ વધુ દૃઢ કર્યો. આ નાયકોમાં વીર સુરેન્દ્ર સાય પણ સામેલ હતા, જેમણે માતૃભૂમિ માટે લગભગ 4 દાયકા (36 વર્ષ) જેલમાં વિતાવ્યા હતા, જ્યારે ઠાકુર રોશનસિંહે રાષ્ટ્ર માટે સહેજ પણ અચકાયા વગર ફાંસીના માચડાને ચુંબન કર્યું હતું. આ વખતે વીર સુરેન્દ્ર સાય, ઠાકુર રોશનસિંહની સાથે સાથે સત્યવતી દેવી અને તેજ બહાદુર સપ્રૂના મહત્વપૂર્ણ યોગદાનની ગાથા વાંચો. આઝાદીના અમૃત મહોત્સવની શ્રેણીની સાથે પ્રજાસત્તાક દિવસ પણ છે. પ્રજાસત્તાક દિવસ 2023માં કર્તવ્ય પથ પર 'નારી શક્તિ' થીમ પર વંદેભારતમ્ નૃત્ય ઉત્સવમાં પસંદગીના 500 કલાકારો ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરશે...**

# વીર સુરેન્દ્ર સાય



## માતૃભૂમિ માટે અડધી ઉંમર જેલમાં વિતાવી

જન્મઃ 23 જાન્યુઆરી 1809, અવસાનઃ 28 ફેબ્રુઆરી 1884


ઓડિશાના સંબલપુરમાં 23 જાન્યુઆરી 1809ના રોજ જન્મેલા વીર સુરેન્દ્ર સાય માત્ર 17 વર્ષની વયે સ્વતંત્રતાના સંગ્રામમાં જોડાયા હતા. એવું કહેવાય છે કે વીર સુરેન્દ્ર સાયે પોતાના 75 વર્ષના જીવનમાંથી લગભગ અડધું જીવન એટલ કે 36 વર્ષ તો જેલમાં જ વિતાવ્યા હતા. 1826માં જ્યારે ખરિયાર રાજ્ય અંગ્રેજોને સોંપવામાં આવ્યું ત્યારે સંબલપુર વિસ્તારના વીર સુરેન્દ્ર સાય અંગ્રેજોને માતૃભૂમિમાંથી તગેડી મૂકવાની લડાઈ લડ્યા હતા. અંગ્રેજોએ ચેતવણી આપવા છતાં, સ્થાનિક લોકોએ અંગ્રેજો સામેની લડાઈમાં સુરેન્દ્ર સાયને સાથ આપ્યો હતો. અંગ્રેજોએ તેમને વર્ષ 1840માં પકડ્યા અને 1857 સુધી 17 વર્ષ તેમણે જેલમાં વિતાવ્યા. 1857માં સૈન્યના વિદ્રોહ દરમિયાન જ્યારે તેઓ જેલમાંથી બહાર આવ્યા ત્યારે તેમણે લડાયક સેના તૈયાર કરી અને માતૃભૂમિની આઝાદી માટે ફરીથી યુદ્ધમાં ઝંપલાવ્યું. તેમણે 1862 સુધી અંગ્રેજો સામે ગેરીલા યુદ્ધ ચાલુ રાખ્યું અને આ સમયગાળા દરમિયાન એક વખત પણ અંગ્રેજોના હાથમાં આવી નહોતા. છેવટે, 1864માં, એક જાસૂસે સાયને પકડાવી દીધા હતા. ત્યારપછી તેઓ લગભગ 19 વર્ષ સુધી જેલમાં રહ્યા હતા. આ સમયગાળા દરમિયાન, અંગ્રેજોએ માત્ર સુરેન્દ્ર સાયને જ ત્રાસ આપ્યો એવું નહોતું, પરંતુ તેમના પરિવારના સભ્યો અને સહયોગીઓને આંદામાન અને નિકોબાર જેલમાં નાંખીને સજા પણ કરી હતી અને તેમને ફાંસી પણ આપી હતી.

તેઓ જેલમાં હતા તે દરમિયાન તેમની આંખોની રોશની ગુમાવી દીધી હતી. જો કે, એવું પણ કહેવામાં આવે છે કે અંગ્રેજોએ તેની આંખો ફોડી નાંખી હતી. 28 ફેબ્રુઆરી, 1884ના રોજ વીર સુરેન્દ્ર સાયે 75 વર્ષની વયે આસીરગઢ જેલમાં છેલ્લા શ્વાસ લીધા હતા. સ્વતંત્રતાના સંગ્રામ અને આદિવાસીઓના અધિકારો માટેની તેમની લડત હંમેશા લોકોને પ્રેરણા આપતી રહેશે. વર્ષ 1986માં, ભારત સરકારે ઓડિશાના આ પ્રખ્યાત સ્વતંત્રતા સેનાનીના નામ પર પોસ્ટલ ટિકિટ બહાર પાડી હતી. 22 સપ્ટેમ્બર 2018ના રોજ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઝારસુગુડા હવાઈમથકનું ઉદ્ઘાટન કર્યું જેનું નામ 'વીર સુરેન્દ્ર સાય હવાઈમથક, ઝારસુગુડા' રાખવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "વીર સુરેન્દ્ર સાયનું નામ સાંભળીને, આ હવાઈમથક પર આવનારા મુસાફરો ઓડિશાની બહાદુરી, ઓડિશા માટે ત્યાગ, ઓડિશા માટે સમર્પણની ગાથા તરફ આપોઆપ આકર્ષિત થઈ જશે."

**1826માં જ્યારે ખરિયાર રાજ્ય અંગ્રેજોને સોંપવામાં આવ્યું ત્યારે સંબલપુર વિસ્તારના વીર સુરેન્દ્ર સાય અંગ્રેજોને માતૃભૂમિમાંથી તગેડી મૂકવાની લડાઈ લડ્યા હતા. અંગ્રેજોએ ચેતવણી આપવા છતાં, સ્થાનિક લોકોએ અંગ્રેજો સામેની લડાઈમાં સુરેન્દ્ર સાયને સાથ આપ્યો હતો.**

## મેડિકલ શિક્ષણની સુવિધા ભારતના દરેક ભાગમાં પહોંચી રહી છે

સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મન રહી શકે છે. તેથી જ ભારત સરકાર આરોગ્યલક્ષી માળખાકીય સુવિધાઓ અને શરીરને સ્વસ્થ રાખનારા ડૉક્ટરને ભવિષ્ય માટે મહત્વપૂર્ણ માને છે. યુવાનોને ડૉક્ટર બનવા માટે બેઠકોની મર્યાદા અવરોધ ન બની શકે, તેથી ભારત સરકાર માત્ર માતૃભાષામાં ઉચ્ચ શિક્ષણને પ્રોત્સાહન આપવાની સાથે સાથે, મેડિકલના સ્નાતક અને અનુસ્નાતક સ્તરે બેઠકોમાં પણ સતત વધારો કરી રહી છે. છેલ્લાં 8 વર્ષમાં MBBSની બેઠકોમાં 87% અને PG બેઠકોમાં 105%નો જંગી વધારો થયો છે. 2014થી, સરકારી મેડિકલ કોલેજોની સંખ્યામાં 96% અને ખાનગી ક્ષેત્રમાં 42%નો વધારો થયો છે. નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET)ની શરૂઆત 'એક દેશ, એક પરીક્ષા, એક યોગ્યતા'ની વિચારધારા સાથે કરવામાં આવી છે...




- 1951થી મેડિકલ કોલેજોની સંખ્યામાં 21 ગણાથી વધારે વૃદ્ધિ; છેલ્લા દાયકામાં લગભગ બમણી વૃદ્ધિ.
- તૃતીય સ્તરની સ્વાસ્થ્ય સંભાળ સુવિધાઓ અને મેડિકલ શિક્ષણની સારી ઉપલબ્ધતા માટે પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના.
- નવી મેડિકલ કોલેજોને કેન્દ્રીય નાણાકીય સહાય પૂરી પાડવા માટે 2014માં કેન્દ્ર દ્વારા પ્રાયોજિત યોજના શરૂ કરવામાં આવી.
- નવી મેડિકલ કોલેજોની સ્થાપના કરવા માટે કેન્દ્ર દ્વારા પ્રાયોજિત યોજના હાલની જિલ્લા/રેફરલ હોસ્પિટલો સાથે સંલગ્ન.

# ઠાકુર રોશનસિંહ



## શહાદતને અફસોસ નહીં, પણ ખુશી માનતા હતા

**જન્મઃ** 22 **જાન્યુઆરી** 1892, **અવસાનઃ** 19 **ડિસેમ્બર** 1927

'તમે મારા માટે નારાજ ન થતા, મારું મૃત્યુ અફસોસને પાત્ર નહીં, પરંતુ ખુશીને પાત્ર હશે.' આ શબ્દો એક પ્રખર ક્રાંતિકારી ઠાકુર રોશનસિંહે પોતાને ફાંસી આપવામાં આવી તે પહેલાં તેમના મિત્રને લખેલા પત્રમાં ટાંક્યા હતા. 22 જાન્યુઆરી 1892ના રોજ ઉત્તરપ્રદેશના શાહજહાંપુરના નવાડા ગામમાં કૌશલ્યા દેવી અને જંગીસિંહના ઘરે જન્મેલા ઠાકુર રોશનસિંહ એક પ્રખર રાષ્ટ્રવાદી હતા જેઓ ભારતને બ્રિટિશ સામ્રાજ્યની ચુંગાલમાંથી મુક્ત કરવા માંગતા હતા. એક સારા કુસ્તીબાજ અને શૂટર તરીકે જાણીતા ઠાકુર રોશનસિંહના માતા-પિતા વિશે એવું કહેવામાં આવે છે કે તેઓએ તેમના પુત્રનો ઉછેર એવી રીતે કર્યો હતો કે જેથી તે સ્વતંત્રતાના સંગ્રામમાં મજબૂત ભૂમિકા નિભાવી શકે. અસહકાર ચળવળ (1920-21) દરમિયાન, બ્રિટિશ અધિકારીઓ દ્વારા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સ્વૈચ્છિક જૂથોની રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂક્યો તેના વિરોધમાં ઠાકુર રોશનસિંહની આગેવાની હેઠળના સ્વયંસેવકોએ બરેલી વિસ્તારમાં વિરોધ કૂચ કાઢી હતી. તેમને રોકવા માટે પોલીસે ગોળીબાર કર્યો હતો અને રોશનસિંહ સહિત અન્ય પ્રદર્શનકારીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ કૂચ યોજવા બદલ તેમને બરેલી મધ્યસ્થ જેલમાં બે વર્ષની સજા થઈ હતી. ઠાકુર રોશનસિંહે આ સમયગાળા દરમિયાન બરેલીમાં જેલર દ્વારા તેમની સાથે કરાયેલા ક્રૂર વર્તનનો બદલો લેવાની પ્રતિજ્ઞા લીધી હતી. જેલમાંથી છૂટ્યા પછી તેઓ પંડિત રામપ્રસાદ બિસ્મિલને મળ્યા હતા. તેમણે રોશનસિંહને નવા જોડાનારા સભ્યોને નિશાનેબાજી શીખવવાની જવાબદારી સોંપી હતી. ઠાકુર રોશનસિંહ 1924માં હિન્દુસ્તાન સોશ્યલિસ્ટ રિપબ્લિકન એસોસિએશન સાથે જોડાયા હતા, જેના સભ્યોમાં રામપ્રસાદ બિસ્મિલ, અશફાક ઉલ્લાહ ખાન, રાજેન્દ્રનાથ લાહિરી અને અન્ય ઘણા ક્રાંતિકારીઓનો સમાવેશ થાય છે. ઠાકુર રોશનસિંહની નીડરતા અને સાચી હિંમતથી બ્રિટિશ સરકારનું ધ્યાન તેમના તરફ પડ્યું હતું. તેથી, કાકોરી રેલ કાંડમાં તેઓ સામેલ ન હોવા છતાં, અધિકારીઓએ તેને પકડી લીધા હતા અને તેમના પર કેસ ચલાવવામાં આવ્યો હતો, જેમાં તેમને રામપ્રસાદ બિસ્મિલ, અશફાક ઉલ્લાહ ખાન અને રાજેન્દ્રનાથ લાહિરી સાથે મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી. મૃત્યુદંડની આ સજા સામે આખા દેશમાં વિરોધ થયો હતો પરંતુ અંગ્રેજો પર તેની કોઈ અસર નહોતી થઈ. બ્રિટિશ અધિકારીઓ આ નીડર ક્રાંતિકારીઓથી સાવચેત હતા અને તેમાંથી કોઈ ભાગી ન જાય તેની ખાતરી કરવા માટે, તેમણે રામપ્રસાદ બિસ્મિલ, અશફાક ઉલ્લાહ ખાન, ઠાકુર રોશનસિંહ અને રાજેન્દ્રનાથ લાહિરીને 19 ડિસેમ્બર 1927ના રોજ ગોરખપુર, અલ્હાબાદ (પ્રયાગરાજ) અને ગોંડા જેલોમાં અલગ અલગ ફાંસી આપવાનું નક્કી કર્યું હતું. ઠાકુર રોશનસિંહને 19 ડિસેમ્બર 1927ના રોજ ફાંસી આપવામાં આવી હતી.

# સત્યવતી દેવી

## જેમને મહાત્મા ગાંધી 'તુફાની બહેન' કહેતા હતા

**જન્મઃ** 26 **જાન્યુઆરી** 1906, **અવસાનઃ** 21 **ઓક્ટોબર** 1945

ભારતની સ્વતંત્રતાના સંગ્રામમાં પોતાના સાહસ, સંગઠનના સામર્થ્ય અને અથાક મહેનતથી અંગ્રેજ શાસનને સતત પડકારો આપનારા સત્યવતી દેવીનો જન્મ 26 જાન્યુઆરી 1906ના રોજ પંજાબના જલંધરમાં થયો હતો. તેઓ આર્ય સમાજ સાથે સંકળાયેલા સ્વામી શ્રદ્ધાનંદની પૌત્રી અને ધની રામ અને વેદકુમારીના પુત્રી હતા. ઘરમાં દેશભક્તિના માહોલની અસર સત્યવતીના જીવન પર પડી હતી. આ દરમિયાન, તેઓ મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરુ, જય પ્રકાશ નારાયણ અને સરોજિની નાયડુ જેવા સ્વાતંત્ર્ય સંગ્રામના નેતાઓના સંપર્કમાં આવ્યા હતા.

સત્યવતી દેવીના લગ્ન દિલ્હીની કાપડ મિલના અધિકારી લાલા અચિંત રામ સાથે થયા હતા, જેમને પંજાબના ગાંધી તરીકે પણ ઓળખવામાં આવે છે. સત્યવતી દેવી લગ્ન પછી દિલ્હી આવીને 1930માં 23 વર્ષની ઉંમરે સ્વતંત્રતા સંગ્રામમાં જોડાઈ ગયા હતા. તેઓ રાષ્ટ્રીય સ્વતંત્રતાની ચળવળમાં એટલા ઝડપથી સક્રિય થઈ ગયા હતા કે મહાત્મા ગાંધી તેને પ્રેમથી 'તુફાની બહેન' અને 'બહેન સત્યવતી' કહીને બોલાવતા હતા. ત્યાં સુધી કે, અરુણા અસફ અલી પણ માનતા હતા કે તેમણે સત્યવતી દેવીની પ્રેરણાથી રાષ્ટ્રીય ચળવળમાં પ્રવેશ કર્યો હતો. સત્યવતી દેવીએ દિલ્હીમાં આંદોલનને મજબૂત રીતે આગળ ધપાવ્યું હતું. તેમને દિલ્હીની પ્રથમ મહિલા સત્યાગ્રહી તરીકે પણ ઓળખવામાં આવે છે. સત્યવતી દેવીએ 'સવિનય કાનૂનભંગ ચળવળ' માટે મોટી સંખ્યામાં મહિલાઓને ઘરની બહાર લાવવામાં અને તેમને સંગઠિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ઓજસ્વી વક્તા સત્યવતી દેવી રાત-દિવસ મહિલાઓને પ્રેરણા આપતા હતા, જેની અસર એવી પડી કે, મહિલાઓ મોટી સંખ્યામાં આંદોલનમાં જોડાવા લાગી, વિદેશી કપડાંનો બહિષ્કાર કર્યો. એવું કહેવાય છે કે, સ્વતંત્રતાના આ આંદોલન ઘણી વખત તેમની ધરપકડ કરવામાં આવી હતી. ગ્રામોદ્યોગના પુનરુત્કર્ષ માટે તેમણે પ્રયત્નો કર્યા હતા. 39 વર્ષની યુવાન વયે તેમનું અવસાન થયું ત્યાં સુધી તેમણે ગરીબી, અજ્ઞાનતા અને સાંપ્રદાયિકતાને દૂર કરવા માટે અથાક મહેનત કરી હતી. દિલ્હી યુનિવર્સિટીની એક કોલેજનું નામ આ મહાન સ્વાતંત્ર્ય સેનાનીના નામ પર રાખવામાં આવ્યું છે. નાદુરસ્ત સ્વાસ્થ્યના કારણે 21 ઓક્ટોબર 1945ના રોજ તેમનું અવસાન થયું હતું.

# તેજ બહાદુર સપ્રૂ



## 1931માં ગાંધી-ઈરવીન સમજૂતીમાં મદદ કરી

**જન્મઃ** 8 **ડિસેમ્બર** 1875, **અવસાનઃ** 20 **જાન્યુઆરી** 1949

દેશના મહાન ઉદારવાદી નેતાઓમાંના એક તેજ બહાદુર સપ્રૂનો જન્મ 8 ડિસેમ્બર 1875ના રોજ અલીગઢમાં થયો હતો. સપ્રૂ વ્યવસાયે વકીલ હતા જેમણે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અગ્રેસર ભૂમિકા નિભાવી હતી. તેમણે આગ્રા કોલેજમાંથી કાયદાની ડિગ્રી મેળવી હતી. તેમણે એની બેસન્ટના હોમરૂલ લીગ આંદોલનમાં પણ ભાગ લીધો હતો. તેમણે ભારતનું બંધારણ ઘડવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેજ બહાદુર સપ્રૂએ 1931માં ગાંધી-ઈરવીન સમજૂતીમાં મદદ કરી હતી, ત્યાર બાદ જ કોંગ્રેસ બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લઈ શકી હતી.

સપ્ટેમ્બર 1932માં, મહાત્મા ગાંધીએ વંચિત વર્ગો માટે અલગ મતદાર પ્રણાલીની જોગવાઈ કરનારા કોમ્યુનલ એવોર્ડના વિરોધમાં ઉપવાસ શરૂ કર્યા હતા. આ પછી, સપ્રૂએ કોમ્યુનલ એવોર્ડના સુધારા માટે પૂના કરારમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. સમજૂતી બાદ મહાત્મા ગાંધીએ ઉપવાસ સમાપ્ત કર્યા હતા. ગાંધી-જિન્ના વાટાઘાટો નિષ્ફળ રહ્યા પછી, સપ્રૂને ન્યાયિક મર્યાદામાં સાંપ્રદાયિક મુદ્દાની તપાસ કરવા માટે નવેમ્બર 1944માં રચવામાં આવેલી સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. સપ્રૂએ અધ્યક્ષ તરીકે, તમામ સાંપ્રદાયિક સમૂહોના 29 સભ્યોની બનેલી એક સમિતિની રચના કરી અને રાજકીય મડાગાંઠને ઉકેલવાના પ્રયાસરૂપે વાઈસરોય લોર્ડ વેવેલને દરખાસ્તો સોંપી હતી. સમિતિના અહેવાલમાં દરખાસ્તોનું વિગતવાર ઐતિહાસિક વિશ્લેષણ કરવામાં આવ્યું હતું અને બંધારણીય ભલામણોના તર્ક પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. વિભાજનના મહત્વના પ્રશ્ન પર સપ્રૂ સમિતિએ પાકિસ્તાનની રચના મોકૂફ રાખવાની વિનંતી કરી હતી. હિંદુ-મુસ્લિમ એકતાના મોટા સમર્થક તેજ બહાદુર સપ્રૂએ આ વિભાજનને રોકવા માટે પોતાના તરફથી શક્ય એટલા પ્રયાસો કર્યા હતા. સપ્રૂ 1945માં આઝાદ હિંદ ફોજના અધિકારીઓ પર રાજદ્રોહના કેસની સુનાવણી દરમિયાન બચાવ સમિતિના સભ્ય પણ હતા. આઝાદ હિંદ ફોજના સૈનિકોનો કેસ લડવામાં તેમની ભૂમિકા મહત્વની હતી. સપ્રૂ 'ધ લીડર' સમાચારપત્ર સાથે પણ સંકળાયેલા હતા. 'ધ લીડર' સમાચારપત્રની શરૂઆત મહામના મદન મોહન માલવિયા દ્વારા કરવામાં આવી હતી જે એક અંગ્રેજી સમાચારપત્ર હતું. 20 જાન્યુઆરી, 1949ના રોજ તેજ બહાદુર સપ્રૂનું અવસાન થયું હતું. દેશભક્તિથી પ્રેરિત, તેજ બહાદુર સપ્રૂએ પોતાની યુવાની દેશની આઝાદી માટે ખપાવી દીધી હતી, તેમને 1 જુલાઈ, 2017 ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યાદ કર્યા હતા અને કહ્યું હતું કે, એવા ઘણા નામો છે જેમણે દેશ માટે પોતાનું જીવન સોંપી દીધું હતું. ●



**PMO India** @PMOIndia

India government organization

आज पूरी दुनिया भारत को बहुत भरोसे से देख रही है।

इस भरोसे को बनाए रखने के लिए हर भारतीय को पूरी शक्ति लगा देनी है।

Translate Tweet



**Rajnath Singh** @rajnathsingh

India has always remained against war as we believe in 'Vasudhaiv Kutumbkam. If forced. We do not believe in war, but if it is forced upon us, we will fight. We are ensuring that the Nation is protected from all threats.



**Amit Shah** @AmitShah

CAPF के जवानों को तकनीकी से लेस करना हो या उनके परिवार की चिंता करना हो, उनके निवास हों या बैरक हों इसे बेहतर बनाने के लिए मोदी सरकार ने अनेक कदम उठाये हैं।

आज इसी दिशा में बेंगलुरु में ITBP के आवासीय व गैर आवासीय भवनों का उद्घाटन किया।



**Nitin Gadkari** @nitin_gadkari

Under the leadership of PM Shri @narendramodi Ji, we are enabling rapid growth in school infrastructure. Rising of a new era in education, now India's 90% above schools have basic facilities like electricity, drinking water, and girls' toilets.



**Dr Jitendra Singh** @DrJitendraSingh

"The new Incubation Centre set up by National Research Development Corporation is a step forward to provide a wholesome facility offering one-stop solution to all the needs of India's rapidly growing #StartUp ecosystem". #NRDC



**Anurag Thakur** @ianuragthakur

Grief-stricken, but country first !! An only too well-known characteristic of our Hon'ble Prime Minister @narendramodi continues to participate in pre-scheduled events, just hours after performing the last rites of his mother. A true Karmayogi veritably.

## नहीं रहीं हीरा मां

**प्रधानमंत्री मोदी ने भाइयों के संग गांधीनगर में दी अंतिम विदाई**



प्रधानमंत्री ने बंगाल में कई परियोजनाएं शुरू कीं

## रेलवे में आधुनिकीकरण पर जोर, अभूतपूर्व निवेश : मोदी



## जी-20 से जुड़ी विकास की योजनाओं पर पीएमओ की नजर

## रक्षा व सैन्य सहयोग समझौते पर भारत-साइप्रस ने किए हस्ताक्षर



गृह मंत्री शाह ने जम्मू कश्मीर की सुरक्षा स्थिति की समीक्षा की, कहा

## आतंकवाद के तंत्र को खत्म करना जरूरी



महामारी से बचाव की तैयारियों को परखा

## कोरोना से निपटने के लिए मॉक ड्रिल

**चिकित्सकों की उपलब्धता जांची**

## राष्ट्र की पहचान सिद्धांतों और मूल्यों से ये बदले तो बदल जाता है भविष्य : मोदी

**पहले वीर बाल दिवस पर युवाओं से चार साहिबजादों की कुर्बानी याद रखने का आह्वान**



**धार्मिक कट्टरता में अंधी औरंगजेब की मुगल फौज के सामने निडर साहिबजादे**

गुरु गोविंद सिंह के पुत्रों की शहादत का दिन 26 दिसंबर अब वीर बाल दिवस होगा

स्वाधीनता संग्राम के इतिहास को करना है पुनर्जीवित

सिख गुरु परंपरा 'एक भारत श्रेष्ठ भारत' की प्रेरणा

RNI No. :
DELGUJ/2020/78810
16-31 JANUARY 2023

ન્યૂ ઈન્ડિયા
સમાચાર
પાક્ષિક

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 13-17 advance Fortnightly (Publishing January, 6, 2023, Pages -48)

# રાષ્ટ્રીય પર્યટન દિવસ

## 25 જાન્યુઆરી

## અતુલ્ય ભારત! વિઝિટ ઈન્ડિયા વર્ષ 2023

પ્રવાસન કોઈપણ દેશનો સોફ્ટ પાવર વધારે છે અને જ્યારે કોઈ દેશનો સોફ્ટ પાવર વધે છે ત્યારે દુનિયા તેના વિશે વધુ જાણવા માંગે છે. આ જ કારણથી, G-20ની અધ્યક્ષતા દરમિયાન વિદેશી પ્રવાસીઓને પ્રોત્સાહિત કરવા માટે, ભારત સરકારે 'અતુલ્ય ભારત! વિઝિટ ઈન્ડિયા વર્ષ 2023'ની જાહેરાત કરી છે. 25 જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય પર્યટન દિવસ છે, તો ચાલો, 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવનાથી વિદેશી પ્રવાસીઓનું સ્વાગત કરીએ...



- વિદેશી પ્રવાસીઓને મુસાફરી સંબંધિત માહિતી અને સેવા માટે અંગ્રેજી-હિન્દી અને 10 આંતરરાષ્ટ્રીય ભાષાઓમાં 24X7 ટોલ ફ્રી નંબર 1800111363 ની સ્થાપના કરવામાં આવી છે.
- 156 દેશોના નાગરિકો માટે પ્રવાસન સહિત 5 શ્રેણીઓમાં ઈ-વિઝાની સુવિધા.
- એડવેન્ચર પર્યટનને પ્રોત્સાહન આપવા માટે એક નવી પર્વત શ્રૃંખલા ખોલવામાં આવી છે.
- ઉડાન યોજના હેઠળ, એરલાઈન્સને 59 પર્યટન રૂટ સોંપવામાં આવ્યા છે.

**પર્યટકોના સંપર્કમાં આવતા અતુલ્ય ભારત પર્યટક ગાઈડ, સ્મારક કર્મચારીઓ, ઓટો-ટેક્સી ચાલકો માટે તાલીમ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો.**

21મી સદીનું ભારત નવું ભારત છે. આજે જ્યારે ભારત વૈશ્વિક ફલક પર પોતાની નવી છબી બનાવી રહ્યું છે ત્યારે વિશ્વનો દૃષ્ટિકોણ પણ ઝડપથી બદલાઈ રહ્યો છે. આજે, દુનિયા ભારતને જાણવા અને સમજવા માંગે છે. ડિજિટલ પ્લેટફોર્મ પર વિદેશીઓ ભારતની ગાથા દુનિયાને બતાવી રહ્યા છે.

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી



Gujarati

**Editor in Chief**
**Satyendra Prakash**,
Principal Director General,
Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Manish Desai**, Director General,
on behalf of **Central Bureau Of Communication**

**Published from:**
Room No–278, Central Bureau Of Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003

**Printed at**
Infinity Advertising services Pvt.Ltd.
FBD-One Corporate Park, 10th floor,
New Delhi-Faridabad border,
NH-1,Faridabad-121003